સુવિચાર

જે કણની કિંમત જાણે છે તે ધનવાન છે. અને જે ક્ષણની કિંમત જાણે છે તે વિદ્વાન છે

# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)




samaymirror@gmail.com


RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-186 ■ DATE : 17-5-2025 ■ SATURDAY ■ Page-10 ■ વૈશાખ વદ ૫, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001

# એશિયામાં કાળમુખો કોરોના રિર્ટન્સ

## હોંગકોંગ-સિંગાપોરમાં કોવિડના કેસમાં ધરખમ વધારો : ચીન-થાઈલેન્ડ એલર્ટ પર

## સિંગાપુરમાં મેના પહેલા સપ્તાહમાં કેસની સંખ્યા 14,200 પર પહોંચી

**સમય મિરર । નવી દિલ્હી**

હોંગકોંગ અને સિંગાપોરમાં કોવિડ-૧૯ના કેસ ફરી વધવા લાગ્યા છે. ૩ મે સુધીમાં, હોંગકોંગમાં કોવિડના ૩૧ કેસ નોંધાયા છે. આમાં ઘણા મૃત્યુ પણ શામેલ છે. આરોગ્ય અધિકારીઓએ ચેતવણી આપી છે કે રોગચાળો ફરી એકવાર ગંભીર સ્વરૂપ લઈ શકે છે અને તેની અસર બાકીના એશિયામાં પણ અનુભવાઈ શકે છે. સિંગાપોરમાં પણ કોવિડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રાલયે આ વર્ષે કોરોના ચેપ અંગે પોતાનું પહેલું અપડેટ જાહેર કર્યું છે.

સિંગાપોરમાં એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં કોરોના કેસની સંખ્યા ૧૧,૧૧૦ હતી, જે મેના પહેલા અઠવાડિયામાં વધીને ૧૪,૨૦૦ થઈ ગઈ. આમાં ૨૮%નો વધારો થયો છે. અહીં કેસોમાં ૨૮%નો વધારો થયો છે. આ વર્ષે અત્યાર સુધીમાં કોરોનાના ૧૪૨૦૦ કેસ નોંધાયા છે. તે જ સમયે, દૈનિક ધોરણે હોસ્પિટલોમાં દાખલ થતા દર્દીઓની સંખ્યામાં ૩૦%નો વધારો થયો છે. ચીન અને થાઈલેન્ડની સરકારો પણ કોવિડ અંગે સતર્ક છે. ચીનમાં, રોગની તપાસ માટે જતા દર્દીઓમાં કોવિડ વાયરસના કેસ બમણા થઈ ગયા છે. લોકોને બૂસ્ટર શોટ લેવાની સલાહ આપવામાં આવી છે. ચાઈનીઝ સેન્ટર ફોર ડિસીઝ એન્ડ પ્રિવેન્શનના ડેટા અનુસાર, કોવિડ લહેર ટૂંક સમયમાં તીવ્ર બની શકે છે. તે જ સમયે, થાઈલેન્ડમાં બે અલગ અલગ વિસ્તારોમાં કોવિડના કેસોમાં ઝડપથી વધારો થયો છે. થાઈલેન્ડમાં ક્લસ્ટર ફાટી નીકળવાના આવા બે કેસ નોંધાયા છે.

હોંગકોંગમાં વાયરસનો પ્રકોપ ઘણો વધ્યો છે, શહેરના સેન્ટર ફોર હેલ્થ પ્રોટેક્શન ખાતે ચેપી રોગ શાખાના પ્રમુખ આલ્બર્ટ ઔએ આ અઠવાડિયે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની ટકાવારી એક વર્ષમાં સૌથી હાઇ સ્તરે પહોંચી ગઈ છે.



કેન્દ્રના આંકડાથી જાણવા મળે છે કે, ૩ મે સુધી અઠવાડિયામાં ૩૧ ગંભીર કેસ નોંધાયા છે, જે ગત એક વર્ષમાં સૌથી વધારે છે. આંકડાથી જાણ થાય છે કે, મોત સહિત ગંભીર મામલામાં ચિંતાજનક વધારો થયો છે, જે લગભગ એક વર્ષના પીક પોઈન્ટ પર પહોંચી ગઈ છે. ૩ મે સુધી ખતમ થયેલા અઠવાડિયામાં ૩૧ નવા કેસ સામે આવ્યા છે.

જોકે, સંક્રમણનો આ આંકડો છેલ્લા બે વર્ષમાં જોવા મળેલા સંક્રમણના પીક પોઈન્ટ સાથે મેળ નથી ખાતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ વાયરસ સંબંધિત બીમારીને કારણે ૭૦ લાખથી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આનાથી આરોગ્ય અધિકારીઓ ચિંતિત થયા છે. કોરોનાના કેસોમાં થયેલા વધારાએ ફરી એકવાર સમગ્ર એશિયામાં કોવિડના નવી લહેરના સંકેત આપ્યા છે.

કોરોના હવે હોંગકોંગમાં પોતાનો અસલી રંગ બતાવી રહ્યો છે. કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. સેન્ટર ફોર હેલ્થ પ્રોટેક્શન ખાતે કોમ્યુનિકેબલ ડિસીઝ બ્રાન્ચના ચીફ આલ્બર્ટ ઓ કહે છે કે કોરોના વાયરસની ત્તિ હવે ખૂબ જ ઊંચા સ્તરે પહોંચી ગઈ છે. તેમણે કહ્યું કે કોવિડ-૧૯ માટે પોઝિટિવ નમૂનાઓનું પ્રમાણ એક વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે. કોરોનાના ડેટા કેસોમાં ચિંતાજનક વધારો દર્શાવે છે. એટલે કે, ફક્ત કોરોનાના કેસ જ નથી આવી રહ્યા, પરંતુ તેના કારણે મૃત્યુ પણ થઈ રહ્યા છે.

હોંગકોંગમાં કોરોનાના કેસ અને મૃત્યુ લગભગ એક વર્ષમાં સૌથી વધુ સ્તરે પહોંચી ગયા છે. ૩ મેના સપ્તાહના અંતે હોંગકોંગમાં કોરોનાવાયરસને કારણે ૩૧ લોકોના મોત થયા હતા. જોકે, રાહતની વાત એ છે કે કોરોના ચેપ હજુ છેલ્લા બે વર્ષના શિખર પર પહોંચ્યો નથી. કોવિડ સંબંધિત સમસ્યાઓ માટે ડોક્ટરો પાસે જતા લોકોની સંખ્યામાં અને હોસ્પિટલોમાં દાખલ થતા દર્દીઓની સંખ્યામાં ઘણો વધારો થયો છે. આ સૂચવે છે કે ૭૦ લાખથી વધુ વસ્તીવાળા આ શહેરમાં કોરોના ચેપ ફેલાઈ રહ્યો છે.

કોરોનાએ ફરી એકવાર સામાન્ય માણસની સાથે સાથે ઉચ્ચ વર્ગને પણ પોતાની ઝપેટમાં લેવાનું શરૂ કરી દીધું છે. હોંગકોંગના ગાયક ઈસન ચાનને કોવિડ-૧૯ પોઝિટિવ આવ્યો છે. કોન્સર્ટના સત્તાવાર વેઈબો એકાઉન્ટ પરની એક પોસ્ટ અનુસાર, આ અઠવાડિયે તાઈવાનના કાઓહસુંગમાં તેમના કોન્સર્ટ રદ કરવામાં આવ્યા છે.

અહીં, સિંગાપોરમાં પણ કોરોનાને લઈને હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ મહિને, ત્યાંના આરોગ્ય મંત્રાલયે લગભગ એક વર્ષમાં પહેલી વાર ચેપના આંકડાઓ પર અપડેટ જાહેર કર્યું છે. ૩ મેના રોજ પૂરા થયેલા સપ્તાહના અંતે અંદાજિત કોરોના કેસોમાં ૨૮ ટકાનો વધારો થયો હોવાનું બહાર આવ્યું છે. ગયા અઠવાડિયાની સરખામણીમાં, આ અઠવાડિયામાં કોરોનાના ૧૪,૨૦૦ નવા કેસ નોંધાયા છે. દરરોજ હોસ્પિટલોમાં દાખલ થતા લોકોની સંખ્યામાં પણ લગભગ ૩૦ ટકાનો વધારો થયો છે. જોકે, સિંગાપોરમાં કોવિડના કેસોમાં વધારો થઈ રહ્યો હોવા છતાં, આરોગ્ય મંત્રાલય કહે છે કે હજુ સુધી એવા કોઈ સંકેત નથી કે ફેલાઈ રહેલા નવા પ્રકારો વધુ ચેપી છે અથવા પહેલા કરતાં વધુ ગંભીર બીમારીનું કારણ બની રહ્યા છે.

### એશિયાના અન્ય દેશોમાં પણ કોરોના સક્રિય

ચાઈનીઝ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના ડેટા દર્શાવે છે કે કોરોનાએ ચીનમાં પણ માથું ઉંચકવાનું શરૂ કરી દીધું છે. ચીન પણ ગયા વર્ષે ઉનાળાની ટોચ જેટલી જ કોવિડ-૧૯ લહેરનો અનુભવ કરવા માટે તૈયાર છે. ચીનની હોસ્પિટલોમાં હવે કોવિડ પોઝિટિવ કેસ મળી રહ્યા છે. તે જ સમયે, થાઈલેન્ડના રોગ નિયંત્રણ વિભાગે પણ કોરોનાના કેસમાં વધારો નોંધાવ્યો છે. રાહતની વાત છે કે ભારતમાં હાલમાં કોરોનાના કેસ જોવા મળી રહ્યા નથી. તો અત્યારે અહીં ડરવાની કોઈ જરૂર નથી. સામાન્ય રીતે, શિયાળાની ઋતુમાં શ્વસનતંત્રના વાયરસ વધુ સક્રિય હોય છે. પરંતુ આ વખતે, ઉનાળો શરૂ થતાં જ, કોરોનાના કેસ વધવા લાગ્યા. આનાથી સ્પષ્ટ થાય છે કે કોરોના વાયરસ ઉનાળામાં પણ ઝડપથી ફેલાઈ શકે છે અને મોટી સંખ્યામાં લોકોને બીમાર કરી શકે છે.

# USમાં કમાઈને ભારત મોકલાતા નાણાં પર હવે ટ્રમ્પ સરકાર 5 ટકા રેમિટન્સ ટેક્સ વસૂલશે

## ભારતને 137 અબજ રૂપિયાની વાર્ષિક ખોટ જશે

**સમય મિરર । નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની તિજોરી ભરવા માટે ૫ % રેમિટન્સ ટેક્સનો પ્રસ્તાવ મૂક્યો છે. 'ધ વન, બિગ, બ્યુટીફુલ બિલ' નામના બિલ હેઠળ લાગુ પડનાર આ ટેક્સ અમેરિકામાં વસતા વિદેશી નાગરિકો દ્વારા તેમના વતન મોકલાતા નાણાં પર લાગશે. આ યોજના અમલમાં મુકાઈ તો એનો સૌથી મોટો ગેરફાયદો ભારતીયોને થશે, કેમ કે વૈશ્વિક સ્તરે ભારતીયો જ વતનમાં સૌથી વધુ નાણાં મોકલનારી પ્રજા છે.

અમેરિકાનો વહીવટી ખર્ચ ઓછો કરીને દેશની આવક વધે એવા અનેક પગલાં ટ્રમ્પ લઈ રહ્યા છે. એમાંનું તાજું પગલું તે આ 'ધ વન, બિગ, બ્યુટીફુલ બિલ'. પ્રાસ્તાવિક બિલમાં અમેરિકન નાગરિક ન હોય એવા વિદેશીઓ દ્વારા તેમના વતન મોકલાતા નાણાં પર ૫ % રેમિટન્સ ટેક્સ વસૂલવાની દરખાસ્ત મુકાઈ છે.



ફક્ત રોકડ જ નહીં, કોઈપણ ફોર્મમાં મોકલાતી નાણાંકીય સહાયને આ ટેક્સ લાગુ પડશે. આ બિલ અંતર્ગત કોઈ લઘુત્તમ મુક્તિ મર્યાદા પ્રસ્તાવિત કરવામાં આવી નથી. ટ્રાન્સફર નાના મૂલ્યનું હશે તોપણ રેમિટન્સ ટેક્સ ચૂકવવો પડશે. ભારતમાં વસતા પરિજનો માટે મ્યુચ્યુઅલ ફંડ્સમાં સાધારણ રોકાણ માટે મોકલવામાં આવેલા નાણાં પર પણ ૫ ટકાના દરે ટેક્સ લાગશે. શિક્ષણ, આરોગ્યસંભાળ અથવા કટોકટી સહાય માટે મોકલવામાં આવેલા ભંડોળ પર પણ સમાન ટેક્સ લાગશે.

અમેરિકાના આ પગલાંથી દુનિયાભરના દેશો પ્રભાવિત થશે. એમાંય સૌથી વધુ અસર ભારતને થશે, કેમ કે આખી દુનિયામાં વતનમાં સૌથી વધુ નાણાં મોકલતી પ્રજા ભારતીય જ છે.

'' ભારતને સૌથી વધુ રેમિટન્સ અમેરિકામાંથી મળે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતે વિશ્વના તમામ દેશોમાંથી કુલ ૧૧૮.૭ બિલિયન ડોલર (૧૦૧૬૯ અબજ રૂપિયા) રેમિટન્સ મેળવ્યા હતા, જેમાંના આશરે ૨૮ ટકા એટલે કે ૩૨ બિલિયન ડોલર (૨૭૪૦ અબજ રૂપિયા) એકલા અમેરિકામાંથી આવ્યા હતા. મળેલ રકમ પર જો ૫ % રેમિટન્સ ટેક્સ લગાવવામાં આવે તો ભારતને ૧.૬ બિલિયન ડોલર (૧૩૭ અબજ રૂપિયા)ની ખોટ જાય.

'' ભારતના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર અમેરિકામાં લગભગ ૪૫ લાખ ભારતીયો રહે છે, જેમાંના લગભગ ૩૨ લાખ ભારતીયો H-1B અને L-1 જેવા અસ્થાયી વર્ક વિઝા પર કામ કરે છે અથવા તો ગ્રીન કાર્ડ ધારકો છે, જેમને હજુ સુધી અમેરિકાની નાગરિકતા પ્રાપ્ત નથી થઈ. ૫ % રેમિટન્સ ટેક્સ લગાવવામાં આવે તો એ તમામ ભારતીયોને અસર થશે.

ભારત પછી બીજા ક્રમે આવતા મેક્સિકોને વાર્ષિક ૬૮ બિલિયન ડોલર (૫૮૨૫ રૂપિયા) મળે છે, જે ભારતને મળતા રેમિટન્સ કરતાં લગભગ અડધું છે. ૪૮ બિલિયન ડોલર (૪૧૧૨ રૂપિયા) સાથે ચીન ત્રીજા ક્રમે આવે છે.

ઓછી અને મધ્યમ આવક ધરાવતા વિકાસશીલ દેશો માટે સમૃદ્ધ દેશોમાંથી આવતું રેમિટન્સ આવકનો નિર્ણાયક સ્રોત રહ્યો છે. એ દેશોમાં ગરીબી ઘટાડવા, આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રે આગળ આવવા માટે રેમિટન્સ મહત્ત્વનો સ્રોત હોવાથી અમેરિકાના આ નવા ટેક્સથી એવા દેશોનો વિકાસ રુંધાશે.

અમેરિકામાં રહેતા વિવિધ વંશીય જૂથો દ્વારા રેમિટન્સ ટેક્સનો વિરોધ અને ટીકા થઈ રહ્યાં છે. તેમનું કહેવું છે કે રેમિટન્સ એ લક્ઝરી નથી, એ લાખો લોકો માટે જીવનરેખા છે. વિદેશી નાગરિકો એવી દલીલ કરી રહ્યા છે કે, અમે અમેરિકામાં રહીને એના અર્થતંત્રને આગળ ધપાવીએ છીએ, અહીંની વ્યવસ્થા જાળવીએ છીએ, કાયદાનું પાલન પણ કરીએ છીએ અને આવકવેરો પણ ચૂકવીએ છીએ, તો પછી આ નવો રેમિટન્સ ટેક્સ અમારા માથે શું કરવા નાંખવામાં આવી રહ્યો છે?

રેમિટન્સ ટેક્સ લાગુ કરવા બાબતે ટ્રમ્પ ઝડપ કરાવી રહ્યા છે. 'યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' આગામી ૨૬ મે ના રોજ આવી રહેલા 'મેમોરિયલ ડે' સુધીમાં બિલ પસાર કરી દેવા માગે છે. ત્યારબાદ બિલને મંજૂરી માટે સેનેટમાં મોકલાશે. જો બધું સમુસુથરું પાર પડશે તો ટ્રમ્પ વહીવટીતંત્ર આ બિલ અમેરિકાના સ્વતંત્રતા દિવસ એટલે કે ૪મી જુલાઈના રોજથી આ કાયદો લાગુ કરી દેવા માંગે છે, જેથી એને રાષ્ટ્રભક્તિનું લેબલ પણ લગાવી શકાય.

રેમિટન્સ ટેક્સ લાગુ પડશે તો નુકશાન થશે, એવી ભીતિમાં સલાહકારો અમેરિકામાં વસતા વિદેશીઓને એવી સલાહ આપી રહ્યા છે કે, તમારી બચતના જેટલા બને એટલા વધુ નાણાં જુલાઈ મહિના પહેલાં વતન મોકલી દો, જેથી આ ટેક્સ ચૂકવવામાંથી તમે બચી શકો. જો ભારતીયો આ સલાહને અનુસરે તો ભારતને મળતા રેમિટન્સમાં એકાએક ધરખમ વધારો થઈ જશે.

કોંગી નેતા શશી થરૂર અને ઔવૈસીનો પણ લિસ્ટમાં સમાવેશ

# ઓપરેશન સિંદૂર પર ભારતનો પક્ષ રજૂ કરવા તમામ પક્ષોના સાંસદોને વિદેશ મોલાશે

**સમય મિરર । નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર ઓપરેશન સિંદૂર પર ભારતનો પક્ષ રજૂ કરવા માટે તમામ પક્ષોના સાંસદોને વિદેશમાં મોકલશે. ૫-૬ સાંસદોના ૮ જૂથો ૨૨ મેથી ૧૦ દિવસ માટે ૫ દેશોની મુલાકાત લેશે. ત્યાંની સરકાર અને સામાન્ય લોકોને પહેલગામ આતંકી હુમલા અને ઓપરેશન સિંદૂર સાથે જોડાયેલી જાણકારી આપશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર વિવિધ પક્ષોના વરિષ્ઠ સાંસદો વિદેશ પ્રવાસો પર જૂથોનું નેતૃત્વ કરશે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરને એક જૂથનું નેતૃત્વ કરવાની તક મળી શકે છે. AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીને પણ પ્રતિનિધિમંડળનો ભાગ બનાવવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સાંસદો સાથે વિદેશ મંત્રાલય (MEA)ના એક અધિકારી અને એક સરકારી પ્રતિનિધિ પણ રહેશે. આ પ્રતિનિધિમંડળો અમેરિકા, યુકે, દક્ષિણ આફ્રિકા, કતાર અને યુએઈ જશે અને ત્યાં પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ અને આતંકવાદ સામે ભારતના વલણને સમજાવશે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ સાંસદોની વિદેશ મુલાકાતોનું સંકલન કરી રહ્યા છે. પ્રતિનિધિમંડળમાં જોડાવા માટે સાંસદોને આમંત્રણ મોકલવામાં આવ્યા છે. સાંસદોને તેમના પાસપોર્ટ અને જરૂરી મુસાફરી દસ્તાવેજો તૈયાર રાખવાની સલાહ આપવામાં આવી છે. મીડિયા અહેવાલો અનુસાર કેન્દ્ર સરકાર વિવિધ દેશોમાં ભારતના સાંસદોનું પ્રતિનિધિમંડળ મોકલશે. આ પ્રતિનિધિમંડળમાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદો સામેલ હશે. પ્રતિનિધિમંડળનો મુખ્ય ઉદ્દેશ્ય વિદેશોમાં જઈને પાકિસ્તાનનો ઉઘાડું પાડવાનું રહેશે. જાણકારી અનુઆર કેન્દ્ર સરકાર આ મામલે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે વાતચીત કરી રહી છે અને આગામી સમયમાં તેની સત્તાવાર જાણકારી આપવામાં આવશે.

# ઓપરેશન સિંદૂર બાદ હવે રક્ષા બજેટમાં 50 હજાર કરોડના વધારાની શક્યતા

## અત્યાધુનિક ટેક્નોલોજી અને શસ્ત્રો માટે નાણાં ફાળવાયા સંસદના શિયાળુ સત્રમાં બજેટને મળી શકે છે મંજુરી

**સમય મિરર । નવી દિલ્હી**

પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર પછી કેન્દ્ર સરકાર સંરક્ષણ બજેટમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો કરી શકે છે. સંરક્ષણ મંત્રાલયે સરકાર સમક્ષ ફંડમાં વધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેને નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન સંસદના શિયાળુ સત્રમાં મંજૂરી મળવાની શક્યતા છે.

સરકારી સૂત્રોને ટાંકીને મીડિયા અહેવાલોમાં આ માહિતી આપવામાં આવી છે. આ ભંડોળમાંથી નવાં શસ્ત્રો, દારૂગોળો અને ટેક્નોલોજી ખરીદવામાં આવશે એવું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત સેનાની અન્ય જરૂરિયાતો, સંશોધન અને વિકાસ પર પણ પૈસા ખર્ચવામાં આવશે.

આ વધારા પછી સંરક્ષણ મંત્રાલયનું કુલ બજેટ ૭ લાખ કરોડ રૂપિયાને વટાવી જશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે ૧ ફેબ્રુઆરીએ રજૂ કરાયેલા ૨૦૨૫-૨૬ના બજેટમાં સશસ્ત્ર દળો માટે ૬.૮૧ લાખ કરોડ રૂપિયાની રેકોર્ડ જોગવાઈ કરી હતી.

આ વર્ષે સંરક્ષણ બજેટ ગયા વર્ષ કરતાં લગભગ ૯.૫% વધુ છે. કેન્દ્રએ ૨૦૨૪-૨૫માં સશસ્ત્ર દળો માટે ૬.૨૨ લાખ કરોડ રૂપિયા આપ્યા હતા. પીએમ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારના ૨૦૧૪-૧૫ના પહેલા બજેટમાં સંરક્ષણ મંત્રાલયને ૨.૨૯ લાખ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલુ છે. આ દરમિયાન સંરક્ષણ બજેટમાં વધારા અંગે સંરક્ષણ મંત્રાલયના પ્રસ્તાવને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. પહેલગામ હુમલાનો બદલો લેવા માટે ભારતે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) પર હુમલો કર્યો.

ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દરમિયાન રશિયાની S-૪૦૦, બરાક-૮ મધ્યમ શ્રેણીની જીઅખ સિસ્ટમ અને સ્વદેશી આકાશ તીર સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત પેકોરા, ઓએસએ-એકે અને એલએલએડી ગન (લો-લેવલ એર ડિફેન્સ ગન) દ્વારા પાકિસ્તાનના મિસાઈલ અને ડ્રોન હુમલાઓને પણ નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા.

# ચિનાબ નદી પરના મહત્વપૂર્ણ બંધોમાં હવેથી દર માસે ભારતે પાણીકાપ ઝીંક્યો

## સિંધુ જળસંધિ સ્થગિત કર્યા બાદ ભારત હવે ફ્લશિંગ પ્રક્રિયાની પાક.ને કોઈ જાણકરી નહીં આપે

**સમય મિરર । નવી દિલ્હી**

જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં થયેલા ભયાનક પહેલગામ આતંકવાદી હુમલા, જેમાં અનેક નિર્દોષ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા, તેના પગલે ભારતે પાકિસ્તાન સામે વધુ એક નિર્ણાયક અને વ્યૂહાત્મક કાર્યવાહી કરી છે. સિંધુ જળ સંધિને હાલ પૂરતી સ્થગિત કર્યા બાદ, ભારત સરકારે જમ્મુ અને કાશ્મીરમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ચિનાબ નદી પર આવેલા સલાલ (૬૯૦ મેગાવોટ) અને બગલીહાર (૯૦૦ મેગાવોટ) બંધોમાં હવેથી દર મહિને નિયમિત રીતે ફ્લશિંગ એટલે કે કાંપ દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા આ અંગેની ભલામણ કરવામાં આવી છે, જેને ભારત સરકારે મંજૂરી આપી દીધી છે. આ પગલાંને પાકિસ્તાન દ્વારા સરહદ પારથી થતા આતંકવાદને સતત સમર્થન આપવાની નીતિ સામે ભારતના મક્કમ અને આક્રમક પ્રતિભાવ તરીકે જોવામાં આવી રહ્યું છે. ફ્લશિંગ એ એક એવી તકનીક છે જેના દ્વારા બંધના જળાશયોમાં લાંબા સમયથી જમા થયેલી રેતી, કાંપ અને અન્ય કચરાને મજબૂત પાણીના પ્રવાહ દ્વારા બહાર કાઢવામાં આવે છે. આ પ્રક્રિયા જળાશયોની પાણી સંગ્રહિત કરવાની ક્ષમતાને



પુનઃસ્થાપિત કરે છે અને ટર્બાઇન જેવી વીજ ઉત્પાદન પ્રણાલીઓની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરે છે, જેના પરિણામે વીજ ઉત્પાદન વધુ સ્થિર અને કાર્યક્ષમ બને છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, મે મહિનાની શરૂઆતમાં જ સલાલ અને બગલીહાર જળાશયોમાંથી પહેલીવાર ૭.૫ મિલિયન ઘન મીટરથી વધુ કાંપ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે સલાલ બંધનું નિર્માણ વર્ષ ૧૯૮૭માં થયું હતું, જ્યારે બગલીહાર બંધ ૨૦૦૮-૦૯માં કાર્યરત થયો હતો અને આ બંને બંધોમાં આ પ્રકારની સફાઈની આ પ્રથમ મોટી કામગીરી છે.

સિંધુ જળ સંધિના નિયમો અનુસાર, પાકિસ્તાન ભૂતકાળમાં ભારતના આ ફ્લશિંગ પ્રવૃત્તિઓ સામે વારંવાર પોતાનો વિરોધ નોંધાવતું રહ્યું છે. પાકિસ્તાનનો તર્ક એવો રહ્યો છે કે ફ્લશિંગ દરમિયાન છોડવામાં આવતા પાણીના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણીનું સ્તર અચાનક વધી શકે છે, જ્યારે જળાશયને ફરીથી ભરવાની પ્રક્રિયા દરમિયાન છોડવામાં આવતા પાણીના જથ્થામાં ઘટાડો થઈ શકે છે, જેનાથી પાકિસ્તાનના કૃષિ ક્ષેત્ર પર નકારાત્મક અસર પડી શકે છે. જો કે, વર્તમાન પરિસ્થિતિમાં ભારતે સ્પષ્ટપણે જણાવી દીધું છે કે સિંધુ જળ સંધિને સ્થગિત કરવામાં આવ્યા બાદ, પાકિસ્તાન સાથે પાણી સંબંધિત કોઈપણ પ્રકારની માહિતીની આપ-લે કરવામાં આવશે નહીં, અને ફ્લશિંગની પ્રક્રિયા શરૂ કરતા પહેલાં તેને કોઈ પણ પ્રકારની આગોતરી જાણકારી પણ આપવામાં આવશે નહીં. આ ભારતનું એક સ્પષ્ટ અને મક્કમ વલણ દર્શાવે છે.

તાજેતરમાં ભારતે ૨૪ એપ્રિલના રોજ પાકિસ્તાનને એક સ્પષ્ટ પત્ર મોકલીને જાણ કરી હતી કે જ્યાં સુધી પાકિસ્તાન ''સંપૂર્ણ અને વિશ્વસનીય રીતે આતંકવાદને સમર્થન આપવાનું બંધ નહીં કરે'' ત્યાં સુધી આ સંધિને સ્થગિત રાખવામાં આવશે. પાકિસ્તાને તાજેતરમાં આ પત્રનો જવાબ આપ્યો છે અને ભારતની ચિંતાઓ પર ચર્ચા કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે, સાથે જ મે મહિનામાં બેઠક યોજવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. હવે જ્યારે ભારતે તાત્કાલિક અસરથી સંધિને સ્થગિત કરી દીધી છે, ત્યારે પાકિસ્તાને પહેલીવાર ચર્ચા કરવાની તૈયારી બતાવી છે, જે પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે.

## ધ વર્લ્ડ એરાઉન્ડ

# ભારતના સ્થાનિક વેપારીઓએ તુર્કીયેના સફરજનનો બહિષ્કાર કર્યો

**મુંબઈ :** ભારત-પાકિસ્તાનની સરહદ પર તણાવપૂર્ણ સ્થિતિ વખતે દુશ્મન પાકિસ્તાનને ખુલ્લેઆમ ટેકો જાહેર કરનાર તુર્કીયે સામે વિરોધ વ્યક્ત કરવા માટે પુણેના ફળોના વેપારીઓએ તુર્કીયે ના સફરજનો રસ્તા પર ફેંકીને પગેથી કચડી નાખ્યા હતા. તુર્કીથી મોટા પ્રમાણમા સફરજનો ભારત આવતા હોય છે પરંતુ તુર્કી સામે દેશભરમાં જાગેલા વિરોધને લીધે પુણેના ફળોના વેપારીઓએ તુર્કીથી સફરજનની આયાત જ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. નવી મુંબઈની ફ્રુટ માર્કેટના સૂત્રોએ જણાવ્યું હતું કે તુર્કીના એપલની સિઝન જુલાઈમાં શરૂ થતી હોય છે. એટલે એ પહેલા અમે પણ આયાત બંધ કરવાનો નિર્ણય લેશું. કારણ ભારતના દુશ્મનને જે સહાય કરે તેની સાથે વેપારી સંબંધ તોડી જ નાખવા જોઈએ. બીજું જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાંથી સફરજનની ભરપૂર આવક થતી હોય છે. એટલે તુર્કીના સફરજનો મંગાવવાના બંધ કરશું તો કોઈ મોટી અસર નહીં થાય. દરમિયાન, પુણેના ફળોના વેપારીઓએ તુર્કીના સફરજનોની આયાત બંધ કરવાનો નિર્ણય લીધા બાદ એક વેપારીને પાકિસ્તાનથી ધમકી મળી હોવાનું જાણવા મળ્યું હતું. પુણે એ.પી.એમ. સી. માર્કેટ યાર્ડના સુયોગ ઝેન્ડે નામના વેપારીને મોબાઈલ પર વોઈસ મેસેજથી ધમકી આપવામાં આવી હતી. વેપારીએ કહ્યું હતું કે આજે સવારે ૯ વાગ્યે અજાણ્યા નંબર પરથી સતત કોલ આવવા માંડયા હતા. પણ મે ફોન ઉપાડવાનું ટાળ્યું હતું. એટલે વોઈસ મેસેજ પર ધમકી આપવામાં આવી હતી. આ મેસેજમાં ભારત વિરૂદ્ધ અભદ્ર ભાષા વાપરવામાં આવી હતી. વધુમાં એવું કહેવામાં આવ્યું હતું કે તમે પાકિસ્તાન કે તુર્કીનું કંઈ બગાડી નહીં શકો. આ ધમકીભર્યા સંદેશનો મેં પણ વોઈસ મેસેજથી જવાબ વાળ્યો હતો. આ ધમકીની ફરિયાદ માટે પુણેના વેપારીઓ પુણેના પોલીસ કમિશનરને મળીને રજૂઆત કરશે. પહલગામમાં આતંકી હુમલાનો બદલો લેવા ભારતે હાથ ધરેલા ઓપરેશન સિંદૂર સમયે ચાર દિવસના ઘર્ષણમાં તુર્કીયેએ ડ્રોન અને ઓપરેટિવ્સ મોકલી પાકિસ્તાનને મદદ કરી હતી, જેથી ભારતમાં તુર્કીયેના બહિષ્કારનું અભિયાન ચાલી રહ્યું છે. આમ છતાં તુર્કીયેના પ્રમુખ રેસેપ તૈયપ એર્દોગને એક ટ્વીટ કરીને લખ્યું, 'પાકિસ્તાન-તૂર્કી મિત્રતા અમર રહે.' પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના સંદેશાનો જવાબ આપતા એર્દોગને કહ્યું, ભૂતકાળની જેમ, અમે ભવિષ્યમાં પણ સારા અને ખરાબ સમયમાં તમારી સાથે ઊભા રહીશું.

# કર્ણાટક કોંગ્રેસના MLAએ ઓપરેશન સિંદૂરના પૂરાવા માંગ્યા !

**બેંગ્લોર :** ભારતમાં ઓપરેશન સિંદૂર અંગે રાજકીય નિવદેનબાજી તીવ્ર બની છે. કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્ય કોથુર મંજુનાથે કહ્યું કે તે માત્ર એક બનાવટી વાત છે અને તેનાથી પહેલગામ હુમલાના પીડિતોને ન્યાય કે વાસ્તવિક દિલાસો મળ્યો નથી. આ પહેલા મધ્યપ્રદેશમાં ભાજપના મંત્રી કર્નલ સોફિયા કુરેશી અને યુપીમાં સપા સાંસદ રામ ગોપાલ યાદવે વ્યોમિકા સિંહ વિશે ધાર્મિક અને જાતિવાદી ટિપ્પણીઓ કરી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ પછી આ મુદ્દા પર વધેલા નિવેદનો ખરેખર દેશના રાજકીય પરિદ્રશ્ય પર પ્રશ્નો ઉભા કરે છે. કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્ય મંજુનાથે કઠોર સ્વરમાં કહ્યું કે કંઈ થયું નથી. ફક્ત દેખાડો કરવા માટે, ઉપરથી ત્રણ-ચાર વિમાનો મોકલવામાં આવ્યા અને પાછા બોલાવવામાં આવ્યા. શું આનાથી પહેલગામ હુમલામાં માર્યા ગયેલા ૨૬-૨૮ લોકોને ન્યાય મળશે? શું આ રીતે તેસ્ત્રીઓનું દુઃખ ઓછું થશે? શું આ તેમનું સન્માન કરવાની રીત છે? કોંગ્રેસના ધારાસભ્ય અહીં જ અટકયા નહીં, તેમણે ૨૨ એપ્રિલે પહેલગામની બૈસરન ખીણમાં થયેલા હુમલા માટે જવાબદાર આતંકવાદીઓને માર્યા ગયાની પુષ્ટિ પર શંકા વ્યક્ત કરી. તેમણે પ્રશ્ન પૂછયો કે, શું એ વાત ચોક્કસ જાણીતી છે કે ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા? તેની ઓળખ શું છે? શું આ એ જ આતંકવાદીઓ હતા જેમણે ૨૨ એપ્રિલે બૈસરન ખીણ પર હુમલો કર્યો હતો? આ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યએ ભારત સરકાર પર પણ નિશાન સાધ્યું. મંજુનાથે કહ્યું કે આપણી સરહદમાં ઘૂસેલા આતંકવાદીઓ કોણ હતા? તેની ઓળખ શું છે? સરહદ પર સુરક્ષા કેમ નહોતી? તેઓ કેવી રીતે છટકી ગયા? આપણે આતંકવાદના મૂળ, શાખાઓ અને થડને ઓળખીને તેનો નાશ કરવો જોઈએ. તેમણે તેને ગુપ્તચર તંત્રની સંપૂર્ણ નિષ્ફળતા ગણાવી. ધારાસભ્યએ મીડિયા પર પણ સવાલ ઉઠાવ્યા અને કહ્યું, ''બધી ટીવી ચેનલો અલગ અલગ વાર્તાઓ કહી રહી છે.'' એક ચેનલ કહે છે કે તેણે અહીં માર માર્યો, બીજી કહે છે કે તેણે ત્યાં માર માર્યો. ખરેખર કોણ માર્યું, કયાં માર્યું અને કેટલા માર્યા ગયા તે કોઈ કહી રહ્યું નથી. સરકાર તરફથી કોઈ સ્પષ્ટ નિવેદન આવ્યું નથી.

# પાકિસ્તાની ચીજ-વસ્તુનું વેચાણ કરતી એમેઝોન-ફ્લીપ કાર્ટ સહિતની કંપનીઓને નોટીસ ફટકારાઈ

**નવી દિલ્હી :** પાકિસ્તાન સાથે ગંભીર બનાવ બાદ હવે યુદ્ધ વિરામ જાહેર થઈ ગયુ છે. પરંતુ ભારતે તેને સતત પાઠ ભણાવવાનું નકકી કર્યુ હોય તેમ હવે ઈ-કોમર્સ કંપનીઓને પણ પાકિસ્તાની માલનાં વેચાણ કરવા પર મનાઈ ફરમાવી દેવામાં આવી છે. સેન્ટ્રલ કન્ઝયુમર પ્રોટેકશન ઓથોરીટી દ્વારા પાકિસ્તાની રાષ્ટ્રધ્વજ સહિતનો માલ સામાન વેચતી ઓમેઝોન ઈન્ડીયા, ફલીપકાર્ટ, ઉબુય ઈન્ડીયા, એટસી, ધ ફલેગ કંપની તથા ધ ફલેગ કોર્પોરેશન જેવી ઈ-કોમર્સ કંપનીઓને નોટીસ ફટકારવામાં આવી છે. કેન્દ્રીય ગ્રાહક બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ કહ્યું કે, ઈ-કોમર્સ કંપનીઓએ પાકિસ્તાની ચીજોને લીસ્ટમાંથી હટાવવા કહી દેવામાં આવ્યુ છે. આ ચીજોનું વેંચાણ રાષ્ટ્રવાદનાં માનસના ભંગ સમાન છે. આ પ્રકારના કૃત્ય-અસંવેદનશીલતા સાંખી લેવામાં નહિં આવે. ઈ-કોમર્સ કંપનીઓને નોટીસ પણ ફટકારવામાં આવી છે અને કાયદાનું કડક રીતે પાલન કરવા કહ્યું છે. તમામ ઓનલાઈન રીટેલર્સને વેપાર ધંધા કરવામાં ભારતીય કાયદાનું પાલન કરવાની સુચના આપવામાં આવી છે. ઈ-કોમર્સ કંપનીઓ પાકિસ્તાની ધ્વજ તથા પાકિસ્તાન પ્રતિક ચિન્હો ધરાવતી ચીજો-માલ સામાનનું વેચાણ કરતી હોવાનું માલુમ પડયુ હતું. ભારત સરકારે અગાઉ જ પાકિસ્તાની ચીજોની આયાત તથા વેચાણ પર પ્રતિબંધની જાહેરાત કરી દીધી હતી. પરંતુ પાકિસ્તાની પ્રતિકો સાથેનો માલસામાન ઓનલાઈન વેંચાતો હોવાથી તેના પર પ્રતિબંધ મુકવા કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સ દ્વારા માંગ કરવામાં આવી હતી. આ ચીજોનું ઓનલાઈન વેચાણ આઘાતજનક છે અને રાષ્ટ્રભાવનાના અપમાન સમાન ગણાવીને તુર્ત કાયદા પાલન કરાવવા સંગઠને સરકાર સમક્ષ માંગ કરી હતી. સંગઠનના પ્રમુખ બી.વી.ભારતીએ કહ્યું કે, ઓનલાઈન વેચાણ-ઈકોમમાં કંપનીઓનું કૃત્ય માત્ર ભુલ નથી અને ભારત-સૈન્યદળો તથા દેશની એકતાનું અપમાન છે. કંપનીઓ સામે તપાસ યોજીને કડક પગલાની પણ માંગ કરી હતી.

## ઉતાવળે

- ૨૯ રાજ્યોમાં વરસાદ-વાવાઝોડાની ચેતવણી-MPના ૩૪ જિલ્લામાં હિટવેવની આગાહી : પ.બંગાળમાં વિજળી ત્રાટકતા ૩ના મોત
- ત્રાલ અને શોપિયાના બે ઓપરેશનમાં ૬ આતંકી ઠાર, હથિયાર-દારૂગોળો મળ્યો : કાશ્મીરીઓની મદદ વિના આ શક્ય ન હતું : ભારતીય સેના
- વર્લ્ડટેસ્ટ ચેમ્પિયનશીપમાં વિજેતા ટીમને ૩૦.૮૦ કરોડ રૂપિયા મળશે, ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની બે ફાઈનલિસ્ટ ટીમમાંથી કોણ બનશે ભાગ્યશાળી?
- ભાગેડુ નિરવ મોદીની જામીન અરજી લંડનની કિંગ્સ બેન્ચ ડિવિઝન હાઈકોર્ટે ફગાવી : ભારતવતી CBIના વકીલની દલીલો ગ્રાહ્ય
- પ.બંગાળમાં સરકારી કર્મચારીઓને ૨૫ ટકા DA આપવા સુપ્રીમ કોર્ટનો આદેશ : આગામી સુનાવણી ઓગસ્ટમાં થશે
- ચીન-અફઘાનિસ્તાનમાં ધરતી ધ્રુજી, ૪થી ૪.૫ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો

### તાલિબાની નેતાએ ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર સાથે વાતચીત

# પાકિસ્તાન વિરુદ્ધની લડતમાં મુસ્લિમરાષ્ટ્ર અફઘાનિસ્તાનનું ભારતને પૂર્ણ સમર્થન

**સમય મિરર । નવી દિલ્હી**

આતંકવાદ સામે લડાઈમાં ભારતને મુસ્લિમ દેશ અને તાલિબાન શાસિત અફઘાનિસ્તાનનું પણ સમર્થન મળ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ગુરુવારે અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રી અમીરખાન મુત્તાકી સાથે પહેલીવાર વાતચીત કરી છે. તાલિબાનને ઑગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનની સત્તામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચે આ પહેલી ઉચ્ચ સ્તરીય વાતચીત છે.

આ વાતચીત દરમિયાન અફઘાન સરકારે આ હુમલાની આકરી ટીકા કરી હતી, જેના જયશંકરે વખાણ કર્યા હતા.

એસ. જયશંકરે વાતચીત બાદ એક્સ પર લખ્યું, 'અફઘાનના કાર્યકારી વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકી સાથે વાતચીત થઈ. પહલગામ હુમલાની તેમની સ્પષ્ટ નિંદા માટે આભાર. અફઘાન અને ભારતની જનતાના પરંપરાગત મૈત્રીપૂર્ણ સંબંધો પર ભાર મૂક્યો અને તેમની વિકાસ જરૂરિયાતો માટે ભારતના સતત સમર્થનની પુષ્ટિ કરી.'

તાલિબાનના વિદેશ મંત્રાલય અનુસાર, આ વાતચીતમાં મુત્તાકીએ ભારત સાથે દ્વિપક્ષીય સંબંધોને સશક્ત કરવા, વ્યાપાર વધારવા અને રાજકીય સંબંધોને મજબૂતી આપવા પર ભાર મૂક્યો. તેમણે ભારતને મહત્ત્વપૂર્ણ દેશ જણાવ્યો અને અફઘાનિસ્તાન સાથે ઐતિહાસિક સંબંધોનો ઉલેલખ કરતાં તેને મજબૂત કરવાની આશા વ્યક્ત કરી. મુત્તાકીએ ખાસ કરીને અફઘાન વ્યાપારી અને દર્દીઓ માટે ભારતના વિઝાની પ્રક્રિયાને સરળ બનાવવાની અપીલ કરી. આ સાથે જ ભારતમાં બંધ અફઘાન કેદીઓની મુક્તિ અને સ્વદેશ વાપસીની માંગ કરી.

જયશંકરે તમામ મુદ્દા પર ભારત તરફથી સકારાત્મક સહયોગનું આશ્વાસન આપ્યું અને કહ્યું કે, ભારત રાજકીય અને આર્થિક ક્ષેત્રે મળીને કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

આ વાતચીતમાં ઈરાન સ્થિત ચાબહાર બંદરને લઈને પણ ચર્ચા થઈ હતી, જે ભારત માટે અફઘાનિસ્તાન સુધી પહોંચવાનો વ્યુનૈતિક માર્ગ છે. આ પાકિસ્તાનને બાયપાસ કરે છે. આ સિવાય ક્ષેત્રીય સુરક્ષા, સ્થિરતા અને બંને દેશો વચ્ચે આર્થિક અને માનવીય સહયોગને વધારવા માટે સંમતિ વ્યક્ત કરી.

નોંધનીય છે કે, આ વર્ષે જાન્યુઆરીમાં ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ દુબઈમાં મુત્તાકી સાથે મુલાકાત કરી હતી, જે તાલિબાન શાસક સાથે ભારતનો પહેલો ઉચ્ચ સ્તરીય સંપર્ક હતો.

# વરસતા વરસાદમાં ઝોમેટો અને સ્વિગીથી મંગાવાતી વાનગી મોંઘી પડશે

## રેઈન સરચાર્જ પ્રીમીયમ વપરાશકારોને પણ લાગુ પડશે

**સમય મિરર । મુંબઈ**




ડિલિવરી જાયન્ટ્સ ઝોમેટો (હવે ઇટરનલ તરીકે રિબ્રાન્ડેડ) અને સ્વિગીએ તેમના લોયલ્ટી પ્રોગ્રામ્સ-માં ફેરફાર કર્યા છે જેનાથી પ્રીમિયમ વપરાશકર્તાઓને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડશે.

ઝોમેટો ગોલ્ડ અને સ્વિગી વનના સબ્સ્ક્રાઇબ કરનારા વપરાશકર્તાઓ પાસેથી હવે ખરાબ હવામાન દરમિયાન 'રેઈન સરચાર્જ' વસૂલવામાં આવશે - આ ફી અગાઉ આ ચૂકવણી કરનારા સભ્યો માટે માફ કરવામાં આવી હતી. મનીકન્ટ્રોલના અહેવાલ મુજબ, આ અપડેટ સૌપ્રથમ કંપનીઓની મોબાઇલ એપ્લિકેશન્સમાં જોવા મળ્યું હતું અને ત્યારથી વફાદાર વપરાશકર્તાઓમાં નિરાશા ફેલાઈ ગઈ છે. તાજેતરમાં સુધી, હવામાન સંબંધિત સરચાર્જ ફક્ત બિન-સભ્યો પર જ લાગુ કરવામાં આવતા હતા. હવે, વિશિષ્ટ લાભો માટે વધારાનો ખર્ચ કરનારાઓને પણ વરસાદ કરમાંથી મુક્તિ મળશે નહીં. આ ફેરફાર બંને કંપનીઓના નફાકારકતામાં સુધારો કરવાના વ્યાપક પ્રયાસ સાથે સુસંગત છે, ખાસ કરીને જ્યારે તેઓ રોકાણકારોના વધતા દબાણનો સામનો કરી રહ્યા છે. જ્યારે વરસાદનો સરચાર્જ નજીવો લાગે છે, તે પ્લેટફોર્મ ફીમાં નોંધપાત્ર વધારાને કારણે આવે છે અને કંપનીઓ તેમના સૌથી વિશ્વસનીય ગ્રાહક આધારનું મુદ્રીકરણ કેવી રીતે કરે છે તેમાં વ્યૂહાત્મક પરિવર્તન સૂચવે છે. વરસાદનો સરચાર્જ એકમાત્ર વધારાનો ખર્ચ નથી જે વપરાશકર્તાઓ જોઈ રહ્યા છે. બંને પ્લેટફોર્મ્સે તાજેતરના મહિનાઓમાં ધીમે ધીમે તેમની પ્લેટફોર્મ ફી વધારી છે, ઘણા શહેરોમાં પ્રતિ ઓર્ડર માત્ર ૨ રૂપિયાથી ૧૦ રૂપિયા સુધી. જ્યારે ઝોમેટો અને સ્વિગીએ આ ફેરફારો અંગે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી, આ પગલું તેમના લોયલ્ટી પ્રોગ્રામ્સ સાથે સંકળાયેલા લાભોથી સ્પષ્ટ રીતે અલગ થઈ ગયું છે.

# બલૂચ લિબરેશન આર્મીએ પાકિસ્તાનના ૧૪ સૈનિકોની હત્યાની જવાબદારી સ્વિકારી

**સમય મિરર । નવી દિલ્હી**

બલૂચ લિબરેશન આર્મી (BLA)એ ૧૪ પાકિસ્તાની સૈનિકોની હત્યાની જવાબદારી સ્વીકારી છે. ૯ મેના રોજ બલૂચિસ્તાનના પંજગુર જિલ્લામાં પાકિસ્તાન આર્મીના વાહન પર હુમલો થયો હતો. BLAએ ૧૪ મેના રોજ સેનાના કાફલા પર થયેલા હુમલાનો એક વીડિયો પણ જાહેર કર્યો હતો. બલૂચ આર્મીએ પાકિસ્તાની સેના સામેના તેના હુમલાઓને ઓપરેશન હીરોફ નામ આપ્યું છે. લોકોના સમર્થનથી બલૂચિસ્તાનની સ્વતંત્રતા ચળવળ વધુ મજબૂત બની છે. પાકિસ્તાની સેના બલૂચિસ્તાનના કોઈ પણ ખૂણામાં સુરક્ષિત નથી. ઓપરેશન હીરોફ હેઠળ છેલ્લા કેટલાક અઠવાડિયામાં બલૂચિસ્તાન પ્રાંતમાં ૫૮થી વધુ સ્થળોએ થયેલા ૭૮ સંકલિત હુમલાઓની જવાબદારી BLAએ સ્વીકારી છે. ૧૧ મેના રોજ BLA દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, આમાં કેચ, પંજગુર, મસ્તુંગ, ક્વેટા, જામુરન, તોલાંગી, કુલુકી અને નુશ્કી વિસ્તારોનો સમાવેશ થાય છે. અહીં BLAએ પાકિસ્તાની સેના, ગુપ્તચર મથકો અને સ્થાનિક પોલીસ સ્ટેશનોને નિશાન બનાવ્યા છે. આ નિવેદનમાં BLAએ પાકિસ્તાનને વૈશ્વિક આતંકવાદીઓનો ગઢ ગણાવ્યું. તેમજ આંતરરાષ્ટ્રીય સમુદાય પાસેથી તેને આતંકવાદી દેશ જાહેર કરવાની માગ કરી.

BLAએ કહ્યું કે તેઓ ભવિષ્યમાં પણ પાકિસ્તાની સેના અને તેમના સાથીઓ પર આવા હુમલા ચાલુ રાખશે. બલૂચ નેતાએ પાકિસ્તાનથી સ્વતંત્રતાની ઘોષણા કરી બલૂચ નેતા મીર યાર બલૂચે બુધવારે પાકિસ્તાનથી બલૂચિસ્તાનની આઝાદીની ઘોષણા કરી. તેમણે આ પાછળનું કારણ દાયકાઓથી બલૂચ લોકો સામે માનવાધિકાર ઉલ્લંઘન, અપહરણ અને હિંસા ગણાવી. મીર યાર બલૂચે એક્સપોસ્ટમાં કહ્યું- બલૂચિસ્તાનના લોકોએ પોતાનો ''રાષ્ટ્રીય ચુકાદો'' આપી દીધો છે અને દુનિયાએ હવે ચૂપ રહેવું જોઈએ નહીં. અમારી સાથે જોડાઓ. તેમણે લખ્યું કે, બલૂચ લોકો રસ્તાઓ પર છે અને તેમનો રાષ્ટ્રીય નિર્ણય છે કે બલૂચિસ્તાન પાકિસ્તાનનો ભાગ નથી અને દુનિયા હવે મૂક પ્રેક્ષક બનીને રહી શકે નહીં.

તેમણે બલૂચિસ્તાનની સ્વતંત્રતા માટે ભારત અને વૈશ્વિક સમુદાય પાસેથી માન્યતા અને સમર્થન માંગ્યું. મીર યારે ભારતીય મીડિયા, યુટ્યુબર્સ અને ભારતીય બુદ્ધિજીવીઓને બલૂચને પાકિસ્તાની લોકો ન કહેવા અપીલ કરી. આપણે પાકિસ્તાની નથી, આપણે બલૂચી છીએ. પાકિસ્તાનના પોતાના લોકો પંજાબી છે, જેમણે ક્યારેય હવાઈ બોમ્બમારો, અપહરણ કે નરસંહારનો સામનો કર્યો નથી. મણે પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર (POK) પર ભારતના વલણને સમર્થન આપ્યું. આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી કે તેઓ પાકિસ્તાન પર આ વિસ્તાર ખાલી કરવા માટે દબાણ લાવે. મીર યારે કહ્યું- ભારત પાકિસ્તાની સેનાને હરાવી શકે છે. જો પાકિસ્તાન ધ્યાન નહીં આપે, તો પાકિસ્તાની સેનાના લોભી સેનાપતિઓ જ રક્તપાત માટે જવાબદાર રહેશે કારણ કે ઈસ્લામાબાદ પીઓકેના લોકોને ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યું છે.

### મધ્યપ્રદેશ ભાજપના નેતા જગદીશ દેવડાનું વિવાદિત નિવેદન

# સમગ્ર દેશ, દેશની સેના અને સૈનિકો વડાપ્રધાન મોદીના ચરણોમાં નમન કરે છે!

**સમય મિરર । ભોપાલ**

મધ્ય પ્રદેશના નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવડાએ આપેલા નિવેદનથી રાજકીય માહોલ ગરમાયો છે. જબલપુરમાં સિવિલ ડિફેન્સ વોલન્ટિયર્સના તાલીમ કાર્યક્રમ દરમિયાન દેવડાએ કહ્યું હતું કે, 'આ સમગ્ર દેશ, દેશની સેના અને સૈનિકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણોમાં નમન કરે છે.'

ભાજપ નેતા દેવડાએ ભાવુક અંદાજમાં કહ્યું, 'મનમાં ખૂબ ગુસ્સો હતો કે, જે પ્રવાસીઓ ફરવા ગયા હતાં, તેમને ધર્મ પૂછીને મારવામાં આવ્યા. મહિલાઓને એકબાજુએ ઊભા રાખીને, તેમની સામે ગોળી મારી દેવામાં આવી. એ દિવસથી મગજમાં તણાવ હતો કે, જ્યાં સુધી તેનો બદલો નહીં લેવામાં આવે, જ્યાં સુધી જેણે માતાઓનું સિંદૂર મટાડવાનું કામ કર્યું તેમને મારવામાં નહીં આવે ત્યાં સુધી રાહતનો શ્વાસ નહીં લઈએ.'

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, 'યશસ્વી વડાપ્રધાનજીને આપણે આભાર કહેવું જોઈએ. આખો દેશ, દેશની સેના, સૈનિક તેમના ચરણોમાં નતમસ્તક છે. તેમણે જે જવાબ આપ્યો છે, તેના જેટલા વખાણ કરવામાં આવે, તેટલા ઓછા છે.'

તેમનું આ નિવેદન ઓપરેશન સિંદૂરને લઈને હતું, જે હેઠળ ભારતીય સેનાએ ૭ મે ના દિવસે પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેતા પાકિસ્તાન અને PoKમાં આતંકી ઠેકાણા પર હુમલો કર્યો હતો. આ ઓપરેશનમાં ૧૦૦થી વધારે આતંકવાદીઓ ઠાર કર્યા હતાં. દેવડાએ આ કાર્યવાહી માટે વડાપ્રધાનના વખાણ કર્યા પરંતુ, વખાણ દરમિયાન તેમની જીભ લપસી ગઈ અને તેનાથી વિવાદ ઊભો થયો છે. હવે વિપક્ષ તેમના આ નિવેદનને સેનાનું અપમાન જણાવી તેમની ટીકા કરી રહ્યા છે.

કોંગ્રેસે આ નિવેદનને સેનાનું અપમાન જણાવ્યું છે. પાર્ટી તરફથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર પોતાના સત્તાવાર એકાઉન્ટ દ્વારા કહેવામાં આવ્યું કે, 'દેશની સેના અને સૈનિક વડાપ્રધાન મોદીના ચરણોમાં નતમસ્તક છે.' આ વાત મધ્યપ્રદેશના ભાજપ સરકારના નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવડા કહી રહ્યા છે. તેમનું આ નિવેદન ખૂબ જ શરમજનક છે. આ સેનાના શૌર્ય અને પરાક્રમનું અપમાન છે. જ્યારે આખો દેશ આજે સેનાની સામે નતમસ્તક છે, ત્યારે આપણી સેના માટે ભાજપ નેતાએ પોતાના નીચલી કક્ષાના વિચાર રજૂ કર્યા છે. ભાજપ અને જગદીશ દેવડાએ માફી માંગવી જોઈએ અને તેમને પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ.

# આજથી IPLનો પુન : પ્રારંભ બાકી બચેલી ૧૭ મેચ ૬ શહેરોમાં રમાશે

**સમય મિરર । નવી દિલ્હી**

આજે શનિવારથી નવ દિવસ બાદ ફરી ઈંડ્ક નો ઉત્સાહ ભેર શરૂઆત થશે. હવે બાકીની ૧૭ મેચ દેશના છ શહેરોમાં રમાશે. અંતિમ ચારમાં સ્થાન મેળવવાની રેસમાં સાત ટીમો છે. આમાંથી ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમો ફક્ત એક જીત સાથે પ્લેઓફની ટિકિટ કન્ફર્મ કરશે.

પંજાબ કિંગ્સે તેમની બાકીની ત્રણ મેચોમાંથી બે જીતવી પડશે .જ્યારે પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે તેમની બાકીની બંને મેચ જીતવી પડશે. દિલ્હી, કોલકાતા અને લખનૌએ બધી મેચ જીતવી પડશે. આ પછી જ આપણે અન્ય ટીમોના પરિણામો પર પણ આધાર રાખવો પડશે.

શુભમન ગિલની ગુજરાત ટીમ કાલે રવિવારે તેના હોમ ગ્રાઉન્ડ પર દિલ્હી સામે ફરી શરૂઆત કરશે. જો ટીમ દિલ્હી સામે જીત મેળવશે તો તે અંતિમ ચારમાં પહોંચી જશે. અને હાર દિલ્હીની મુશ્કેલીઓમાં વધારો કરશે.

ગુજરાતે પોતાની છેલ્લી બે મેચ ઘરઆંગણે રમવાની છે જ્યાં આ સિઝનમાં તેમનો જીત-હારનો રેકોર્ડ ૪-૧ છે. જો ગુજરાત ત્રણેય મેચ હારી જશે તો તે બહાર થઈ જશે આજે શનિવારે કોલકાતા અને બેંગલુરુ વચ્ચેની મેચ સાથે બેંગલુરુમાં લીગ ફરી શરૂ થશે.

આ જીત સાથે, બેંગલુરુ આ સિઝનમાં પ્લેઓફમાં પહોંચનારી પ્રથમ ટીમ બનશે. બેંગલુરુ બાકીની ત્રણેય મેચ હારી જાય તો પણ આગળ વધી શકે છે, જો અન્ય પરિણામો તેની તરફેણમાં આવે તો. બેંગલુરુને બે મેચ ઘરઆંગણે અને એક વિરોધી ટીમના મેદાન પર રમવાની છે.

પંજાબ તેની આગામી મેચ કાલે રવિવારે રાજસ્થાન સામે રમશે. ટીમને આગળ વધવા માટે બે મેચ જીતવી પડશે. તે ફક્ત એક મેચથી અંતિમ ચારમાં પહોંચી શકે છે પરંતુ આ માટે તેને અન્ય ટીમોના પરિણામો પર આધાર રાખવો પડશે.

બાકીની બંને મેચ જીત્યા પછી મુંબઈ સીધું આગળ વધશે. જોકે એક હાર અને એક જીત તેને હજુ પણ તક આપશે, પરંતુ આ માટે અન્ય પરિણામો તેના પક્ષમાં હોવા જોઈએ. મુંબઈ (૧,૧૫૬) નેટ રન રેટ શ્રેષ્ઠ છે. દિલ્હીએ ગુજરાત, મુંબઈ અને પંજાબ સામે રમવાનું છે.બે જીતથી તેના ૧૭ પોઈન્ટ થશે. હાલમાં, પાંચ ટીમોના ૧૭ પોઈન્ટ હોવાની અપેક્ષા છે. આવી સ્થિતિમાં, ત્રણેય જીત દિલ્હીનું પ્લેઓફમાં સ્થાન નક્કી કરશે.

# રાશનકાર્ડમાં E-KYCની ઝંઝાળ લાભાર્થીઓમાં છેલ્લી ઘડીએ દોડધામ

## E-KYC બાકી હોય તેને પુરવઠો આપવાનું બંધ

**સમય મિરર । રાજકોટ**




રાજ્યના પુરવઠા ખાતાએ ઈ-કેવાયસી મુદ્દે ભારે કડક વલણ અપનાવ્યું છે. ગઈકાલે સાંજ પછી ઓનલાઈન એકાએક લેવાયેલા નિર્ણય અનુસાર, જે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NSFA) કાર્ડ ધારકોનું ઈ-કેવાયસી તારીખ ૧૩મી સુધીમાં સંપૂર્ણ થયું છે, તેઓને જ પુરવઠો આપવામાં આવશે. આ સાથે જ, જે કાર્ડ હોલ્ડરોના ઈ-કેવાયસીની કામગીરી બાકી છે, તેઓને આજથી જ અનાજ, મીઠું સહિતનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે.

પુરવઠા વિભાગે NSFAકાર્ડ હોલ્ડરોના કાર્ડમાં જેટલા સભ્યોના નામ નોંધાયેલા છે, તેમાંથી જો બે-ત્રણ સભ્યોનું ઈ-કેવાયસી બાકી હશે તો પણ રાશન નહીં મળે. આ નિર્ણયને પગલે રાજકોટ સહિત રાજ્યભરના લાખો ગરીબ કાર્ડ ધારકોમાં ભારે દેકારો મચી ગયો છે અને ઠેર-ઠેરથી ફરિયાદોનો ઢગલો થઈ રહ્યો છે.

રાજકોટ શહેર અને જિલ્લાની વાત કરીએ તો અહીં ત્રણ લાખથી વધુ NSFAકાર્ડ હોલ્ડરો છે. જેમાંથી આશરે ૭૦ ટકા કાર્ડ હોલ્ડરોએ જ ઈ-કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ કરી છે. બાકીના ૩૦ ટકા એટલે કે અંદાજે ૮૦ થી ૯૦ હજાર કાર્ડ હોલ્ડરોની કામગીરી હજુ બાકી છે, જેના કારણે તેઓનો પુરવઠો અટકી ગયો છે. દરમિયાન, દુકાનદાર એસોસિએશનના અગ્રણી હિતુ જાડેજા અને પરેશભાઈ સહિતના આગેવાનોએ જણાવ્યું હતું કે પુરવઠા તંત્રએ ગઈકાલે સાંજે અચાનક આ નિર્ણય લીધો છે, જેના કારણે આગામી દિવસોમાં દુકાનદારો અને કાર્ડ ધારકો વચ્ચે ભારે ઘર્ષણના બનાવો બનવાની શક્યતા છે. આ બાબતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક દરમિયાનગીરી કરવી જરૂરી બની ગયું છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાંથી તુર્કી અઝરબૈજાનના ૧૦૦ બુકીંગ રદ્દ

## ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસો.ની દેશભક્તિને સલામ, કમાણી જતી કરી સામેથી બુકીંગ રદ કર્યા

**સમય મિરર । રાજકોટ**



ભારત પાકિસ્તાન વચ્ચે થયેલ યુદ્ધ મા પાકિસ્તાને ટેકો આપનાર તુર્કી હવે મુસીબત મા મુકાયું છે.પાકિસ્તાને ભારત સામે કેટલા ડ્રોન અને મિસાઈલ છોડી હતી જે તુર્કી સરકારે આપી હતી. તેમજ તુર્કી એ ખુલ્લેઆમ પાકિસ્તાન નું સમર્થન આપ્યું હતું. જેને પગલે ભારતમાં વિરોધનો વંટોળ ઉઠયો છે. હવે ભારતના લોકોએ બોયકોટ તુર્કીનું અભિયાન શરૂ કર્યું છે.જેમાં કેટલા વેપારીઓએ તુર્કી સાથેનો બિઝનેસ રદ્દ કર્યો છે.

આજથી બે વર્ષ પહેલા તુર્કીમાં આવેલા ભૂકંપમાં ભારતે દોસ્તી ઓપરેશન થકી સૌથી પહેલા મેડીકલ અને આર્મીની ટીમ મોકલી મદદ કરી હતી તે મદદ ભૂલી ભારતના દુશ્મન દેશની મદદે જતા દેશભરમાં તુર્કી તેમજ આઝરબૈજાનનો વિરોધ શરુ થયો.

મહારાષ્ટ્ર કે જે તુર્કીથી સૌથી વધુ સફરજન ઈમ્પોર્ટ કરતું હતું તે બંધ કરી દીધું છે, તો દેશના તમામ ટુર ઓપરેટરો તેમના તુર્કી અને અઝરબૈજાનના બુકિંગ કેન્સલ કરવાનું શરુ કરી દીધું છે. આ અંગે ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ સૌરાષ્ટ્રના પ્રમુખ જયેશભાઈ કેશરીયાએ જણાવ્યું કે ઝઅઅજ ના દરેક સભ્ય એજન્સી આ દેશો સાથે સંબંધિત કોઈપણ પેકેજનું પ્રચાર કે વેચાણ નહીં કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.અમે ઝઅઅજના તમામ સભ્યોને, ભલે તે ટ્રાવેલ એજન્સી હોય કે સપ્લાયર, આ નિર્ણયને સમર્થન આપવા અને આઝરબૈજાન અથવા તુર્કી સંબંધિત કોઈપણ બુકિંગ અથવા પ્રચાર પ્રવૃત્તિઓથી દૂર રહીશું એકલા સૌરાષ્ટ્રમાંથી જ

૧૦૦ જેટલા બૂકિંગ હતા જેને અમે સામેથી ફોન કરીને બૂકિંગ રદ કર્યા છે.

દરવર્ષે રાજકોટ થી ૫૦૦ થી ૬૦૦ લોકો તુર્કી અને અઝરબૈજાનના પ્રવાસે જાય છે. ત્યારે અનિશ્ચિત સમય સુધી આ ટુર રદ કરવામાં આવ્યા છે. રાજકોટ મા હાલ ૧૫૦ જેટલા એજન્ટો છે જે તુર્કી અને અઝરબૈજાનના પ્રવાસો કરાવતા હતા.

### વકીલોએ પણ તુર્કી-અઝરબૈજાનનો કર્યો બહિષ્કાર

ગુજરાતનાં વકીલોએ પણ તુર્કી અને અઝરબૈજાન દેશોના પ્રવાસનો બહિષ્કાર કર્યો છે. યુદ્ધ જેવી સ્થિતિમાં તુર્કી અને અઝરબૈજાને ભારત વિરુદ્ધ પાકિસ્તાનને મદદ કરતા વકીલોમાં રોષ છે. ત્યારે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલે બહિષ્કારની જાહેરાત કરી. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલે સમગ્ર ગુજરાતના વકીલ આલમને વિનંતી કરતા જણાવ્યું છે કે, તુર્કી અને અઝરબૈજાન દેશોએ યુધ્ધની સ્થિતિમાં પાકિસ્તાનને સપોર્ટ કર્યો હતો. આ બન્ને દેશોમાં ગુજરાતના વકીલોએ પ્રવાસ નહીં કરીને આર્થિક રીતે પાયમાલ કરીને આ બન્ને દેશોનો બહિષ્કાર કરવો જોઈએ. દુનિયામાં એવા અનેક દેશો છે જેમાં તુર્કી અને અઝરબૈજાન કરતા વધુ સુંદર અને આકર્ષક પ્રવાસના સ્થળો છે. જે.જે.પટેલે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર ગુજરાતના વકીલ આલમે તુર્કી અને અઝરબૈજાનમાં પ્રવાસ ટાળીને આ બન્ને દેશોનો સખત બહિષ્કાર કરવો જોઈએ.

### પ્રિ–મોન્સુન કામગીરીના ધતિંગનો પર્દાફાશ, હજુ તો મેઘરાજાએ દસ્તક દીધી, એટલામાં તો શહેર થયું જળબંબાકાર

# RMC ડૂબી મરો! માત્ર ૧ ઈંચમાં ગવલીવાડ પર વરસી આફત

■ ચોમાસુ નજીક છે, હજુ સુધી વોંકળા પૂરા સાફ થયા નથી, મોટાભાગના વિસ્તારમાં ભૂગર્ભ ગટર ચોકઅપ ■ ગવલીવાડ, સદર, જલારામ મંદિર પાસેના ૪૦૦૦થી વધુ વિસ્તારવાસીઓએ રાત આખી ઘરમાંથી ગંદા પાણી ઉલેચ્યા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ગઇકાલે સાંજે ચોમાસા જેવો તોફાની વરસાદ ખાબકતા પોણો કલાકમાં રાજકોટના સંખ્યાબંધ વિસ્તારો પાણીથી જળબંબાકાર થઇ ગયા હતા. અહીં મનપાના શાસકો-તંત્ર વાહકોને ડૂબી મરવા જેવુ એટલા માટે છે કે માત્ર એક ઈંચ વરસાદમાં જ પ્રિ-મોન્સુન કામગીરીની પોલ પણ ખુલી ગઇ હતી. તેમાં પણ વોર્ડ નં.૭ના સદરના ગવલીવાડ વિસ્તારમાં તો નાના પુલના કામ અને પડેલા ઝાડના કારણે પાણીનો પ્રવાહ અટકી જતા લોકોના ઘરમાં પાણી ઘુસી ગયાની હાલત સર્જાઇ હતી. ગવલીવાડ અને આસપાસના ૪૦૦૦થી વધુ લોકો ઉપર કાલલે માત્ર એક ઈંચ વરસાદમાં આફત ઉતરી પડી હતી.


(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

મહાનગરમાં ગઇકાલે સાંજે વેસ્ટ ઝોનમાં સૌથી વધુ બે ઇંચ (૫૧ મીમી), સેન્ટ્રલ ઝોનમાં ૧ ઇંચ (૨૭ મીમી) અને ઇસ્ટ ઝોનમાં પણ ૧ ઇંચ (૨૭ મીમી) વરસાદ નોંધાયો હતો. માત્ર ૪૫ મીનીટ છતા અનરાધાર વરસાદ ખાબકતા લોકો જયાં હતા ત્યાં જ અટકી ગયા હતા. શહેરના પ્રહલાદ પ્લોટ, ગવલીવાડ સહિતના વિસ્તારમાં ત્રણ વૃક્ષ પડયાની ફરિયાદો આવી હતી. સામાકાંઠે ભાવનગર રોડ ઝોન ઓફિસ પાસેના અમુક નીચાણવાળા ભાગમાં પણ અમુક મકાનમાં પાણી ઘુસ્યા હતાં તો માધાપર ચોકડી, ૧૫૦ ફુટ રોડ, લીમડા ચોક, સદર, ઢેબર રોડ, ગોંડલ રોડ, ઈસ્ટ ઝોનમાં ભાવનગર રોડ, કુવાડવા રોડ પર ઘણી જગ્યાએ પાણી ભરાઇ જતા વાહનો અટકાઇ ગયા હતા. સૌથી ખરાબ હાલત સદર વિસ્તારના ગવલીવાડ વિસ્તારની થઇ હતી. અહીં જલારામ મંદિરના આગળના ભાગે આવેલો નાનો પુલ તોડીને નવું બાંધકામ ચાલી રહ્યું છે. તેનો કાટમાળ પણ પડયો હતો. વધુમાં એક વૃક્ષ પણ આગળ પડેલું હતું. દરમ્યાન ભારે વરસાદના કારણે સર્વેશ્વર ચોક તરફથી પણ વોંકળાના વહેણનું પાણી યાજ્ઞિક રોડ, જાગનાથ થઇને સદર સુધી પહોંચી ગયું હતું. હવે ગવલીવાડથી પાણી આગળ જવાનું અટકી જતા લોકોના ઘરમાં પાણી ઘુસ્યા હતા. નીચાણવાળા ભાગમાં આવેલા અનેક મકાનોમાં ઘરવખરી પલળી જતા નુકસાન પણ થયું હતું. પરંતુ પાણી નીકળતું ન હતું. અંતે મોડેથી કોર્પોરેટરોએ કમિશનર સુધી જાણ કરતા તોતીંગ ઝાડ હટાવવા માટે જેસીબી મોકલવામાં આવ્યું હતું. સાથે જ કાટમાળ પણ ખસેડવામાં આવ્યો હતો. જે બાદ પાણી આગળ વહેતુ થયું હતું. પરંતુ ત્યાં સુધીમાં આ વિસ્તારમાં જળબંબાકાર જેવી હાલત સર્જાતા લોકોને ચોમાસામાં શું થશે તેવો વિચાર આવી ગયો હતો. ગોંડલ રોડ, ટાગોર રોડ, ભકિતનગર, સોરઠીયાવાડી, કુવાડવા રોડ, પેડક રોડ, પારેવડી ચોક, ભાવનગર રોડ સહિતના અનેક ભાગોમાં જળબંબાકાર દેખાયું હતું.

## મેયર ઉંઘમાંથી જાગ્યા!! મ્યુનિ. કમિશનરને હવે આપશે પ્રિ–મોન્સુનની સુચના !

ગઇકાલે રાજકોટમાં પડેલા વરસાદમાં કોર્પો.ની પ્રિ-મોન્સુન કામગીરી તો ઉઘાડી પડી ગઇ છે. આ સમગ્ર હાલતથી આજે મેયર નયનાબેન પેઢડીયા વાકેફ થયા હતા અને આ કામ માટે તુરંતમાં કમિશનર સાથે ચર્ચા કરી વહેલાસર સમગ્ર ચોમાસાની પ્રિ-મોનસુન કામગીરી સિસ્ટમ ગોઠવવા સૂચના આપશે તેમ જણાવ્યું છે. ગવલીવાડથી માંડી સામાકાંઠા સુધી પાણી ભરાવાની સ્થિતિના રીપોર્ટ મેયરે મંગાવ્યા હતા અનેક વિસ્તા-રમાં હજુ વોંકળા સફાઇ ચાલતી હતી ત્યારે જ કમોસમી વરસાદ ખાબકતા આ કામ ધોવાયુ છે અને બાકીનું અટકયું છે તેમ મેયરનું કહેવું છે. પરંતુ હવે ચોમાસુ વહેલુ બેસવાના વરતારો આવ્યા છે. આથી પ્રિ-મોન્સુન કામગીરી માટે તાબડતોબ સબંધીત વિભાગના અધિકારીઓને જવાબદારી સોંપવા ચર્ચા કરાશે તેમ નયનાબેન પેઢડીયાએ કહ્યું હતું.

# વડ વાજડીથી વાગુદડ રોડની કાયાપલટનું કામ શરૂ, પાંચ કરોડના ખર્ચે સિમેન્ટથી મઢાશે

### રિયલ એસ્ટેટના વિકાસને મળશે વધુ વેગ : લોધિકા, મેટોડા અને વડ વાજડી–વાગુદડ રોડ પરના ઔદ્યોગિક એકમોના પરિવહન માટે પણ સિમેન્ટ રોડ આશિર્વાદરૂપ

### દર વર્ષે ચોમાસામાં નવો બનેલો ડામર રોડ હોવા છતાં ધોવાઇ જવાની સમસ્યામાંથી થશે કાયમી છૂટકારો

**સમય મિરર | રાજકોટ**



રાજકોટની ભાગોળે વિકસિત એવા કાલાવડ રોડ અને બીજીબાજુ રિંગરોડ-૨ને કનેક્ટિવિટી મળતા વડ વાજડીની સીમથી વાગુદડ તરફના રોડની કાયાપલટ કરવાનું કામ શરૂ થયુ છે. આ રોડ રૂ.૫ કરોડના ખર્ચે સિમેન્ટથી મઢાઇ રહ્યો છે. હાલ તો સિંગલ પટ્ટીમાં સીસી રોડ બનશે. આમછતા આ સિંગલ પટ્ટી સિમેન્ટ રોડથી રિયલ એસ્ટેટ ક્ષેત્રે સોનાનો સુરજ ઉગશે તેમા કોઇ બે મત નથી. રિયલ એસ્ટેટની સાથે લોધિકા, મેટોડા જીઆઇડીસી તેમજ વડ વાજડીથી વાગુદડ અને લોધિકા રોડ પર જે સંખ્યાબંધ કંપની-કારખાનાઓ બન્યા છે તેનો વાહન વ્યવહાર માટે પણ આ સિમેન્ટ રોડ આર્શિવાદરૂપ સાબિત થશે.

લોધિકા પંથક હેઠળ ૩૮ ગામ આવેલા છે. તેના સરપંચ એસોસિએશનના ઉપપ્રમુખ હરીપર પાળ ગામના મુનાભાઇ આહીરે જણાવ્યુ હતુ કે, વડ વાજડીની સીમથી વાગુદડ થઇને લોધિકા તાલુકા પંચાયત કચેરી સુધીનો રસ્તો એ આ પંથકનો રાજમાર્ગ છે. તેના ડેવલપમેન્ટ માટે અમે છેલ્લાં ઘણા સમયથી મંત્રી અને આ વિસ્તારના ધારાસભ્ય ભાનુબેન બાબરિયા સમક્ષ રજૂઆત કરતા આવ્યા છીએ. એ દરમિયાન અગ્રતના ધોરણે વડ વાજડીના સિમાડેથી નીકળતી ડામર પટ્ટી દર વર્ષે ચોમાસામાં ધોવાણ થઇ જતી હોય તેનો કાયમી ઉકેલ લાવવા માટે ત્રણ તબક્કે રૂ.૫ કરોડના ખર્ચે સિમેન્ટ રોડ મંજૂર થયો છે. હાલ વડ વાજડીની સીમમાં રાવતભાઇ રાઠોડની વાડીથી ચંદુભાઇની વાડી સુધીના અંતરમાં બનશે. એ પછી બીજા તબક્કામાં બાલાજીના ફાર્મહાઉસથી અને ત્રીજા તબક્કામાં મેલડી માતાજીના મંદિર(કે.કે.પાન) પાસેથી બનશે.

સિમેન્ટ રોડના ત્રણેય તબક્કાનું કામ પુર્ણ થયા બાદ રિયલ એસ્ટેટ ક્ષેત્રે વિકાસ જેટગતિએ થશે તેમા શંકાને કોઇ સ્થાન નથી. રહેણાંક વસાહત માટેની પ્રાથમિક જરૂરિયાતમાં સૌપ્રથમ રોડ આવે છે. એ પછી પાણી, ભૂગર્ભ, સ્ટ્રીટલાઇટ, સફાઇ સહિતની આનુસંગિક પ્રાથમિક જરૂરિયાત વિકસાવવામા આવે એટલે રિયલ એસ્ટેટ પૂરપાટ દોડવા લાગે. અહીં વડ વાજડીથી વાગુદડ સિમેન્ટ રોડનું કામ પુર્ણ થયા પછી આ વિસ્તારની કાયાપલટ થવા લાગશે તે નિશ્ચિત છે. હાલ સિમેન્ટ રોડનું કામ સારી ગુણવતા સાથે ખુબ ઝડપભેર ચાલી રહ્યુ છે.

| આટલા ગામને પણ મળશે એપ્રોચનો લાભ |
|---|
| વડ વાજડી |
| વાગુદડ |
| બાલસર |
| હરીપર |
| ચીમડા |
| લોધિકા |
| ચાંદલી |
| રાવકી |
| અભેપર |

### હાલ સિંગલ પટ્ટી સિમેન્ટ રોડ, ડબલ પટ્ટીની માંગણી ક્યારે પૂરી થશે?

સરપંચ મુનાભાઇ આહીર(હરીપર પાળ), ડો.ઘનશ્યામભાઇ રામાણી(જશવંતપુર) અને મુકેશભાઇ વીરડા(વાગુદડ)ના જણાવ્યા વડવાજડીથી વાગુદડ સુધી હાલ ડામર રોડની સિંગલ પટ્ટી છે જ. હાલ માત્ર એ સિંગલ પટ્ટી પર જ સિમેન્ટ રોડ મંજૂર થયો છે. અહીં ટુ ટ્રેક બનાવી શકાય તેવી જોગવાઇ છે. ખુલી જગ્યા મળે જ છે. લોધિકા તાલુકાના ૩૮ ગામના રહેવ-ાસીઓની માગણી ડબલ ટ્રેક સિમેન્ટ રોડ બનાવવાની હતી. તેમાથી હાલ સિંગલ પટ્ટી બની રહ્યો છે ત્યારે ગ્રામજનોની લાગણી એવી છે કે, ડબલ ટ્રેક સિમેન્ટ રોડ પણ ઝડપથી બને.

### નંદનવન રેસીડેન્સી પાસે આવેલી ડેરીમાં મનપાનો દરોડો

# દામોદર ડેરી ફાર્મમાં વેચાય છે 'બિમારી'

### વાસી મીઠાઇ, બિનઆરોગ્યપ્રદ દૂધ, ચટણી, ચોકલેટ દાણા સહિત ૨૦૫ કિલો સામગ્રીનો નાશ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના નંદનવન રેસીડેન્સી પાસે આવેલી દામોદર ડેરી ફાર્મમાં મનપાની ફૂડ શાખાએ દરોડો પાડ્યો હતો. ચેકીંગ દરમિયાન વાસી મીઠાઇ, ચોકલેટ દાણા, ચટણી, દૂધ સહિત ૨૦૫ કિલો અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો.

મનનપાના સર્વેલન્સ ચેકિંગ દરમિયાન નંદનવન રેસીડેન્સી, શોપ નં.૮-૯, જય વિજય છાત્રાલય પાછળ, રાજકોટ મુકામે આવેલ "દામોદર ડેરી ફાર્મ" પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ પડતર વાસી થયેલ અલગ અલગ પ્રકારની મિક્ષ દૂધની અખાદ્ય મીઠાઇ, માવો, એક્સપાયરી થયેલ ક્રંચ દાણા, ચોકલેટ દાણા તથા ચટણી વગેરે મળીને કુલ ૨૦૫ કિ.ગ્રા. અખાદ્ય જથ્થોનો જીઆ ના વાહનમાં સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ ફટકારવામા આવી હતી.



### આટલી જગ્યાએથી નમુના લેવાયા

(૧) VADILAL GOURMET CRUNCHY- BUTTERSCOTH ICE-CREAM (FROM 2 L PKD TUB): સ્થળ- ઓમ સાંઇ ટ્રેડિંગ, બેકબોન શોપિંગ સેન્ટર સામે, RDC બેંકની બાજુમાં, માયાણી ચોક

(૨) VADILAL VANILA FLAVOURED ICE-CREAM (FROM 700ML/400 GM PKD): સ્થળ- ઓમ સાંઇ ટ્રેડિંગ, બેકબોન શોપિંગ સેન્ટર સામે, RDC બેંકની બાજુમાં, માયાણી ચોક

(૩) HAVMOR BLOCKBUSTER MANGO MAGIC, WHITE COMPOUND COVERING COATED ICE CREAM (FROM 80 ML PKD): સ્થળ- શ્રુતિ એન્ટરપ્રાઇઝ, નવલનગર-૪, મેઇન રોડ કોર્નર, મવડી મેઇન રોડ

(૪) HAVMOR RAJBHOG ICE CREAM (FROM 700 ML PKD): સ્થળ- શ્રુતિ એન્ટરપ્રાઇઝ, નવલનગર-૪, મેઇન રોડ કોર્નર, મવડી મેઇન રોડ

### કોઠારિયા રોડ પર ફૂડ લાયસન્સ વગરના ૧૭ ધંધાર્થી પકડાયા

મનપાની ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના હૂડકો કોઠારીયા મેઇન રોડ તથા સાંઇબાબા સર્કલ થી રોલેક્ષ રોડ- કોઠારીયા વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૪૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૭ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૩૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. ફૂડ લાયસન્સ વગર ઝડપાયેલા (૦૧)ગોપી ડાઈનિંગ હોલ, (૦૨)જય ભવાની પ્રોવિઝન સ્ટોર, (૦૩)સબરસ રેસ્ટોરન્ટ, (૦૪)શ્રીજી સોપારી, (૦૫)મઢૂલી કોલ્ડ્રિક્સ, (૦૬)મહાદેવ રેસ્ટોરન્ટ, (૦૭)રવિ મદ્રાસ કાફે, (૦૮)ઘનશ્યામ પૂરી શાક, (૦૯)ઠાકર દાળપકવાન, (૧૦)રામદેવ ડેરી ફાર્મ, (૧૧) ખોડિયાર રેસ્ટોરન્ટ, (૧૨)ક્રિષ્ના ખમણ, (૧૩) ગણેશ સેલ્સ એજન્સી, (૧૪)મનપસંદ નાસ્તા હાઉસ, (૧૫)દિલખુશ પાણીપૂરી, (૧૬)લક્ષ્મી ફૂડ ઝોન અને (૧૭)શિવ છોલે કુલ્ચેને નોટિસ ફટકા-રવામા આવી હતી.

# રૂડાના ૪૮ ગામમાં પીવા માટેના પાણીનું કરાશે લાંબાગાળાનું આયોજન

### પાણી પુરવઠા મંત્રી બાવળિયાએ રૂડાના ચેરમેન તુષાર સુમેરા સાથે કરી મિટિંગ

**સમય મિરર | રાજકોટ**

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુવરજીભાઈ બાવળીયાએ રૂડા હેઠળ આવતા ૪૮ ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા અંગે સમીક્ષા બેઠક યોજી લોકોને પીવાના પાણીની મુશ્કેલી ન રહે તે માટે લાંબા ગાળાનું સુનિયોજિત આયોજન કરવા તેમજ પાણી પુરવઠા યોજના હેઠળ વિવિધ તાલુકાના ગામોમાં પાણી વ્યવસ્થાપન અંગે વિગતે માહિતી મેળવી હતી. જરૂર પડ્યે રાજ્ય સરકાર દ્વારા તમામ સાધન સુવિધા મળી રહેશે તેની ખાત્રી ઉચ્ચારી અધિકારીઓને લાંબા ગાળાનું આયોજન કરવા જણાવ્યું હતું.

રાજકોટ શહેરી સત્તા મંડળ (રૂડા) ના ચેરમેન તુષાર સુમેરાએ હાલની પરિસ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ તાલુકાના ૩૦ ગામ, લોધીકા તાલુકાના ૧૦ ગામ, પડધરી તાલુકાના ૬ ગામ અને કોટડા સાંગાણી તાલુકાના ૨ ગામોનો રૂડામાં સમાવેશ થાય છે. જેમાં જી.ડબ્લ્યુ.એસ.એસ. બી. દ્વારા જૂથ યોજના હેઠળ પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

હાલની સ્થિતિએ બલ્ક વોટર સપ્લાય સ્કીમ અંતર્ગત પ્રથમ ફેઝમાં રાજકોટ તાલુકાના ૧૫, પડધરી તાલુકાના ૫ તેમજ લોધીકા તાલુકાના ૨ ગામો મળી કુલ ૨૦ ગામોમાં અમલીકરણ થઈ ચૂક્યું છે.

# હિરાસર એરપોર્ટે કોન્ટ્રાક્ટર અને ખાનગી ટેક્સી એસોસિએશન આમને સામને

### કોન્ટ્રાક્ટર એજન્સીએ કાઉન્ટર પર રાખી બે 'લેડીડોન' ખાનગી ટેક્સી ચાલકોને અપાય છે છેડતીની ધમકી

**સમય મિરર | રાજકોટ**

હીરાસર એરપોર્ટ ખાતે અગાઉ પેસેન્જર ભરવા બાબતે મારામારી સહિતના બનાવો પ્રકાશમાં આવ્યા બાદ એરપોર્ટમાં ટેક્સીનો કોન્ટ્રાકટ ધરાવતી કંપનીનો ડ્રાયવર બે માથાભારે મહિલાઓ સાથે મળી અવાર નવાર ગાળો આપી, ખોટા કેસમાં ફિટ કરી દેવાની ધમકી આપતો હોય તેમજ મારવા દોડતો હોય તેવા આક્ષેપ સાથેની અરજી પોલીસ કમિશનરને કરવામાં આવી છે. પોલીસ કમિશનરને આપવામાં આવેલ અરજીમાં મવડી પ્લોટ વિસ્તારમાં મારુતિનંદનનગર શેરી નંબર-૧ માં રહેતા અને ટેક્સી ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા જયદીપભાઇ હરેશભાઈ અસવાર નામના ૨૯ વર્ષીય યુવાને આરોપી તરીકે હીરાસર એરપોર્ટમાં ટેક્સનો કોન્ટ્રાકટ ધરાવતી બઝ વે કંપનીના ડ્રાઈવર વિક્રમસિંહ ઉપરાંત બામણબોરના શકુંતલાબેન અને પરમીલાબેન રાયજાદાનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ એરપોર્ટમાં ટેક્સી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ટેક્સી ડ્રાયવર એસોસિએશનમાં ૪૫ સભ્યો છે. હીરાસર એરપોર્ટ ખાતેથી પેસેન્જર ભરવા બાબતે વિક્રમસિંહ અવાર નવાર અમારા ખાનગી ટેક્સી ડ્રાયવર એસો.ના સભ્યો સાથે ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપે છે તેમજ અવાવરું સ્થળે લાકડી, ધોકા, પાઇપ લઈને મારવા દોડે છે. અરજદારે જણાવ્યું હતું કે, એકાદ વર્ષ પૂર્વે શકુંતલાબેન અને પરમીલાબેન રાજાયદા નામની મહિલાએ અમને લાલચ આપી હતી કે, તમને હીરાસર એરપોર્ટ ખાતે સ્વતંત્ર ટેબલ અપાવી દઈશું જેથી તમે ટેક્સી ડ્રાયવર એસો.ના સભ્યો સરળતાથી ધંધો કરી શકશો.


(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

દરમિયાન ગત તા. ૧૪-૪-૨૦૨૫ ના રોજ હિરાસર એરપોર્ટની અંદર બઝ વે કંપનીનો ડ્રાઇવર વિક્રમસિંહ ટેક્સી ભરવા બાબતે અમને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ હતો ગાડી તળે કચડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. જે બાબતે અમે અગાઉ પોલીસ કમિશનર કચેરી ખાતે અરજી પણ કરેલી હતી. જે અરજી પરત ખેંચી લેવા વિક્રમસિંહ દ્વારા અમને ધાક ધમકી આપી દબાણ કરવામાં આવે છે, અરજી પાછી નહીં ખેંચીએ તો અમને છેડતીમાં ફીટ કરવાની ધમકી તેમજ કાર તળે કચડી નાખી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવે છે.

### ટેક્સી એસો. પાસેથી મહિને રૂા. ૨૦ હજારના 'ઉઘરાણાં'

જેના બદલામાં પૈસા દેવા પડશે તેવું જણાવતા અમે ટેક્સી ડ્રાયવર એસો. છેલ્લા આઠેક માસથી દર મહિને રૂ. ૨૦ હજાર બંનેને ચૂકવતા હતા પણ છ માસમાં ટેબલ અપાવી દેવાનો વાયદો પૂર્ણ નહિ થતાં અમે પૈસા આપવાનું બંધ કરી દીધું હતું. જેથી બંને મહિલાઓ વિક્રમસિંહ સાથે મળી અમને ધાક ધમકીઓ આપતાં હતા. ઉલ્લેખનીય છે કે, બંને મહિલાઓને એરપોર્ટ સાથે કોઈ લેવા દેવા ન હોય ફક્ત આ પ્રકારે જ વચેટિયાની ભૂમિકામાં આવી પૈસા પડાવે છે તેવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

### પોલીસ કમિશનર સમક્ષ એસો.ની ધા

રાજકોટના હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બહાર પેસેન્જર લેવા બાબતે ખાનગી કંપનીના કેબ ચાલકો અને ખાનગી ટ્રાવેલ્સ અને ટેકસી ચાલકો વચ્ચે માથાકુટ ચાલતી હોય અવારનવાર આ મામલે પોલીસમાં અરજી પણ કરવામાં આવે છે. બે દિવસ પૂર્વેની ઘટનાનો વિડિયો વાયરલ થયો ત્યારે આ ઘટનાને લઈને ખાનગી ટેકસી ચાલકો દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરી બે મહિલા અને બઝ-વે કંપનીના ચાલક સામે કાર્યવાહી કરવા પોલીસ કમિશનર સમક્ષ માંગ કફરવામાં આવી છે. શહેરના મવડી પ્લોટમાં રહેતા જયદીપભાઈ હરેશભાઈ અસ્વાર સહિતના ખાનગી ટ્રાવેલ્સ અને ટેકસીના ડ્રાયવરો દ્વારા પોલીસ કમિશનરને કરેલી રજૂઆતમાં બઝ-વે કંપનીના ડ્રાયવર વિક્રમસિંહ તથા બામણબોરની મહિલા સકુંતલાબેન, પરમીલાબેન રાયજાદાનું નામ આપ્યું છે. ટેકસીમાં મુસાફરો બેસાડવા બાબતે અવાર નવાર ખાનગી કંપનીના કેબ ચાલકો માથાકુટ કરતાં હોય અને આ મામલે અગાઉ કુવાડવા પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ કર્યા છતાં આ મામલે કોઈ ચોક્કસ કાર્યવાહી કરવામાં આવતી નહીં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ટેકસી એસોસીએશન દ્વારા કેબ ચાલકોની દાદાગીરી મામલે પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવતી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે ખાનગી ટ્રાવેલ્સના ચાલકોએ પોલીસ કમિશનરને યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી.

### આ બન્ને નેતાઓના પોસ્ટરને રાજકોટમાં લાત પડી, બેનર સળગ્યા

# 'કોર્પોરેટર સુરેજા અને મંત્રી શાહ દેશના ગદ્દાર'!

### મ.પ્ર.ના મંત્રી વિજય શાહે દેશના વિરાંગના કર્નલ સોફિયાનું અપમાન કર્યુ, પૂર્ણ યુદ્ધ જેવા મોદીને ૪૦૦ સીટ આપવાનું કહેનાર રાજકોટના કોર્પોરેટર ચેતન સુરેજાએ શૌર્ય શક્તિનું અપમાન કર્યુ

### કોંગ્રેસના પ્રદેશ નેતા મહેશ રાજપૂતની આગેવાની હેઠળ કરાયા આક્રોષભેર દેખાવો

**સમય મિરર | રાજકોટ**

ભારતીય સૈન્યના ઓપરેશન સિંદૂર બાદ બફાટ કરી ભારતીય સૈન્ય અને દેશના નાગરિકોનું અપમાન કરનાર મધ્યપ્રદેશના ભાજપના મંત્રી વિજય શાહ તેમજ રાજકોટ ભાજપના કોર્પોરેટર ચેતન સુરેજાના પુતળાનું દહન કરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગ દ્વારા આજે શહેરના હાર્દસમા યાજ્ઞિક રોડ પર વિરોધ પ્રદર્શન કરી સુત્રોચ્ચાર કરવામાં આવેલ હતા.

આ અંગે પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ મહેશભાઈ રાજપુતે જણાવ્યું હતું કે સમગ્ર ભારત દેશની જનતા જયારે ભારત દેશના વરિષ્ઠ સૈન્ય અધિકારી કર્નલ સોફિયા કુરેશીને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી રહી છે.

ત્યારે ભાજપના મધ્યપ્રદેશ રાજયના મંત્રી વિજય શાહએ ભારત દેશની જાંબાજ દિકરી ઉપર અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા છે. ત્યારે મધ્યપ્રદેશ હાઈકોર્ટે પણ ફકત ૪ કલાકમાં એફઆઈઆર નોંધવા અને ગુન્હો દાખલ કરવા હુકમ કરેલ છતા ભાજપ સરકાર અને વડાપ્રધાન મોદી શા માટે મૌન છે? વિજય શાહ સામે સુપ્રીમ કોર્ટે પણ આકરી ટીકા કરી છે પણ ૫૬ની છાતી વાળા વડાપ્રધાન ચુપકીદી સાધી છે. બીજીબાજુ રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના કોર્પોરેટર ચેતન સુરેજાએ સોશિયલ મીડિયામાં એક મેસેજ મૂકયો હતો કે ૨૪૦ સીટમાં આટલું જ યુધ્ધ જોવા મળે આ યુધ્ધ જોવા ૪૦૦ સીટ આપવી પડે! ભાજપ કોર્પોરેટર ચેતન સુરેજાએ ચેષ્ટા કરી છે અને ભારત દેશના નાગરિકોનું અને સૈન્યનું અપમાન કર્યુ ધિક્કાર છે. આવા ભાજપના નેતાઓને દરેક સમયે મતની રાજનીતિ સુજે છે કારણ કે ભાજપને દરેક કાર્યમાં માત્ર વોટ બેંક વધારવી તેના સિવાય કોઈ વિચાર હોતો નથી.



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

તંત્રીલેખ



# ટ્રમ્પનું ટેરિફ ટ્રેડ વોરનું શસ્ત્ર બૂમરેંગ સાબિત થયું

ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકાનું પ્રમુખપદ સંભાળતા જ આખી દુનિયામાં ટેરિફ વોર છેડી દીધી હતી અને ચીન સહિતના દેશો સૌથી પહેલાં અમેરિકાના ટેરિફનો વાર લાગ્યો હતો. ટ્રમ્પે ચીનમાંથી ફેન્ટાનિલ ઠાલવવામાં આવે છે અને તેના કારણે અમેરિકાનું યુવાધન બરબાદ થઈ ગયું છે એવો દાવો કરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં ફેન્ટાનિલ સંકટને નેશનલ ઈમરજન્સી જાહેર કરી હતી.

ચીન પર દોષારોપણ કરીને ફેબ્રુઆરીમાં ચીનના માલ પર ૨૦ ટકા ટેરિફ લાદ્યો હતો. એ પછી એપ્રિલમાં ટ્રમ્પે ચીની ઈમ્પોર્ટ પર ૩૪ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાદ્યો કેમ કે ચીનમાં અમેરિકાના માલ પર ૩૪ ટકા ટેક્સ લગાવાયો છે. ચીને અમેરિકા સામે ઝૂકીને ડ્યૂટી ઘટાડવાનો ઈનકાર

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીન પર આકરા ટેરિફ લાદવાની જાહેરાત કરી ત્યારે બહુ ફડાકા માર્યા હતા. ટ્રમ્પે ઉપરાછાપરી ટેરિફ લાદીને ચીન હવે પછી અમેરિકાની ભલમનસાઈનો દુરૂપયોગ નહીં કરી શકે એવા દાવા કરેલા. ટ્રમ્પે ચીનને દબાવવા માટે ધડાધડ ટેરિફ લાદીને ટેરિફનો દર ૧૫૦ ટકાને પાર કરાવી દીધો હતો, પણ એક મહિનામાં તો ટ્રમ્પ હાંફી ગયા અને ચીન સાથે પાછી દોસ્તી કરી લીધી. મજાની વાત એ છે કે, ચીનને પતાવી દેવાની વાતો કરનારા ટ્રમ્પે સામેથી ચીન સાથેનો વ્યાપાર પૂર્વવત કરવા દોસ્તીનો હાથ લંબાવ્યો અને તેના પગલે સ્વિટ્ઝર્લેન્ડના જીનિવામાં અમેરિકા અને ચીન વચ્ચે ચાલેલી મંત્રણાના અંતે સોદાબાજી થઈ ગઈ છે.

જીનિવામાં બે દિવસની વાતચીત બાદ બંને દેશો વચ્ચે થયેલા કરાર પ્રમાણે બંને દેશો એકબીજા પર આકરા ટેરિફ હમણાં સ્થગિત કરશે અને ભવિષ્યમાં કઈ રીતે વ્યાપાર કરવો તેનું નવું મિકેનિઝમ તૈયાર કરશે. ગયા મહિને ટ્રમ્પે ચીની માલ પર ૧૪૫ ટકા ટેરિફ લાદ્યો હતો, ચીને પણ અમેરિકન માલ પર ૧૨૫ ટકા સુધીનો ટેરિફ લાદ્યો હતો. વિશ્વની બે સૌથી મોટી આર્થિક મહાસત્તા વચ્ચેનો વાર્ષિક ૬૦૦ અબજ ડોલરનો વેપાર લગભગ બંધ થઈ ગયો હતો અને બંનેની આર્થિક હાલત ખરાબ થવા માંડી હતી. છેવટે ટ્રમ્પે નમતું જોખતાં બંને વચ્ચે પાછી દોસ્તી થઈ ગઈ.

ચીન અને અમેરિકા વચ્ચેના વ્યાપાર કરારને પશ્ચિમનું મીડિયા ટ્રમ્પની મોટી જીત ગણાવે છે, પણ વાસ્તવમાં આ ચીનની જીત છે. ચીને અમેરિકાને મહિનામાં જ હંફાવી દઈને સાબિત કર્યું છે કે, હવે અમેરિકા દુનિયાનો દાદો નથી અને ચીનને દબાવવાની તાકાત અમેરિકા પાસે પણ નથી. એક અઠવાડિયા પહેલાં ટ્રમ્પે ચીન સાથે વ્યાપાર કરારના સંકેત આપ્યા હતા અને કહ્યું હતું કે, ચીન પર લાદવામાં આવેલા ટેરિફ ઘટાડી શકે છે. ટ્રમ્પે સ્વીકારેલું કે વર્તમાન ટેરિફ દર એટલા બધા છે કે બંને દેશોએ એકબીજા સાથે વેપાર કરવાનું બંધ કરી દીધું છે. ચીન પરનો ટેક્સ ઘટાડવામાં નહીં આવે તો તેમની સાથે વેપાર

કરવાનું શક્ય બનશે નહીં. ટ્રમ્પે પડયા પછીય ટંગડી ઉંચી રાખતાં કહેલું કે, ચીનનું અર્થતંત્ર હાલમાં મુશ્કેલીમાં છે અને ચીનમાં ફેક્ટરીઓ ૨૦૨૩ પછી સૌથી ખરાબ સ્થિતિમાં છે. એક્સપોર્ટના ઓર્ડરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે અમેરિકા અને ચીનના વ્યાપાર કરારને જોતાં તો ચીન કરતાં વધારે ખરાબ હાલત અમેરિકાની હોય એવું લાગી રહ્યું છે અને ચીન કરતાં વધારે ગરજ અમેરિકાને હોય એવું લાગી રહ્યું છે.ટ્રમ્પ એ પછી ટેરિફ પર ટેરિફ લાદતા ગયા અને ટેરિફ દર ૧૫૦ ટકાની આસપાસ પહોંચી ગયો.

ડોનાલ્ડ ટ્રમ્પે વટને ખાતર ચીનના માલ પર જંગી ટેરિફ તો લાદી દીધો પણ એક પખવાડિયામાં જ ટ્રમ્પે પારોઠનાં પગલાં ભરવા માંડ્યાં હતાં અને અમેરિકા હાંફવા માંડયું હતું. ટ્રમ્પના ટેરિફ વારના જવાબમાં ચીને વળતો હુમલો કરીને જેવા સાથે તેવાનું વલણ અપનાવેલું. ચીને પણ સામે અમેરિકાના માલ પર ૧૨૫ ટકા ટેરિફ ઠોકી દેતાં બઘવાઈ ગયેલા ટ્રમ્પે પારોઠનાં પગલાં ભરવાની શરૂઆત કરીને ચીનની ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સ પરનો ટેરિફ મોકૂફ રાખવાની જાહેરાત કરાઈ હતી.

યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન દ્વારા એક ડઝનથી વધુ ચીનની પ્રોડક્ટ્સને ટ્રમ્પ દ્વારા ૨ એપ્રિલથી ચીન પર લાદવામાં આવેલા ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી હતી. ટ્રમ્પે પહેલાં ચીનનાં કમ્પ્યુટર્સ, લેપટોપ, ડિસ્ક ડ્રાઈવ્સ અને ઓટોમેટિક ડેટા પ્રોસેસિંગ સાધનો પર તોતિંગ ટેરિફ લાદેલો, પણ પછી ગુલાંટ લગાવીને કહી દીધેલું કે, અમેરિકા ચીનના આ માલ પર હવે કોઈ ટેરિફ નહીં લાદે. આ ઉપરાંત સ્માર્ટફોન, મેમરી કાર્ડ્સ, સેમિકન્ડક્ટર ડિવાઈસ, સોલર સેલ, મોડેમ, રાઉટર્સ અને ફ્લેટ પેનલ ડિસ્પ્લે પર પણ અમેરિકામાં કોઈ ટેરિફ નહીં લાગે એવી જાહેરાત કરાઈ હતી.

ટ્રમ્પે ગુલાંટ લગાવીને આ નિર્ણય લેવો પડયો કેમ કે ચીનના માલ પર લાદવામાં આવેલા ટેરિફના કારણે અમેરિકાની એપલ, માઈક્રોસોફ્ટ, એચપી, ઈન્ટેલ, એનવીડિયા સહિતની મોટી કંપનીઓની હાલત બગડી ગઈ હતી. ચીનના માલ વિના આ કંપનીઓ પ્રોડક્ટ ના બનાવી શકે એવું નહોતુ પણ એ રીતે પ્રોડક્ટ બનાવવા જાય તો બહુ મોંઘી પડે તેથી તેમણે કકળાટ કરી દીધેલો. અમેરિકાની કંપનીઓ ભારત સહિતના દેશોમાં પ્રોડક્ટ તૈયાર કરાવડાવે તો પણ પાર્ટ્સ તો ચીનમાંથી જ આવવાના છે તેથી ચીન પરની નિર્ભરતા ઘટવાની નહોતી. ચીને ગરજનો લાભ ઉઠાવીને આ ચીજોના ભાવ વધારી દીધેલા તેથી ચીનની પ્રોડક્ટ મોંઘા ભાવે મળે તેથી બીજે બનાવડાવો તો પણ પ્રોડક્ટ મોંઘી જ પડે ને સરવાળે બધો ભાર કન્યાની કેડ પર એટલે કે સામાન્ય ગ્રાહક પર આવે. ભાવ વધે એટલે વેચાણ ઘટે ને અંતે કંપનીઓની આવક ઘટે તેથી ટ્રમ્પે ઝૂકવું પડયું હતું. ટ્રમ્પને એમ હતું કે, અમેરિકા ઝૂક્યું એટલે ચીન પણ નરમ પડશે તેથી અમેરિકા અને ચીન વચ્ચેનો વ્યાપાર ધીરે ધીરે પહેલાં જેવો થવા માંડશે.

ચીનના શી જિનપિંગે ટ્રમ્પની બધી ગણતરીઓ ઊંધી વાળી દીધી અને નમવાના બદલે અમેરિકાના માલ પર ટેરિફની જાહેરાતોમાં કોઈ રાહત ના આપી. તેના કારણે લગભગ ૬૦૦ અબજ ડોલરનો અમેરિકા અને ચીન વચ્ચેનો વેપાર લગભગ ઠપ્પ થઈ ગયો છે અને તેમાં વધારે નુકસાન અમેરિકાને થઈ રહ્યું છે. ચીનના માલ વિના અમેરિકાની મોટી મોટી કંપનીઓનું પ્રોડક્શન અટકી ગયું છે અને અમેરિકાની નિકાસ ખોરવાઈ ગઈ છે. અમેરિકાને જોરદાર આર્થિક ફટકો પડી રહ્યો છે તેથી ટ્રમ્પે જખ મારીને ચીન સાથે સમાધાન કરવું પડયું છે. ચીન બાદ ટ્રમ્પ ભારત સામે પણ કુણા પડ્યા છે અને ભારત સાથે ખોરવાઈ રહેલા વેપાર વધારવા પારોઠના પગલા ભરી શખે છે. આ માટેના સંકેતિક ઈશારાઓ પણ ટ્રમ્પ પોતાના ભિષણમાં વ્યક્ત કરી રહ્યા છે.પાકિસ્તાન સાથે સમાધાન કરાવવામાં ટ્રમ્પે વ્યાપારનો હવાલો આપ્યો હતો. જો કે હવે જગત જમાદારે થુંકે ચાટવુ પડ્યું છે. અને ભારતને તેઓએ કોઈ સલાહ આપી હોવાનું કે સમાધાન ન કરાવ્યાનું જાહેર કર્યુ છે. વેપાર વ્યવસ્થાના નામે ભારત-પાકિસ્તાન યુદ્ધ રોકાવ્યાનું કહીને ટ્રમ્પ ફસાયા હતા અને બે દિવસમાં જ તેને ગુંલાટ મારીને વ્યાપાર મામલે ઢીલુ વલણ અપનાવ્યું છે. આમ જે રીતે અનુમાન કરવામાં આવતુ હતું તેમ ટ્રમ્પનું ટેરિફનું શસ્ત્ર બુમરેંગ સાબિત થયું છે.

# ભારત-પાકિસ્તાન પાસે કેટલાં પરમાણુ હથિયાર છે તેની તુલના કરવી વ્યર્થ છે

## પાકિસ્તાની પરમાણુ બ્લેકમેઈલની ધમકીની ભારત પર હવે કોઈ અસર થતી નથી અને થવાની પણ નથી

ભારત અને પાકિસ્તાન વચ્ચે જ્યારે પણ તણાવ થાય ત્યારે પરમાણુ હથિયારની ચર્ચા થવા લાગે છે ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી મુકાબલાનો ભય હોય છે ત્યારે સૌથી પહેલા બંને દેશોનાં પરમાણુ શસ્ત્રોનો વિચાર આવે છે. ભારત અને પાકિસ્તાન બંને પાસે પરમાણુ શસ્ત્રો છે પરંતુ આ શસ્ત્રો અંગે બંને દેશોની નીતિઓ અલગ છે. પાકિસ્તાન જ્યારે તેની સુરક્ષા જોખમમાં હોય ત્યારે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની નીતિનું પાલન કરે છે. આને ફર્સ્ટ યૂઝ પોલિસી કહેવામાં આવે છે.

તે જ સમયે, ભારત હંમેશાં પ્રતિકૂળ પગલાં તરીકે પરમાણુ શસ્ત્રોના ઉપયોગની વાત કરતું આવ્યું છે અને આ દેશની નિર્ધારિત નીતિ પણ છે. ભારતીય નેતૃત્વ પાકિસ્તાનની પરમાણુ ફર્સ્ટ યૂઝ પોલિસી 'પરમાણુ બ્લેકમેલ' કહે છે.

ઈમેજ કેપ્શન,ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલના સંઘર્ષ દરમિયાન પરમાણુ હથિયાર પણ ચર્ચામાં આવી ગયાં હતાં.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન પર ભારતના મિસાઈલ હુમલા અને પાકિસ્તાન સાથે લશ્કરી મુકાબલો અને પછી યુદ્ધવિરામ અંગે દેશને સંબોધન કર્યું ત્યારે તેમણે કહ્યું હતું કે ભારત 'પરમાણુ બ્લેકમેલ' સહન કરશે નહીં. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, ''ભારત પરના કોઈ પણ આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપવામાં આવશે. અમે અમારી પોતાની રીતે, અમારી શરતો પર જવાબ આપતા રહીશું. અમે દરેક જગ્યાએ જઈશું, જ્યાંથી આતંકવાદીઓનાં મૂળ નીકળે છે અને કડક કાર્યવાહી કરીશું. ભારત કોઈ પણ પરમાણુ બ્લેકમેલ સહન કરશે નહીં. ભારત પરમાણુ બ્લેકમેલની આડમાં ખીલી રહેલા આતંકવાદી સ્થળો પર ચોક્કસ અને નિર્ણાયક રીતે હુમલો કરશે. અમે આતંકવાદને ટેકો આપતી સરકાર અને આતંકવાદના આકાઓને અલગ ગણીશું નહીં.''

પ્રસંગ રંગ – પી.એન.જાડેજા

''વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો કહેવાનો અર્થ એ હતો કે પાકિસ્તાન ભારત સામે આતંકવાદ જેવા બિન-પરંપરાગત હુમલાઓ કરે છે અને પછી ભારતના પરંપરાગત (લશ્કરી) હુમલાઓને રોકવા માટે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની 'ધમકી' આપે છે. હવે આ પ્રકારનું પરમાણુ બ્લેકમેલ બહુ અસરકારક નથી. ભારતે બાલાકોટ અને હવે 'ઑપરેશન સિંદૂર' પછી પાકિસ્તાનની આ થ્રેશોલ્ડનું પરીક્ષણ કર્યું છે.'' ''આવી સ્થિતિમાં, પ્રશ્ન એ છે કે પાકિસ્તાનનો પરમાણુ થ્રેશોલ્ડ શું છે? તે કઈ પરિસ્થિતિમાં આ શસ્ત્રોનો ઉપયોગ કરશે? પાકિસ્તાન, રશિયા અને ઘણા દેશો કહે છે કે અમારું અસ્તિત્વ જોખમમાં હશે ત્યારે અમે તેનો ઉપયોગ કરીશું. પરંતુ પ્રશ્ન એ છે કે તમે કઈ પરિસ્થિતિને અસ્તિત્વ માટે ખતરો માનો છો?''

''જ્યારે પણ ભારત તરફથી પાકિસ્તાન પર પરંપરાગત હુમલો થાય છે ત્યારે પાકિસ્તાન ફુલ સ્પેક્ટ્રમ ડિટરન્સ ડોક્ટ્રીન વિશે વાત કરે છે, પાકિસ્તાન પરમાણુ શસ્ત્રો વિશે વાત કરે છે, કારણ કે પાકિસ્તાન પરંપરાગત લશ્કરી શક્તિમાં ભારતનો મુકાબલો કરી શકે તેમ નથી.''

પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ ૧૯૬૫માં કહ્યું હતું કે, ''ભારત બોમ્બ બનાવે તો ભલે આપણે ઘાસ, પાંદડાં ખાવાં પડે કે ભૂખ્યા રહેવું પડે, આપણે આપણો બોમ્બ બનાવીશું.''

ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ ૧૯૫૦ના દાયકામાં કહ્યું હતું કે, ''અમે પરમાણુ શસ્ત્રોનો વિરોધ કર્યો છે અને તેને બનાવવાનો ઈનકાર કર્યો છે. પરંતુ જો અમારા પર દબાણ કરવામાં આવશે તો આપણે આપણા વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ આપણી સુરક્ષા માટે કરીશું.'' ભારત અને પાકિસ્તાન બંને ૧૯૭૦ના દાયકાથી પરમાણુ શક્તિ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતે ૧૯૭૪માં 'સ્માઈલિંગ બુદ્ધા' પરીક્ષણ કર્યું હતું અને સંકેત આપ્યો હતો કે તે પરમાણુ શક્તિ પ્રાપ્ત કરી શકે છે.

પરંતુ ભારતે પહેલી વાર ૧૧ અને ૧૩ મે, ૧૯૯૮ના રોજ 'ઑપરેશન શક્તિ' હેઠળ પરમાણુ શસ્ત્રોનું પરીક્ષણ કર્યું હતું.

તેના થોડા દિવસો પછી ૨૮ અને ૩૦ મેના રોજ પાકિસ્તાને 'QNC-1' અને 'QNC-2' પરીક્ષણો કરીને સંકેત આપ્યો હતો કે તેની પાસે પરમાણુ શસ્ત્રો પણ છે.

એટલે કે બંને દેશો પાસે છેલ્લાં ૨૭ વર્ષથી સત્તાવાર રીતે પરમાણુ શસ્ત્રો છે. આ સમયગાળા દરમિયાન, જ્યારે પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની પરિસ્થિતિ હતી ત્યારે બંને દેશોનાં પરમાણુ શસ્ત્રો ચર્ચા અને ચિંતાનું કેન્દ્ર બન્યાં હતાં.

૧૯૯૮માં પાકિસ્તાને પરમાણુ પરીક્ષણો કર્યાં પછી તત્કાલીન વડા પ્રધાન નવાઝ શરીફે સંયુક્ત રાષ્ટ્રમાં કહ્યું હતું કે,



''પાકિસ્તાનનાં પરમાણુ પરીક્ષણોનો હેતુ ન તો હાલની અપ્રસાર પ્રણાલીને પડકારવાનો હતો કે ન તો મહાસત્તા બનવાની મહત્ત્વાકાંક્ષાને પૂર્ણ કરવાનો હતો. અમે પાકિસ્તાન સામે બળનો ઉપયોગ અથવા તેના ખતરાથી બચવા માટે આ પરીક્ષણો કર્યાં હતાં. ભારતને જવાબ આપવા માટે કરવામાં આવેલાં અમારાં પરીક્ષણોએ અમારા ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાના ઉદ્દેશ્યને પૂર્ણ કર્યો છે.'' નવાઝ શરીફે ભલે દેશના સંરક્ષણ અને પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા માટે પરમાણુ શસ્ત્રો બનાવવાની વાત કરી હોય, પરંતુ પાકિસ્તાનનું નેતૃત્વ તેના પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવાની 'ધમકી' સમયાંતરે આપતું રહ્યું છે. પાકિસ્તાનના સ્ટ્રેટેજિક પ્લાન્સ ડિવિઝનના ભૂતપૂર્વ ડાયરેક્ટર જનરલ, નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ ખાલિદ કિદવઈએ ઈસ્લામાબાદમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્ટ્રેટેજિક સ્ટડીઝ ખાતે એક ભાષણમાં જણાવ્યું હતું કે, ''પાકિસ્તાન પાસે વ્યૂહાત્મક, ઑપરેશનલ અને ટેકનિકલ એમ ત્રણ શ્રેણીઓમાં પરમાણુ શસ્ત્રોનો સંપૂર્ણ સ્પેક્ટ્રમ છે. પાકિસ્તાનના આ શસ્ત્રો ભારતના વિશાળ પ્રદેશ અને તેના બાહ્ય વિસ્તારોને સંપૂર્ણપણે આવરી લે છે. ભારતને તેનાં વ્યૂહાત્મક શસ્ત્રો છુપાવવા માટે કોઈ સ્થાન નથી.''

જનરલ ખાલિદે ૨૦૧૩માં પાકિસ્તાનનો સંપૂર્ણ સ્પેક્ટ્રમ પ્રતિરોધક સિદ્ધાંત આપ્યો હતો. એ સિદ્ધાંત હેઠળ પાકિસ્તાને વ્યૂહાત્મક, ઑપરેશનલ અને ટેકનિકલ શસ્ત્રો વિકસાવ્યાં છે અને દાવો કર્યો છે કે તેઓ ૬૦ કિલોમીટરથી ૩૦૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરી શકે છે.

આનો અર્થ એ છે કે પાકિસ્તાન ભારતના કોઈ પણ ભાગ પર પરમાણુ હુમલો કરી શકે છે, તેવો તેનો દાવો છે.

થોડા દિવસો પહેલાં પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે એક મુલાકાતમાં પાકિસ્તાનની પરમાણુ ક્ષમતાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ''પાકિસ્તાન તેના અસ્તિત્વ માટે સીધા ખતરાના કિસ્સામાં જ તેનાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરશે.''

આ વર્ષે એપ્રિલમાં પાકિસ્તાનના રેલમંત્રી મોહમ્મદ હનીફ અબ્બાસીએ કહ્યું હતું કે, ''પાકિસ્તાનની પરમાણુ મિસાઈલો શણગાર માટે નથી. તે ફક્ત ભારત માટે બનાવવામાં આવી છે. અમે ગૌરી, શાહીન અને ગઝનવી જેવી મિસાઈલો અને ખાસ કરીને ભારત માટે ૧૩૦ પરમાણુ શસ્ત્રો રાખ્યાં છે.'' પાકિસ્તાની નેતૃત્વનાં નિવેદનોમાં પરમાણુ શસ્ત્રોના ઉપયોગની 'ધમકી' ઝળકતી રહી છે. ભારતીય નેતાઓએ પણ પરમાણુ શસ્ત્રો વિશે સમયાંતરે નિવેદનો આપ્યાં છે. મે ૧૯૭૪માં પોખરણ પરમાણુ પરીક્ષણ પછી ઈન્દિરા ગાંધીએ કહ્યું હતું કે, ''પોખરણ પરીક્ષણ એક શાંતિપૂર્ણ પરમાણુ વિસ્ફોટ હતું. વિકાસ માટે પરમાણુ શક્તિનો ઉપયોગ કરવાના હેતુસરનું તે એક વૈજ્ઞાનિક પરીક્ષણ હતું.'' મે ૧૯૯૮માં પોખરણ-૨ પરીક્ષણ પછી તત્કાલીન વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ કહ્યું હતું કે, ''ભારત હવે પરમાણુ શસ્ત્રોથી સમૃદ્ધ રાષ્ટ્ર છે. આપણાં પરમાણુ શસ્ત્રો સ્વ-બચાવ માટે છે. ભારતને પરમાણુ શસ્ત્રો અથવા અન્ય કોઈ પણ પ્રકારની 'ધમકી' ન આપી શકાય તે સુનિશ્ચિત કરવા માટે છે.''

એ વર્ષે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં બોલતાં અટલ બિહારી વાજપેયીએ કહ્યું હતું કે ભારતની પરમાણુ શક્તિ આક્રમણને રોકવા માટે છે અને ભારત પ્રથમ ઉપયોગ નહીં કરવાના સિદ્ધાંતનું પાલન કરશે.

વડા પ્રધાન વાજપેયીએ કહ્યું હતું કે ભારત પરમાણુ શસ્ત્રો વિનાની દુનિયા ઇચ્છે છે, પરંતુ આક્રમણને રોકવા માટે, અમે ઓછાંમાં ઓછાં પરમાણુ શસ્ત્રો રાખીશું.

ભારતે ૧૯૯૯માં પોતાની પહેલી પરમાણુ શસ્ત્ર નીતિ બનાવી હતી. તે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ પહેલા ન કરવા પર આધારિત છે.

વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૯માં એક નિવેદનમાં કહ્યું હતું કે, ''ભારતની પરમાણુ નીતિ સ્પષ્ટ છે. પહેલો ઉપયોગ નહીં, પરંતુ જે લોકો અમારા પર પરમાણુ શસ્ત્રોથી હુમલો કરશે તેમને બક્ષવામાં આવશે નહીં. આપણી પરમાણુ ક્ષમતા આપણું સાર્વભૌમત્વ સુનિશ્ચિત કરે છે.'' જોકે, ૨૦૧૯માં ભારતના રક્ષામંત્રી રાજનાથસિંહે પરિસ્થિતિ અનુસાર આ નીતિમાં ફેરફારનો સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે, ''ભારત પહેલો ઉપયોગ નહીં કરવાની નીતિ માટે પ્રતિબદ્ધ છે, પરંતુ ભવિષ્યમાં શું થશે તે પરિસ્થિતિ પર નિર્ભર રહેશે.'' બીજી તરફ પાકિસ્તાન પાસે કોઈ લેખિત કે સ્પષ્ટ પરમાણુ નીતિ નથી. આનું મુખ્ય કારણ એ છે કે તે ભારતના 'પરંપરાગત લશ્કરી પ્રભુત્વ' અથવા પરંપરાગત લશ્કરી શ્રેષ્ઠતાને રોકવા માગે છે, એવું વિશ્લેષકો માને છે. ''પહેલા ઉપયોગની નીતિમાં સૌથી મોટી અસ્પષ્ટતા એ છે કે પરમાણુ બોમ્બનો ઉપયોગ કઈ પરિસ્થિતિમાં કરવામાં આવશે. પાકિસ્તાન કહે છે કે અમે પરમાણુ બોમ્બનો ઉપયોગ કરી શકીએ છીએ, પરંતુ તેણે ક્યારેય સ્પષ્ટ કર્યું નથી કે તેનો ઉપયોગ કરવા માટે થ્રેશોલ્ડ અથવા મર્યાદા શું હશે. તે પણ સ્પષ્ટ નથી કે શરૂઆતમાં કયાં પ્રકારનાં હથિયારનો ઉપયોગ કરવામાં આવશે. શું યુદ્ધક્ષેત્રના હથિયાર તરીકે ઓળખાતાં નાનાં હથિયારનો ઉપયોગ કરવામાં આવશે કે પછી વ્યૂહાત્મક હથિયારનો ઉપયોગ કરવામાં આવશે?'' પરમાણુ શસ્ત્રોના ઉપયોગ અંગે હાલમાં વિશ્વમાં કોઈ કરાર નથી, પરંતુ પરમાણુ શસ્ત્રો અંગે ડર અને તેમના ઉપયોગ અંગે ખચકાટ છે. ૧૯૪૫માં જાપાનના હિરોશિમા અને નાગાસાકી પર અમેરિકન પરમાણુ બોમ્બ ફેંકાયા પછી વિશ્વમાં ક્યાંય પણ પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ થયો નથી. ''જો પરમાણુ શસ્ત્રોને રોકવા માટે કોઈ કાયદો ન હોય તો પણ દરેક પરમાણુ સશસ્ત્ર રાષ્ટ્ર પાસે તેમના વિશે નૈતિકતા છે. પ્રશ્ન એ થશે કે પાકિસ્તાન સામે પરમાણુ બોમ્બનો ઉપયોગ થઈ રહ્યો નથી ત્યારે તે તેના પહેલાં પરમાણુ બોમ્બના ઉપયોગને કેવી રીતે વાજબી ઠેરવશે?''

# લગ્ન ફક્ત એક સામાજિક સમારોહ નથી, પરંતુ 'જીવનનું સૌથી મોટુ બંધન' છે

હિન્દુ લગ્ન દરમિયાન ઘણી પરંપરાઓ ભજવવામાં આવે છે, જેમાંથી એક મહત્વપૂર્ણ છે ગઠબંધન. આ તે ક્ષણ છે જ્યારે વર અને વધુ ના દુપટ્ટાને એક ખાસ રીતે બાંધવામાં આવે છે, જે બે આત્માઓ, હૃદયો અને પરિવારોને એક સાથે જોડે છે. શું તમે જાણો છો કે આ યુતિ દરમિયાન ૫ ખાસ વસ્તુઓ રાખવામાં આવે છે? આ વસ્તુઓનું ઊંડું આધ્યાત્મિક અને ભાવનાત્મક મહત્વ છે. ચાલો જાણીએ કે આ બાબતો પાછળનું ઊંડાણ શું છે અને ગઠબંધનનો વાસ્તવિક અર્થ શું છે?



### સિક્કો

જોડાણમાં મૂકવામાં આવેલા સિક્કા એ વાતનું પ્રતીક છે કે સંપત્તિ અને મિલકત હવે ફક્ત એક જ વ્યક્તિની માલિકીની રહેશે નહીં. તે ભાગીદારી અને સમજણનું પ્રતીક છે. વિવાહિત જીવનમાં નિર્ણયો બંનેની સંમતિથી લેવામાં આવશે, જેના કારણે પૈસા અને સંસાધનોનો સામૂહિક રીતે ઉપયોગ થશે.

### ફૂલ

ફૂલોને જીવનમાં સુંદરતા, ખુશી અને સકારાત્મકતાનું પ્રતીક માનવામાં આવે છે. યુતિમાં ફૂલો દર્શાવે છે કે બંને દરેક પરિસ્થિતિમાં એકબીજાનો આદર કરશે, ખુશીઓ વહેંચશે અને એકબીજાને દુઃખી નહીં થવા દેશે. જેમ ફૂલોમાં સુગંધ અને રંગો હોય છે, તેવી જ રીતે લગ્નજીવન પણ ખુશીઓ અને રંગોથી ભરેલું હોવું જોઈએ.

### અક્ષત

અક્ષત, એટલે કે અખંડ ભાત, અખંડ પ્રેમ અને સ્થાયીતાનું પ્રતીક છે. એનો અર્થ એ છે કે નવપરિણીત યુગલ પોતાનું જીવન સાથે વિતાવશે અને હંમેશા એકબીજાની પડખે ઊભા રહેશે. તે ખોરાક અને સંપત્તિની સમૃદ્ધિ માટે પણ પ્રાર્થના કરે છે.

### હળદર

ભારતીય સંસ્કૃતિમાં હળદર શુભતા, શુદ્ધતા અને સ્વાસ્થ્યનું પ્રતીક છે. યુતિમાં હળદરની હાજરી દર્શાવે છે કે બંને જીવનસાથીઓ તેમના શારીરિક અને માનસિક સુખ અને દુઃખમાં એકબીજાને સાથ આપશે. તે જીવનની પવિત્રતાની ઉજવણી કરે છે અને એકબીજાના કલ્યાણની ઈચ્છા રાખે છે.

### દુર્વા

દુર્વા એક એવું ઘાસ છે જે ક્યારેય સંપૂર્ણપણે ઝાંખું થતું નથી; થોડો ભેજ મળ્યા પછી તે ફરીથી લીલો થઈ જાય છે. તે પ્રેમ અને ભક્તિનું પ્રતીક છે, એક એવો પ્રેમ જે સમય જતાં વધુ ઊંડો થતો જાય છે. આનો અર્થ એ છે કે પરિસ્થિતિ ગમે તે હોય, બંનેનો પ્રેમ અમર અને જીવંત રહેવો જોઈએ.

# ગાદલાંને બદલે જમીન પર સૂવું શા માટે સારી આદત છે? જાણો આ પાંચ મોટા ફાયદાઓ

તમે વડીલો પાસેથી સાંભળ્યું હશે કે જમીન પર સૂવું ખૂબ જ ફાયદાકારક છે. પહેલા લોકો મોટાભાગે જમીન પર સૂતા હતા અને આજે પણ જે લોકોને જમીન પર સૂવાની આદત પડી ગઈ છે, તે નરમ ગાદલા પર પણ સૂવાનું પસંદ કરતા નથી. ખાસ કરીને ઉનાળામાં, જ્યારે પલંગ બળવા લાગે છે, ત્યારે ઠંડા ફ્લોર પર સૂવાથી ઘણી રાહત મળે છે. આ આદત જેટલી આરામદાયક છે, તેટલી જ તેના ઘણા સ્વાસ્થ્ય લાભો પણ છે. તો અહીં જાણો નરમ ગાદલા કરતાં જમીન પર સૂવું આપણા શરીર માટે કેમ વધુ ફાયદાકારક છે અને તમારે આ આદત શક્ય તેટલી વહેલી તકે કેમ અપનાવવી જોઈએ.

### કરોડરજ્જુ સીધી રહે છે

કઠણ ફ્લોર પર સૂવાથી કરોડરજ્જુ સીધી રહે છે. બીજી બાજુ જ્યારે તમે નરમ ગાદલા પર સૂઈ જાઓ છો, ત્યારે કરોડરજ્જુ વાંકી થઈ શકે છે, જે સમય જતાં ખરાબ મુદ્રા અને પીઠના દુખાવાનું જોખમ વધારી શકે છે. જમીન પર સૂવાથી કરોડરજ્જુ યોગ્ય સ્થિતિમાં રહે છે, જે મુદ્રામાં સુધારો કરે છે અને કમરના દુખાવાને પણ અટકાવે છે.

### રક્ત પરિભ્રમણ સુધરે છે

ફ્લોર પર સૂવાથી રક્ત પરિભ્રમણ પણ સુધરે છે.

વાસ્તવમાં ફ્લોર સપાટ છે, તેથી શરીરના બધા ભાગોનું વજન સમાન રીતે વહેંચાયેલું રહે છે અને વિવિધ ભાગો પર ઓછું દબાણ થાય છે. આનાથી શરીરના દરેક ભાગમાં લોહી સારી રીતે પહોંચે છે અને શરીરનું એકંદર રક્ત પરિભ્રમણ સુધરે છે. આ કારણે જ્યારે તમે સવારે ઉઠો છો, ત્યારે તમે વધુ ઉર્જાવાન અને તાજગી અનુભવો છો.

લાંબા સમયથી કમરનો દુખાવો રહેતો હોય તો ફ્લોર પર સૂઈ જાઓ

જો તમે લાંબા સમયથી કમરના દુખાવાથી પીડાઈ રહ્યા છો, તો જમીન પર સૂવું તમારા માટે ફાયદાકારક બની શકે છે. જમીન પર સૂવાથી પીઠને મજબૂત ટેકો મળે છે, જેના કારણે કરોડરજ્જુ સીધી સ્થિતિમાં રહે છે. આ ટેકાને કારણે કરોડરજ્જુ ખોટી રીતે વળવાથી બચી જાય છે અને કમરના દુખાવામાં રાહત મળે છે.

### ઊંઘની ગુણવત્તા સુધારે છે

ફ્લોર પર સૂવાથી તમારી ઊંઘની ગુણવત્તામાં સુધારો થઈ શકે છે. જ્યારે તમે જમીન પર સૂઈ જાઓ છો, ત્યારે તમે તમારા શરીરની ગતિ વધુ સારી રીતે અનુભવી શકો છો. જે તમને વધુ સ્થિર બનાવે છે અને સભાન ઊંઘમાં મદદ કરે છે. ગાદલા પર સૂવા કરતાં જમીન પર સૂવું ઠંડુ હોય છે, જે સારી અને આરામદાયક ઊંઘ આપે છે.

### સ્નાયુઓ હળવા થાય છે

ફ્લોર પર સૂવાથી સ્નાયુઓની જડતા પણ ઓછી થાય છે. જ્યારે તમે ગાદલા પર સૂઈ જાઓ છો, ત્યારે શરીરની ગોઠવણી ખલેલ પહોંચે છે જ્યારે ફ્લોર પર સૂવાથી સ્નાયુઓ ખેંચાય છે અને આરામ મળે છે. ખાસ કરીને હિપ્સ, જાંઘ અથવા પગમાં જડતાથી પીડાતા લોકો માટે જમીન પર સૂવું ખૂબ જ ફાયદાકારક હોઈ શકે છે.



## કોલ્ડ્રિંક પીધા પછી મસ્ત પોપટને પૃથ્વી ગોળ ગોળ ફરતી લાગી

એક હતો પોપટ. પોપટનું નામ મસ્ત. મસ્ત પોપટ સીધો સાદો. એક દિવસ મમ્મી-પપ્પાને કહ્યા વગર એ દૂર દૂર ગીર જંગલમાં ફરવા નીકળી ગયો.

ઉડી ઉડીને ફરીફરીને એ ખૂબ જ થાકી ગયો હતો. હવે એને ખૂબ જ ભૂખ અને તરસ લાગી હતી. ચારે બાજુ એણે નજર દોડાવી. ક્યાંય એને કશું જ ખાવા-પીવાનું મળ્યું નહીં.

મસ્ત પોપટ તો નિરાશ થઈ ગયો.

થોડો હજુ ઉડયો. ત્યાં એને એક કોલ્ડ ડ્રિંકની બોટલ પડેલી જોવા મળી. એમાં થોડું કોલ્ડ ડ્રિંક હતું.

મસ્ત પોપટ તો આ બોટલ જોઈને ખુશ થઈ ગયો. બોટલની નજીક જઈને જોયું તો બોટલનું ઢાંકણ ખૂબ જ ટાઈટ બંધ હતું! પોપટે મહામુશ્કેલીથી ઢાંકણ ખોલ્યું. મસ્ત પોપટ પાછો નિરાશ થઈ ગયો. એની ચાંચ અંદર જતી નહોતી. વળી, કોલ્ડ ડ્રિંક ખૂબ જ ઓછું હતું.

મસ્ત પોપટે ફરી આજુબાજુ નજર દોડાવી. એને એક સ્ટ્રો પડેલી દેખાઈ. એ તો ખુશખુશ થઈ ગયો. ફટાફટ સ્ટ્રો ઉઠાવીને બોટલમાં નાખી અને ફટાફટ ગટાગટ એક જ શ્વાસમાં બધુ જ કોલ્ડ ડ્રિંક પી ગયો. પણ આ શું? કોલ્ડ ડ્રિંકનો સ્વાદ આટલો કડવો કેમ છે?

મસ્ત પોપટને ચક્કર આવવા લાગ્યા. જેને એ કોલ્ડ ડ્રિંક સમજીને પી ગયો હતો એમાં શું ખબર ક્યો પદાર્થ મળેલો હતો. પોપટ બેહોશ જેવો થઈ ગયો. એને આખી પૃથ્વી ગોળગોળ ફરતી દેખાઈ!

મસ્ત પોપટનાં મોંમાંથી અવાજ બહાર નીકળતો નહોતો. એ ખૂબ જ ડરી ગયો. એની આંખોમાંથી પાણી વહેવા લાગ્યું. મસ્ત પોપટનાં સારા નસીબથી બાજુમાં રહેતી ચીચી ચકલીએ એની સ્થિતિ જોઈ. એ ઉડીને તરત જ એની પાસે આવી.




ચીચીએ પૂછ્યું : 'શું થયું તમને, પોપટભાઈ?'

મસ્ત પોપટના મોંમાંથી અવાજ જ ક્યાં નીકળતો હતો. આંખો અને ચહેરાથી એણે પોતાની હાલત ચીચી ચકલીને બતાવી.

ચીચી ચકલી ખૂબ હોશિયાર હતી. એ તરત જ બધું જ સમજી ગઈ.

બાજુમાં રહેતા રીંછમામાને એ તરત જ બોલાવી લાવી.

રીંછમામા દોડતા આવ્યા. પોપટની હાલત જોઈને એ તરત જ એને ડોક્ટર હાથીના હોસ્પિટલમાં લઈ ગયા.

ડોક્ટર હાથીએ ફટાફટ પોપટનું ચેકઅપ કર્યું અને ટ્રીટમેન્ટ શરૂ કરી દીધી.

ડોક્ટર હાથીએ બે જ કલાકમાં જ પોપટને પહેલા જેવો જ તાજોમાજો કરી દીધો. મસ્ત પોપટે ડો. હાથીનો ખૂબ જ આભાર માન્યો.

ડોક્ટર હાથીએ પ્રેમથી સમજાવ્યું : 'અજાણ્યા પડેલા ખાવા-પીવાના પદાર્થોનો ક્યારેય ઉપયોગ ના કરવો જોઈએ. તમે ભૂખ અને તરસનાં કારણે અજાણી કોલ્ડ ડ્રિંકની બોટલ પી ગયા, જેમાં નશીલો પદાર્થ હતો. તે ખૂબ ઝેરી હતો. તમે ટ્રીટમેન્ટ માટે તરત આવી ગયા એ ઘણું સારું થયું... નહીં તો તમારો જીવ જોખમમાં મૂકાઈ જાત.'

મસ્ત પોપટે કહ્યું : 'હા, મારી ભૂલ થઈ ગઈ ડોક્ટર સાહેબ! હવે પછી આવી ભૂલ નહીં જ કરું!'

ડો.હાથીએ કહ્યું : 'આપણું શરીર એક મંદિર છે એ મંદિરને ખૂબ જ સાચવો. ગમે તે ખાવા-પીવાનું નહીં!'

મસ્ત પોપટ કહે : 'મને એટલી બધી તરસ લાગી હતી કે મારી બુદ્ધિએ કામ કરવાનું બંધ કરી દીધું હતું. એટલે અજાણી કોલ્ડ ડ્રિંકની બોટલ પી ગયો. સોરી... સોરી!'

ડો. હાથીએ બધાને હસતા હસતા વિદાય કર્યા. મસ્ત પોપટે ચીચી ચકલી અને રીંછ મામાનો ખૂબ આભાર માન્યો.

ચીચી ચકલી અને રીંછ મામાએ મસ્ત પોપટને મસ્ત મસ્ત ભોજન કરાવીને રાજીખુશીથી વિદાય કર્યો.

## વિટામીનનું શરીરમાં મહત્વ જાણો

તંદુરસ્ત અને રોગમુક્ત રહેવા માટે વિટામિનવાળા ખોરાક લેવાની સલાહ અપાય છે. વિટામિનની ઉણપથી ઘણી શારીરિક તકલીફો અને રોગ પેદા થાય છે. આ વિટામિન શું છે તે જાણો છો ? આપણા ખોરાકમાં ચરબી, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ વગેરે દ્રવ્યો હોય છે. ૧૨મી સદીમાં વિજ્ઞાાનીઓએ એક નવું દ્રવ્ય શોધી કાઢ્યું છે કે જે રોગોથી બચે છે તેને વિટામિન નામ અપાયું છે. ફળો, શાકભાજી, દૂધ, વગેરેમાં થોડા પ્રમાણમાં વિટામિન હોય છે પણ તે કામ મોટું કરે છે. વિજ્ઞાાનીઓએ ઘણા પ્રકારના વિટામીન શોધી તેને એ, બી, સી, ડી, ઇ અને કે જેવા નામ આપ્યા. વિટામીન શરીરમાં જઈ સીધી શક્તિ આપતા નથી પરંતુ પ્રોટીન અને એન્ઝાઇમ સાથે મળીને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. વિટામિનનો શરીરમાં સંગ્રહ થતો નથી એટલે દરરોજ ખાવા પડે. વિવિધ વિટામિન વિવિધ કામો કરે છે. વિટામિન સી હાડકાને મજબૂત રાખે છે તો વિટામિન એ આંખો માટે ફાયદાકારક છે. વિટામિન કે અને ઇ ચામડી માટે સારા, વિટામીન બી અને સી પાણીમાં ઓગળે જ્યારે અન્ય ચરબીમાં ઓગળે છે. માત્ર ખોરાક જ નહીં સૂર્યપ્રકાશ દ્વારા ચામડીમાં પણ વિટામિન ડી તૈયાર થાય છે. વિજ્ઞાાનીઓએ સંશોધનો કરીને કયા કયા ખાદ્યપદાર્થોમાં કયા વિટામિન હોય છે તે શોધી કાઢ્યું છે.

## ફુલણજી કાગડો

ફુલણજી કાગડો એક હતો કાગ,
તેણે જોઈ લાગ પૂરી લીધી તાણી,
ડોશી પીતી પાણી ઊડી બેઠો ઝાડે,
ચારે ગામ ભાળે ડાળ પર હીંચે,
શિયાળ આવે નીચે કાગ મુખ મીઠી,
પૂરી એણે દીઠી બોલે કાગ રાણા,
તમે ખૂબ શાણા ગાઓ એક ગાણું,
કંઠ મીઠો જાણું કાગ ગયો ફુલાઈ,
પૂરી ગઈ ભૂલાઈ ગીત ગાવા મીઠું,
મુખ પહોળું કીધું પૂરી ગઈ પડી,
શિયાળ ગયું ગળી.
પોપટ મીઠુ-મીઠુ બોલે છે.

## સીતારામ સીતારામ બોલે

મારા આંગણામાં પોપટ મીઠું બોલે
સીતારામ સીતારામ ધીમું બોલે.
ગળે કાળો છે કાંઠલો ને લીલો છે રંગ,
એની વાંકી ચાંચલડીનો લાલ લાલ રંગ.
એતો હીંચકે. બેસીને ઝૂલા ઝૂલે,
સીતારામ સીતારામ ધીમું બોલે.
એને પેરું ભાવે ને લીલા મરચાં એ ખાય,
એને ખાતાં જોઈને મારું મનડું હરખાય.
એતો મસ્તીમાં આવીને થૈ થૈ ડોલે,
સીતારામ સીતારામ ધીમું બોલે.

ફનટાઈમ

## જો... જો... હસતા નહીં

ટીચરઃ બોલ ચિંટુ, સલીમ કોણ હતો?

ચિંટુઃ સર, 'મોગલ-એ-આઝમ' ફિલ્મમાં દિલીપકુમાર સલીમ હતા, અને 'અનારકલી'માં પ્રદીપકુમાર સલીમ હતા.


મોનુઃ સર, ક્વેશ્ચન પેપરમાં આ શું લખ્યું છે?

સરઃ 'ગાંધીજીના જીવન પર પ્રકાશ પાડો.'

મોનુઃ સર, ટોર્ચ મારા મોબાઈલમાં છે અને મોબાઈલ તો તમે ક્લાસમાં અલાઉડ કરતા નથી, તો પછી હું પ્રકાશ કેવી રીતે પાડું? લાવો, પહેલાં મારો મોબાઈલ લાવો, પછી હું પ્રકાશ પાડીશ!

શિક્ષકઃ ગોલુ, બોલ તો, ધરતી અને ચંદ્ર વચ્ચે શો સંબંધ છે?

ગોલુઃ સર, ધરતીને આપણે માતા કહીએ છીએ અને ચંદ્રને મામા કહીએ છીએ. તો ધરતી અને ચંદ્ર એકબીજાનાં ભાઈ-બહેન થયાંને!



દેડકાં દાદાને મીનુમાસીને મળવા રસ્તો દેખાડો



ફીશપોટની સાથે જ ફ્રેનીમાં પણ મનપસંદ રંગ પૂરો

## સમજ્યા વિના ઉતાવળે લીધેલો નિર્ણય મુશ્કેલીનું કારણ બને છે

એક ખૂબ મોટું જંગલ હતું. જંગલમાં બધાં પશુ-પંખીઓ હળીમળીને રહેતાં હતાં.

એ જંગલમાં એક બિલ્લીબેન પણ વસતાં હતાં. બિલ્લીબેન તો ખૂબ રમતિયાળ. જંગલમાં આખો દિવસ ફરવું એ જ એમનું કામ.

બિલ્લીબેનને એક દિવસ વિચાર આવ્યો કે જંગલના બધાં પશુ-પંખીઓને કોઈ વસ્તુ ખરીદવી હોય તો બહુ દૂર શહેરમાં જવું પડે છે. જો હું જંગલમાં દુકાન ખોલું તો કોઈને દૂર સુધી જવું ન પડે.

બિલ્લીબેને તો જંગલમાં દુકાન ખોલી. બિલ્લીબેન દૂર શહેરમાંથી ઘણીબધી વસ્તુઓ લઈ આવ્યાં. જંગલના બધાં પશુ-પંખીઓ ખુશ થઈ ગયાં કે હવે બિલ્લીબેનની દુકાનમાંથી જ આપણને બધી વસ્તુઓ મળી રહેશે ને આપણે દૂર શહેરમાં જવું નહીં પડે.

બિલ્લીબેન તો રોજ સવારે વહેલા ઉઠીને દુકાન ખોલી દે.

બિલ્લીબેન બધી વસ્તુઓ પડતર કિંમતે જ વેચતા જેથી બધાં પશુ-પંખીઓ પણ જરૂરિયાત પ્રમાણની બધી વસ્તુઓ બિલ્લીબેનની દુકાનમાંથી જ લેવા લાગ્યાં. આમ, બિલ્લીબેનની દુકાન તો ખૂબ સરસ ચાલવા લાગી.

આ જંગલમાં એક શિયાળભાઈ પણ રહેતા હતા. બધાં પશુ-પંખીઓ બિલ્લીબેનના વખાણ કરે એ શિયાળભાઈને બિલકુલ ન ગમે. એકવાર શિયાળભાઈ બિલ્લીબેનની દુકાને ગયા. શિયાળભાઈને જોઈને બિલ્લીબેન બોલ્યા,'આવો આવો, શિયાળભાઈ! બોલો શું જોઈએ? શિયાળભાઈ બોલ્યા, 'બિલ્લીબેન, હું તો તમને એક ફાયદાની વાત કહેવા આવ્યો છું! બિલ્લીબેન બોલ્યાં, 'કયા ફાયદાની વાત?' શિયાળભાઈ બોલ્યા, 'બિલ્લીબેન, તમે દરેક વસ્તુ લગભગ પડતર કિંમતે વેચો છો તો એનાથી તમને શું ફાયદો થાય છે? તમે શહેરમાંથી વસ્તુઓ લાવીને અહીં વેચો છો તો જંગલનાં બધાં પશુ-પંખીઓને છે ક શહેરનો ધક્કો બચે છે. તમે બધી વસ્તુઓમાં જોરદાર ભાવવધારો કરી દો જેથી તમને વધારે પૈસા મળે અને તમને ખૂબ ફાયદો થાય.'

બિલ્લીબેને તો વિચાર્યા વગર શિયાળભાઈની વાત માની લીધી. બીજા જ દિવસે બિલ્લીબેને દુકાનમાં દરેક વસ્તુનો ભાવ એકદમ વધારી દીધો. શિયાળભાઈની યુક્તિ કામ કરી ગઈ. જે ગ્રાહકો બિલ્લીબેનની દુકાનમાં ખરીદી કરવા આવતા હતા તે બધા આ ભાવવધારો જોઈને ખરીદી કર્યા વગર પાછા જવા લાગ્યા. બિલ્લીબેન તો દુકાનમાં બેસીને કોઈને જુએ એટલે તરત ગાય કે-

બિલ્લીબેને ખોલી દુકાન,
જંગલની તો એ છે શાન...!

પરંતુ બિલ્લીબેનને ગાતાં સાંભળીને પણ કોઈ તેમની દુકાને આવતું નહીં. બિલ્લીબેન તો બહુ નિરાશ થઈ ગયાં.

આ જ જંગલમાં બિલ્લીબેનની એક ખાસ બહેનપણી ખિસકોલીબેન રહેતાં હતાં. તેમણે બિલ્લીબેનને નિરાશ જોઈને તેનું કારણ પૂછ્યું. બિલ્લીબેન ખિસકોલીબેનને બધી વાત કરી. આ વાત સાંભળી ખિસકોલીબેન બોલ્યાં, 'આ બધી કરામત શિયાળભાઈની છે. તેમણે તમારી દુકાન ન ચાલે તે માટે આ ઉપાય સૂચવ્યો હતો.' બિલ્લીબેનને તેમની ભૂલ સમજાઈ ગઈ. તેમણે ખિસકોલીબેનનો બહુ આભાર માન્યો અને બીજા જ દિવસે દુકાનની બહાર બોર્ડ માર્યું કે અહીં તમામ ચીજવસ્તુઓ ઓછી કિંમતે જ મળશે.

હવે બિલ્લીબેનની દુકાન પહેલાંની જેમ ચાલવા લાગી. જંગલનાં બધાં પશુ-પંખીઓ ફરી પાછાં બિલ્લીબેનની દુકાનમાંથી જ ખરીદી કરવાં લાગ્યાં.

બિલ્લીબેન તો જે ગ્રાહક આવે તેની માફી માંગે. બધાં પશુ-પંખીઓએ બિલ્લીબેનને માફ કરી દીધાં અને તેમની સાથે ગાવાં લાગ્યાં,

બિલ્લીબેને ખોલી દુકાન, અમારા જંગલની તો એ છે શાન...!

આપણે પણ કોઈપણ કામ સમજી વિચારીને જ કરવું જોઈએ. ઉતાવળમાં સમજ્યા વિના લીધેલો કોઈપણ નિર્ણય આપણને મુશ્કેલીમાં મૂકી શકે છે.

# વ્યાજખોરો સામે સરકાર કરશે મિલકત જપ્તીની સ્ટ્રાઈક

## વ્યાજના પૈસાથી બનાવેલ પ્રોપર્ટીની હરરાજી થશે અને તે રકમ લોકો માટે ખર્ચાશે : ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

**સમય મિરર | સુરત**

ગુજરાતમાં હવે રાજ્ય સરકાર વ્યાજખોરો પર સ્ટ્રાઈકની તૈયારીમાં છે. સુરતમાં ડુમસ વિસ્તારમાં નવા રોડના લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીધામ પોલીસે વ્યાજખોરો વિરુદ્ધ કરેલી કાર્યવાહીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ગુજરાત તો બરાબર પણ દેશના ઈતિહાસમાં પહેલીવાર એવું થયું હશે કે વ્યાજખોરો વિરુદ્ધ ગુનો દાખલ થાય, ગુના પછી ગુજસીટોક કરવામાં આવે, સાથે સાથે વ્યાજથી બનાવેલી પ્રોપર્ટી જપ્ત કરવામાં આવે અને આ જપ્ત કરાયેલી પ્રોપર્ટીની આવનારા દિવસોમાં હરાજી બોલાવીને રાજ્યના નાગરિકોના હિતમાં એ રૂપિયા વપરાય એ માટેની વ્યવસ્થા કરવામાં આવે.

ગુજરાતમાં કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા અંજાર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (જી.સી.ટી.ઓ.સી.) કાયદા અન્વયે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યાં છે. આ કાર્યવાહીમાં આરોપીઓ દ્વારા વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ ૬૩.૪૬ લાખ રૂપિયાની મિલકત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક સ્કોર્પિયો ગાડી સહિતની મિલકત જપ્ત કરવામાં આવી છે, જે દેશના ઈતિહાસમાં પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહી તરીકે નોંધાઈ છે.



અંજાર પોલીસની ટીમે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ આરોપી રિયાબેન ઈશ્વરગર ગૌસ્વામી, આરતીબેન ઈશ્વરગર ગૌસ્વામી અને તેજસ ઈશ્વરગર ગૌસ્વામી, રહે. મંકલેશ્વર, અંજાર સામે કાર્યવાહી કરી હતી. આ આરોપીઓએ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સિન્ડિકેટ બનાવી આર્થિક ફાયદા માટે વ્યાજખોરીના ગુનાઓ આચર્યા હતા.

જપ્ત કરાયેલી મિલકતોમાં રિયાબેનના નામે મેઘપર બોરીચીમાં એક પ્લોટ (૨.૫૨ લાખ), મહિન્દ્રા સ્કોર્પિયો ગાડી (૧૪.૭૯ લાખ), અને અંજારમાં દેવનગરમાં પ્લોટ (૧૨.૪૨ લાખ), આરતીબેનના નામે અંજારના દેવનગરમાં પ્લોટ (૬.૪૫ લાખ) તેમજ આરોપીઓની માતાનાં નામે મેઘપર બોરીચીમાં બે પ્લોટ (૦.૬૦ લાખ અને ૧૨.૯૪ લાખ) અને અંજારમાં ગંગોત્રી-૦૨માં પ્લોટ (૧૩.૭૧ લાખ)નો સમાવેશ થાય છે. આ કુલ મિલકતોની કિંમત ૬૩.૪૬ લાખ રૂપિયા છે.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ તપાસ્યો, જેમાં અનેક ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ અને જી.સી.ટી.ઓ.સી. કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસે આ મિલકતોની ઝડતી અને જપ્તીની પ્રક્રિયા પૂર્ણ કરી, જેની દરખાસ્ત ગૃહ વિભાગ, ગાંધીનગરને મોકલવામાં આવી હતી. ગૃહ વિભાગના હુકમ આધારે આ મિલકતોને જપ્ત કરવામાં આવી છે.

### વટ પાડવા લીધેલાં ગન લાઈસન્સ રદ થશેઃ ગૃહમંત્રી

આ સાથે જ તેમણે કોઈપણ યોગ્ય કારણ વગર હથિયાર લાઈસન્સ મેળવી માત્ર પ્રભાવ બતાવવા કે સોશિયલ મીડિયા પર રીલ્સ અને વીડિયો દ્વારા વટ પાઠવા માટે એનો દુરુપયોગ કરતા હોય તેવા લોકોનાં લાઈસન્સ રદ કરવાની કાર્યવાહી રાજ્યભરમાં શરૂ કરી દેવાઈ હોવાનું પણ જણાવ્યું હતું. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારની હંમેશાં એ નીતિ રહી છે કે કારણ વગર ગન લાઈસન્સ રાખનાર અને એનો દુરુપયોગ કરનાર સામે કડક કાર્યવાહી થાય. કેટલાક લોકો ફક્ત સોશિયલ મીડિયા પર પોતાની છબિ ઊભી કરવા માટે, રીલ્સ બનાવવા કે જાહેરમાં ગન લઈને ફરવા માટે ગન લાઈસન્સ લે છે. આવા લોકોનાં લાઈસન્સ હવે તંત્ર દ્વારા ચકાસવામાં આવી રહ્યાં છે અને લાઈસન્સ રદ કરવાની કાર્યવાહી ઝડપથી આગળ વધી રહી છે.

# ચંડોળા તળાવમાં તા. ૨૦મીથી ડિમોલિશનનો બીજો તબક્કો શરૂ

## એસ્ટેટ વિભાગ દ્વારા સર્વેની કામગીરીનો પ્રારંભ

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદમાં ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશનનો બીજો તબક્કો ૨૦ મેના રોજ શરૂ કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ ઝોનની એસ્ટેટ ટીમ સાથે ફરી એકવાર મેગા ડિમોલિશન શરૂ કરવામાં આવશે. તાજેતરમાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા ડિમોલિશન કરવા અંગેનો સર્વે શરૂ થઈ ગયો છે. ચંડોળા તળાવમાં રહેનારા તમામ લોકોને મકાનો ખાલી કરી દેવા માટેની સૂચના આપી દેવામાં આવી છે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ભરત પરમારે સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ચંડોળા તળાવમાં આગામી ૨૦ મેના રોજ ફરી ડિમોલિશન કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ગેરકાયદેસર તમામ બાંધકામો તોડવામાં આવશે. ચંડોળા



તળાવમાં આશરે ૧૦,૦૦૦ નાના-મોટા કાચા પાકા મકાનો અને ઝૂંપડાઓ છે. વર્ષ ૨૦૧૦ પહેલા ચંડોળા તળાવમાં રહેનારા તમામ લોકોને વૈકલ્પિક મકાનો આપવા માટે ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે. ચંડોળા તળાવમાં રહેનારા તમામ લોકોને તેમના મકાનો ખાલી કરી દેવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા ચંડોળા તળાવમાં જેટલા પણ મકાનો આવેલા છે તે તમામ મકાનોનો સર્વે કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

# માવઠાંથી ભીંજાયેલ ડાંગર રોડ પર સુકવાયા



**સમય મિરર | અંકલેશ્વર**

અંકલેશ્વર પંથકમાં રસ્તા પર જાણે સોનુ પાથર્યું હોય એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. તાજેતરમાં વરસેલા કમોસમી વરસાદમાં ડાંગરનો પાક પલળી જતા ખેડૂતોએ મુખ્ય માર્ગ પર પાકને સૂકવવાની નોબત આવી છે.

અંકલેશ્વર હાંસોટ પંથકમાં વાવાઝોડા અને કમોસમી વરસાદની પરિસ્થિતિના પગલે ખેતીના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ખેડૂતોએ મહેનત કરીને પકાવેલો પાક તેમના માટે સોના સ્વરૂપ છે. પરંતુ જ્યારે પાક લણવાનો વારો આવ્યો તો કમોસમી વરસાદે મહેનત પર પાણી ફેરવી દીધું છે. કમોસમી વરસાદને લઈને ડાંગર પકવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ડાંગરનો તૈયાર પાક ખેડૂતો જેમ તેમ કરી ખેતરમાંથી બહાર કાઢી રહ્યા છે અને રોડ પર સૂકવી રહ્યા છે. હાંસોટના કુડાદરાથી પંડવાઈને જોડતા ૭-૮ કી.મી.ના માર્ગ પર ઠેર ઠેર ખેડૂતો રોડ પર પાક સૂકવતા નજરે ચડી રહ્યા છે.ત્યારે રસ્તા પર જાણે સોનું પથાર્યું હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ડાંગર પલળી જતાં ડાંગરની ગુણવત્તા પણ ઘટી જતી હોય છે એટલે ખેડૂતોને ભાવ પણ પૂરતા નહીં મળે એવી દહેશત વ્યક્ત કરવામાં આવી છે. જેથી ખેડૂતોને આર્થિક નુકસાની વેઠવાનો વારો આવશે, ત્યારે સરકાર ખેડૂતોને આર્થિક મદદ કરે તેવી માંગ ઉઠવા પામી છે.

# લાલપુરના નાંદુરી ગામે ઝાડ કાપવા મુદ્દે ખેડૂતની હત્યા

## સમાધાન માટે બોલાવી સળિયો મારતા મોત : અટકાયત

**સમય મિરર | જામનગર**

જામનગર જિલ્લામાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન હત્યાની ત્રીજી ઘટના બનતાં ભારે હાહાકાર મચી ગયો છે. જામનગર તાલુકાના મૂંગણી ગામ તેમજ જામનગર શહેરમાં હત્યાની બે ઘટના બન્યા બાદ ગુરૂવારે લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં હત્યાનો ત્રીજો બનાવ બન્યો છે. ઝાડને કાપવાના પ્રશ્ને ઝઘડો થયા બાદ સમાધાન માટે બોલાવેલા ૭૦ વર્ષના વૃદ્ધ ખેડૂત પર લોખંડના સળિયા વડે જીવલેણ હુમલો કરી હત્યા નીપજાવી દેવાની ઘટના સામે આવી છે. જે મામલે પોલીસે હત્યા અંગેનો અપરાધ નોંધી એક ખેડૂતની અટકાયત કરી લીધી છે.

લાલપુર તાલુકાના નાંદુરી ગામના ૭૦ વર્ષની વયના ખેડૂત બુઝુર્ગ પર હુમલો કરી તેની હત્યા નિપજાવાઈ છે. નાંદુરી ગામમાં રહીને ખેતી કામ




કરતા જેતાભાઈ ભીખાભાઇ કરંગીયાને તે જ ગામમાં રહેતા ખીમાભાઈ કરંગીયા સાથે ઝાડને કાપવાના મુદ્દે બે દિવસ પહેલાં તકરાર થઇ હતી.

ગુરૂવારે સવારે ૯:૩૦ વાગ્યાના અરસામાં સમાધાન માટે બોલાવ્યા હતા, જ્યાં ખીમાભાઈ કરંગીયા ઉશ્કેરાઇ ગયો હતો. તેણે ખેડૂત જેતાભાઈ કરંગીયાના માથામાં ધારદાર સળિયા વડે હુમલો કરી દેતાં ગંભીર ઈજાઓ પહોંચતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. મૃતકના પુત્રએ આરોપી ખીમાભાઈ કરંગીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીની અટકાયત કરી છે.

# ધોરાજીના પાટણવાવમાં ફરી દીપડો દેખાતાં લોકોમાં ભયનો માહોલ ફેલાયો

## સોશિયલ મીડિયામાં વાયરલ થયેલો વીડિયો : વન વિભાગ દોડતુ થયું

**સમય મિરર | ધોરાજી**

રાજકોટ જિલ્લાના ધોરાજીના પાટણવાવમાં ફરી દીપડો દેખાયો હતો. જેના લીધે ખેડૂતો અને ખેત મજૂરોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.રાત્રિ દરમ્યાન ખેતર પર કામ કરતા ખેડૂતોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દીપડાના આંટાફેરાનો વીડિયો સામે આવ્યો હતો. જેના લીધે લોકોમાં ભય સર્જાયો છે.

જે ગ્રામ્ય વિસ્તારોમાં શિકાર માટે આંટાફેરા કરતા હોય છે. તેવાં ધોરાજીના ગ્રામ્યવિસ્તારમાં ફરી દીપડો દેખાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. તો ખેતરમાં રાત્રિના સમયે કામ કરતા ખેડૂતો અને ખેતમજૂરોમાં ભય ફેલાયો હતો. જેનો વીડિયો પણ સામે આવ્યો છે. તે અગાઉ પણ રાજકોટમાં દીપડો દેખાયા હોવાની ઘટનાઓ બની છે. તાજેતરમાં જ રાજકોટમાં આવેલા



હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટની પેરામીટર વોલ પાસે વહેલી સવારમાં દીપડો દેખાયો હતો.

હીરાસર એરપોર્ટ પર દીપડો દેખાતા જે અંગે વનવિભાગને જાણ કરવામાં આવી હતી. જેની જાણ થતા વનવિભાગ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. તો ડાંગ જિલ્લામાં પણ દીપડો કુવામાં ખાબકી ગયો હતો જેને બહાર કાઢવા માટે વનવિભાગ કામે લાગ્યું હતું. ગુજરાતમાં વન વિસ્તારો પાસે આવેલી માનવ વસ્તીમાં દીપડાઓ શિકારની શોધમાં અવારનવાર આવતા રહે છે. જ્યાં તેઓ ક્યારેક માનવો પર હુમલો કર્યાની ઘટનાઓ સામે આવી છે. જેના ઘણા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થાય છે.

# નામાંકિત ગ્વાલિયા સ્વીટ્સના છોલે ભટૂરેમાંથી બે વંદા નીકળ્યા : દંડ કરાયો

## અમદાવાદના સરખેજના પરિવારે આપ્યો હતો ઓનલાઈન ઓર્ડર : ચાર્જ વસુલી ચેતવણી આપી

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદના પ્રહલાદનગર વિસ્તારમાં આવેલા પ્રખ્યાત ગ્વાલિયા સ્વીટ્સ નામની રેસ્ટોરન્ટમાંથી સરખેજના પરિવારે ઓનલાઈન છોલે-ભટુરે મગાવતાં એમાંથી બે વંદા નીકળ્યા હોવાનું સામે આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગમાં ફરિયાદ મળી હતી, જેથી ટીમ દ્વારા ગ્વાલિયા સ્વીટ્સમાં તપાસ કરવામાં આવી હતી અને રૂ. ૨૫,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

AMC ફૂડ વિભાગના વડા ડો. ભાવિન જોશીએ જણાવ્યું હતું કે પ્રહલાદનગર વિસ્તારમાં આવેલી ગ્વાલિયા સ્વીટ્સ નામની રેસ્ટોરન્ટમાંથી ઓનલાઈન મગાવેલા ફૂડમાંથી વંદા નીકળ્યા હોવા અંગેની ફરિયાદ મળી હતી. ફરિયાદીએ પહેલાં ફરિયાદ આપી હતી, ત્યાર બાદ તેમણે ફરિયાદ પાછી લેવાની વાત કરી હતી, પરંતુ જે ફરિયાદ મળી એને લઈને તપાસ કરવામાં આવી હતી અને રેસ્ટોરન્ટ પાસેથી રૂ. ૨૫૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. કોઈપણ પ્રકારની આવી ઘટના ફરીથી ન બને એનું ધ્યાન રાખવા માટે પણ જણાવ્યું હતું. તમામ લાઇસન્સ તેની પાસે હોવાનું પણ જાણવા મળ્યું છે. ત્યારે આ મામલે માત્ર હાલ વહીવટી ચાર્જ લેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ શહેરના સરખેજ વિસ્તારમાં રહેતા એક પરિવાર દ્વારા પ્રહલાદનગર



વિસ્તારમાં આવેલી પ્રખ્યાત ગ્વાલિયા સ્વીટ્સ નામની રેસ્ટોરન્ટમાંથી છોલે-ભટુરે ઓનલાઈન મગાવવામાં આવ્યા હતા. ઓનલાઈન મગાવેલા ફૂડને ખોલતાં એમાં છોલેમાંથી બે વંદા નીકળતાં તાત્કાલિક કોર્પોરેશનના ફૂડ વિભાગમાં ફરિયાદ કરી હતી, જોકે ત્યાર બાદ તેમણે ફરિયાદ પાછી લીધી હતી. ભૂતકાળમાં ગ્વાલિયા સ્વીટ્સ નામની રેસ્ટોરન્ટમાંથી અવારનવાર ખાદ્યચીજવસ્તુઓમાંથી કોઈ ચીજવસ્તુ નીકળતી હોવાની ફરિયાદ પણ મળી છે.

# સુરતના પર્વત ગામમાં આવેલ અવધ ઋતુરાજ માર્કેટમાં લાગી ભયંકર આગ


## ૨૦થી વધારે ફાયર ફાયટરની ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવાયો : લાખોનું નુકસાન

**સમય મિરર | સુરત**

સુરતમાં આગનો મામલો સામે આવ્યો છે. સુરત જિલ્લાના પર્વત ગામમાં આવેલા અવધ ઋતુરાજ માર્કેટમાં આગ લાગી હતી. માર્કેટના પાંચમાં માળે દુકાનમાં આગ લાગતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.જે બાદ લોકોએ ફાયર ટીમને જાણ કરી હતી. ટીમે તાત્કાલિક ત્યાં પહોંચીને ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. દુકાનમાં આગ લાગતા મોટું નુકસાન થયું હતું.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરતના પર્વત ગામમાં અવધ ઋતુરાજ માર્કેટમાં ભયાનક આગ લાગી હતી. જેમાં માર્કેટના પાંચમાં માળે દુકાનમાં આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. તો





લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આગ લાગતા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. તો ફાયરની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો. મળતી માહિતી મુજબ આગમાં દુકાનની અંદર મોટું નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. વહેલી સવારનો સમય હોવાથી માર્કેટમાં કોઈ હાજર ન હતું. જેના લીધે મોટી દુર્ઘટના ટળી હતી. જોકે, સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની નહોતી થઈ.ફાયરના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો.

અગાઉ પણ સુરતમાં આવી ઘણી આગની ઘટનાઓ બની હતી. તે પહેલા પણ સુરતના એક એપાર્ટમેન્ટના પાર્કિંગમાં ભયાનક આગ લાગી હતી.જેના લીધે પાકિગમાં ભયનો માહોલ સર્જાયો હતો. તો આગના લીધે કુલ ૫ બાઈક સળગી ગયા હતા. જેમાં કોઈ જાનહાનિ નહોતી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આગથી બચવા માટે લોકો ટેરેસ પર ચઢી ગયા હતા. લોકોએ ફાયર વિભાગને જાણ કરતા તેઓએ આગ પર કાબૂ મેળવ્યો હતો.

# ગુજરાતમાં સ્થાપિત ૩.૦૩ લાખ સોલર રૂફટોપ પેનલ્સ દ્વારા ૧૨૩૨ મેગાવોટ ઊર્જાનું ઉત્પાદન

## આ ઊર્જા ઉત્પાદનથી ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાની બચત થઈ અને ૧૫૦૪ મેટ્રિક ટન $CO_2$ના ઉત્સર્જનમાં ઘટાડો થયો : ૩.૫ લાખ પેનલ ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલા પૂર્ણ : દેશભરમાં અગ્રેસર

**સમય મિરર | ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે ફરી સાબિત કરી બતાવ્યું છે કે, નીતિગત દૃઢતા, વહીવટી કાર્ય ક્ષમતા અને જનભાગીદારીનો સમન્વય કોઈપણ યોજનાને રાષ્ટ્રીય સફળતામાં પરિવર્તિત કરી શકે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના માટે રાજ્ય સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિર્ધારિત ૩.૦૫લાખ સોલાર રૂફટોપ પેનલ્સના ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.

રાજ્ય સરકારની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર,૧૧મે૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ૩.૦૩લાખ સોલર રૂફટોપ પેનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ આંકડો દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, આજે ગુજરાત સોલર રૂફટોપ ઈન્સ્ટોલેશનમાં દેશમાં ૩૪% યોગદાન આપી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૩૬૨ કરોડની સબસિડી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના ૩.૦૩લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૩ કરોડની સબસિડી આપવામાં આવી છે. પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાનું સફળ અમલીકરણ કરનારા ટોચના પાંચ રાજ્યોની વાત કરીએ તો પ્રથમ ક્રમે ગુજરાત બાદ, મહારાષ્ટ્ર ૧. ૮૯ લાખ સોલર રૂફટોપ પેનલ ઈન્સ્ટોલેશન્સ સાથે બીજા ક્રમે છે. ઉત્તર પ્રદેશ ૧. ૨૨ લાખ ઈન્સ્ટોલેશન સાથે ત્રીજા ક્રમે, કેરળ ૯૫ હજાર ઈન્સ્ટોલેશન સાથે ચોથા ક્રમે અને રાજસ્થાન ૪૩ હજાર ઈન્સ્ટોલેશન સાથે પાંચમા ક્રમે છે.

GUVNLના આંકડા અનુસાર, ગુજરાતમાં 'પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના' હેઠળ સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટોપ સિસ્ટમ દ્વારા ૧૨૩૨ મેગાવોટથી વધુ ઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનના ૧૮૩૪ મિલિયન યુનિટ જેટલું છે. જો આટલી જ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ ૧૨૮૪મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત. આ બચતને કારણે વાતાવરણમાં ૧૫૦૪ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન માં પણ ઘટાડો થયો છે.



### પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના

પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૨૪ માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આ યોજના હેઠળ નાગરિકોને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે ૩ કે. વી સુધીની સિસ્ટમ પર રૂ. ૭૮ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. છત ધરાવતો કોઈપણ ઘરમાલિક આ યોજના માટે પાત્ર છે. અરજી ની પ્રક્રિયા સરળ છે અને https:// pmsuryaghar.gov.in પર જઈને ઓનલાઈન કરી શકાય છે.

### વહિવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીના સહયોગથી ગુજરાત બન્યું શ્રેષ્ઠ

ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની અભૂતપૂર્વ સફળતામાં વહીવટીતંત્રની દૂરંદેશી કામગીરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે અહીંની જાગૃત જનતા અને સ્થાનિક સંસ્થાઓની સક્રિય ભાગીદારીએ પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. રાજ્ય સરકારે દરેક ગામ અને શહેરમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવીને નાગરિકોને યોજનાના લાભો વિશે માહિતગાર કર્યા અને અરજી પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવી.આ સમન્વિત અને સમર્પિત પ્રયાસો આજે ગુજરાતને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં દેશ માટે એક આદર્શ મોડલ તરીકે સ્થાપિત કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં સૈન્યની મદદ માટે ૧૦૧ યુનિટ બ્લડ એકત્ર

## સદભાવના ગ્રુપ દ્વારા આયોજીત મહારક્તદાન કેમ્પમાં દાતાઓ ઉમટી પડ્યા : જય હિંદનો નાદ ગુંજ્યો

**સમય મિરર | સાવરકુંડા**

ઓપરેશન સિંદૂર અંતર્ગત વર્તમાન અને ભવિષ્યની સંભવિત પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે, સદ્દભાવના ગ્રુપ દ્વારા સાવરકુંડલા મા અમરેલી રેડક્રોસ સોસાયટીના સહયોગથી એક સફળ મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શહેરના સેવાભાવી રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કુલ ૧૦૧ યુનિટ અમૂલ્ય રક્તનું દાન કર્યું હતું.





સદ્દભાવના ગ્રુપ, જે છેલ્લા ૨૪ વર્ષથી ૮ હેલ્પલાઈન દ્વારા સમાજસેવાના કાર્યોમાં મોખરે રહ્યું છે, તેમના દ્વારા આયોજિત આ ૧૦૬ મો રક્તદાન કેમ્પ એક સુંદર અને સુવ્યવસ્થિત કાર્યક્રમ રહ્યો હતો. ગ્રુપ દ્વારા લોકોને રક્તદાનના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને અપીલ કરવામાં આવી હતી કે સમયસર મળેલું રક્ત અનેક જરૂરિયાતમંદ લોકોના જીવનને બચાવી શકે છે. આ રક્તદાન કેમ્પ પરોક્ષ રીતે અનેક લોકો માટે જીવનદાતા સાબિત થશે. આ કેમ્પમાં મહિલા રક્તદાતાઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે મોટી સંખ્યામાં માતાઓ બહેનોએ પણ રક્તદાનમાં સહભાગી બનીને સમાજ પ્રત્યેની પોતાની ફરજ નિભાવી હતી. આ પહેલને સર્વત્ર આવકાર મળ્યો હતો.

સદ્દભાવના ગ્રુપ માત્ર રક્તદાન કેમ્પ જ નહીં પરંતુ અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય છે. હવે સદભાવના ગ્રુપ દ્વારા આગામી કાર્યક્રમની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે આગામી ૧ લી જૂન, ૨૦૨૫ ના રોજ સદભાવના ગ્રુપ દ્વારા એમ્બ્યુલન્સ લોકાર્પણનો એક ભવ્ય કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. સાધુ સંતોના હસ્તે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ઈકો મીની આઈસીયુ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવશે. આ એમ્બ્યુલન્સ ''ચિયર્સ જિંદગી'' અભિયાન હેઠળ જરૂરિયાતમંદ લોકો માટે તાત્કાલિક અને સલામત પરિવહન સુનિશ્ચિત કરશે. આ એમ્બ્યુલન્સ માટે દાતાશ્રીઓએ ઉમદા યોગદાન આપ્યું છે લુહાર સંત મૂળદાસબાપા ગોકુળ જવેલર્સ પરિવાર ચંદ્રકાંતભાઈ ભાયચંદભાઈ કાત્રોડીયા શેઠ શ્રી મહાસુખરાય ત્રિભુવનદાસ કામદાર (હસ્તે કામદાર પરિવાર)

સ્વર્ગસ્થ કંચનબેન કપૂરચંદભાઈ પારેખ (હસ્તે સ્મિતાબેન લલિતભાઈ કપૂરચંદભાઈ પારેખ, સાવરકુંડલા વાળા) તેમના આ અમૂલ્ય યોગદાનથી ઈમરજન્સીના સમયમાં આ એમ્બ્યુલન્સ સેવા આશીર્વાદરૂપ સાબિત થશે. સદ્દભાવના ગ્રુપ આ તમામ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને સાવરકુંડલાના લોકોના સહકાર બદલ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે. સદભાવના ગ્રુપ ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યો દ્વારા સમાજને ઉપયોગી બનવા માટે કટિબદ્ધ છે.

## રૂા. ૧.૯૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી પોલીસ : બુટલેગરોમાં ફફડાટ

# સૂત્રાપાડામાં વિદેશી દારૂ અને બિયરના ૧૬૫ ટીન ભરેલી કાર સાથે શખ્સ ઝડપાયો

**સમય મિરર | વેરાવળ**

સુત્રાપાડા પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો, બીયર ટીન ૧૬૫ રૂા.૮૬,૧૦૦ તથા અલ્ટો ફોરવ્હીલ, મોબાઈલ મળી કુલ રૂા.૧,૯૬,૧૦૦ ના મુદામાલ સાથે બુટલેગરને ઝડપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ ઝડપાયેલ બુટલેગર સામે અગાઉ ૧૨ ગુન્હા પોલીસ ચોપડે નોંધાયેલ છે.



જુનાગઢ રેન્જ આઇ.જી.પી. નિલેશ જાજડીયા, જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર દ્વારા પ્રોહી, જુગારની અસામાજિક પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના ને અનુસંધાને સુત્રાપાડાના પી.આઇ. એન.બી. ચૌહાણ તથા સ્ટાફ પેટ્રોલીંગમાં રહેલ તે દરમ્યાન હે.કો. જગદીશભાઇ ગોહીલ, ભાવેશભાઇ મોરી, પો.કો. રોહીતભાઇ ઝાલા, હરેશભાઇ વાઝા ને મળેલી હકિકતના આધારે વડોદરા ઝાલા ગામે જતા સિમેન્ટ રોડ પાસે વોચમાં રહેલ ત્યારે કોડીનાર તરફથી એક શખ્સ મારૂતી અલ્ટોમા આવતા તેને શંકાના આધારે રોકાવી તપાસ કરતા (૧) રોયલ સ્ટેગ કલાસીક વ્હીસ્કી પેરોનોડ રીચાર્ડ ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ ૧૨૬, કાંડવા મહાલુંગી તા-ડીડોરી જી-નાસીક મહારાસ્ટ્રા રાજ્ય બનાવટની કાચની ૩૭૫ એમ.એલ.ની બોટલો ૧૧૮ રૂા.૭૬,૭૦૦તથા (૨) ભારતીય બનાવટની ટેગ પ્રિમીયમ સ્ટ્રોંગ ટીન બીયર ૫૦૦ એમ.એલ.ની બોટલો ૪૭.રૂા.૯,૪૦૦ તેમજ દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ મારૂતી અલ્ટો ફોરવ્હીલ નં. જીજે. ૦૧ એચ. આઇ.૨૮૬૬ રૂા.એક લાખ તથા એન્ડ્રોઇડ મોબાઇલ મળી કુલ રૂા.૧,૯૬,૧૦૦ ના મુદામાલ સાથે જયેશ ઉર્ફ મેઘાણી મહેન્દ્રભાઈ બારડ ઉ.વ.૩૨ ધંધો ખેતી રહે.સુત્રાપાડા હવેલી શેરી વાળાને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ ઝડપાયેલ આરોપી બુટલેગર સામે અગાઉ ૧૨ જેટલા પ્રોહીબીશનના ગુન્હા નોંધાયેલ હોવાનું તપાસમાં બહાર આવેલ છે.

# જેતપુરના મેવાસા ગામે સેવાસેતુ સાધન સહાય, મેડિકલ કેમ્પ યોજાશે

## આરોગ્ય કેમ્પમાં નિષ્ણાંત તબીબો સેવા આપશે

**સમય મિરર | વીરપુર**

વીરપુર તાબેના મેવાસા ગામે રાજયમાં વહીવટી પારદર્શીતા વધે તેમજ પ્રજાની રજુઆતોના ઉકેલ માટે જેતપુર તાલુકામાં તાલુકા કક્ષાનો સેવાસેતુ, દિવ્યાંગ સાધન સહાય વિતરણ તથા મેડીકલ કેમ્પનુ તા.૧૭/૫/૨૦૨૫ શનિવારના રોજ જીલ્લા પંચાયત રાજકોટની પેઢલા સીટ અંર્તગત મેવાસા ગામે શ્રી ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના સંત ''ભક્ત રામબાપાની જગ્યાની વાડીમાં '' આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નવ જેટલા નિષ્ણાંત ડોકટરો ધ્વારા વિવિધ રોગો અંગેના મેડીકલ કેમ્પ તથા પી.જી.વી.સી.એલ. ના સી.આર.એસ. ફંડ માંથી એલીમકો કંપની ધ્વારા દિવ્યાંગોને સાધન સહાય વિતરણ જેવા ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં ભારત સરકારના શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત-ગમત વિભાગના મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયા મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે તેમજ જેતપુર ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા અને રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ પ્રવિણાબેન રંગાણી અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે.

આ મેડીકલ કેમ્પ દરમિયાન ઈ.એન.ટી. નિષ્ણાંત, સ્કીન નિષ્ણાંત, ફીઝીશીયન, ગાયનેક નિષ્ણાંત, ઓથોપેડીક નિષ્ણાંત, પીડીયા ટ્રીશીયન, જનરલ સર્જન, હાથના નિષ્ણાંત, દવાઓ, લેબોરેટરીઓ વિગેરે જેવી મેડીકલ સેવાઓ આપવામાં આવશે તેમ તાલુકા પંચાયત કચેરી જેતપુરની એક યાદીમાં જણાવાયું છે.

## કચરાના ઢગલાંથી ભયંકર રોગચાળો ફેલાવવાનો ખતરો : સફાઈ કરવા માંગણી

# જસદણની સરકારી હોસ્પિટલમાં સ્વચ્છતાના અભાવે ગંદકીનું સામ્રાજ્ય : દર્દીઓમાં ભારે આક્રોશ

**સમય મિરર | આટકોટ**

જસદણની સરકારી હોસ્પિટલ જે લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે કાર્યરત છે, તે જ આજે બેદરકારીના કારણે ગંદકીના ઢગલામાં ફેરવાઈ રહી છે. હોસ્પિટલના પાછળના મેદાનમાં ખડકાયેલા કચરાના ઢગલા ગંભીર ચિંતાનો વિષય છે. આ ગંદકી માત્ર વાતાવરણને દુર્ગંધિત કરી રહી નથી, પરંતુ તે અનેક રોગોને પણ આમંત્રણ આપી રહી છે, જેના કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દી ઓના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે.



દર્દીઓ જે પહેલેથી જ બીમારીઓ સામે લડી રહ્યા છે, તેઓ આ ગંદકીના કારણે વધુ જોખમમાં મુકાઈ ગયા છે. મચ્છરો અને અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધવાથી ચેપી રોગો ફેલાવાની સંભાવના વધી ગઈ છે. હોસ્પિટલ જેવી પવિત્ર જગ્યાએ આવી બેદરકારી દર્દીઓ અને તેમના પરિવારજનો માટે અત્યંત દુઃખદાયક છે. સ્થાનિક લોકો અને દર્દીઓના સગાંઓએ અનેકવાર આ અંગે હોસ્પિટલ પ્રશાસનને ધ્યાન દોર્યું છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. આ ગંભીર પરિસ્થિતિને તાત્કાલિક ધ્યાનમાં લેવી અને હોસ્પિટલના પાછળના મેદાનને સ્વચ્છ બનાવવું અત્યંત જરૂરી છે. જો આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહીં આવે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે.

આ ગંભીર પ્રશ્ને જિલ્લા આરોગ્ય અધિકારી અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક આ બાબતે તપાસ કરે અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરે, જેથી હોસ્પિટલનું વાતાવરણ સ્વચ્છ અને સલામત રહે અને દર્દીઓ સ્વસ્થ થઈને ઘરે પાછા ફરી શકે.

# વેરાવળની સવજાણી કોલેજનું BBA અને BCA કોર્ષનું ઝળહળતું પરિણામ

## TYનું ૯૪ ટકાથી વધુ રિઝલ્ટ જાહેર થયું

**સમય મિરર | વેરાવળ**

વેરાવળ એજ્યુકેશન સોસાયટી સંચાલિત કે. એમ. સવજાણી તથા કે. કે. સવજાણી બી.બી.એ. બી.સી.એ. કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ દ્વારા માર્ચ, એપ્રિલ-૨૦૨૫ની પરીક્ષામાં ટી.વાય. બી.સી.એ. ૯૪.૦૬ ટકા તેમજ ટી.વાય. બી.બી.એ. ૯૦.૨૦ ટકા અને ટી.વાય. બી.કોમ ૯૪ ટકા પરીણામ આવેલ છે.

આ પરિણામમાં બી.બી.એ. સેમેસ્ટર ૬ પરીક્ષામાં પ્રથમ સ્થાને મહેતા હિરલ કિશોરભાઇ (CGPA 08.54), બીજા સ્થાને પજવાણી નેહલ ગોપાલ (CGPA 08.27), ત્રીજા સ્થાને જાદવ વિજય જીતેન્દ્રભાઇ (CGPA 08.23) તેમજ બી.સી.એ. સેમેસ્ટર -૬ પરીક્ષામાં પ્રથમ સ્થાને રાઠોડ મેઘા જીતેંદ્રભાઇ (CGPA 08.83), રાના બબીતા કરતાર્સિંહ (CGPA 08.83), ભાદરકા રહેનુમા મહમદરફીક (CGPA 08.83), બીજા સ્થાને જેઠવા હાર્દિક દેવજીભાઇ (CGPA 08.72) અને ત્રીજા સ્થાને ભરડા હાર્દિકકુમાર કાનાભાઇ (CGPA 08.67), કામળીયા ધર્મેશ મેણસીભાઇ (CGPA 08.67) તેમજ બી.કોમ. સેમેસ્ટર -૬ પરીક્ષામાં પ્રથમ સ્થાને બારૈયા હર્ષાંગી અમ્રુતલાલ (CGPA 08.66), પાલ નીલુ હરિશ્ચંદ્ર (CGPA 08.66), બીજા સ્થાને પરમાર વિરલબેન હાજાભાઇ (CGPA 08.59), ત્રીજા સ્થાને અપારનાથી માનસી ભાવીનગીરી (CGPA 08.48) સાથે પાસ થઇ ને તેમના પરિવાર સાથે કોલેજનું ગૌરવ વધારતા આચાર્ય જીગરભાઈ રાવલ તથા ટ્રસ્ટીઓ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આવકારેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# દીવની ગેલેક્સી ઈંગ્લીશ મીડિયમ શાળાના બોર્ડના ટોપર વિદ્યાર્થીઓનું કરાયું સન્માન

## રોકડ, ભગવદ ગીતા અને ટ્રોફી એનાયત કરતા મહાનુભાવો

**સમય મિરર | દીવ**

દીવમાં ગેલેક્સી ઈંગ્લીશ મીડિયમ શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું શાળાના ટ્રસ્ટીઓ આઈટી શેઠ અને જીતુભાઈ દ્વારા ધોરણ દસ અને બારના ટોપર વિદ્યાર્થીભાઈ બહેનોને રોકડ રકમ, ભાગવત ગીતા પુસ્તક અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું અને શુભેચ્છા પાઠવી ધોરણ ૧૨ સાયન્સ મેથ્સમાં પ્રથમ દક્ષ બિપિનચંદ્ર સોલંકી દ્વિતિય પાર્થ હેમલ પટેલ અને તૃતિય નાનજી બામણીયા બાયોલોજીમાં પ્રથમ જેનિસ હસમુખ વાઢેર દ્વિતિય હિતિકા વસંતકુમાર તૃતિપ ફુલબારિયા ધ્રુવ પ્રદિપ ધોરણ ૧૨ કોમર્સમાં પ્રથમ જેનિશ અનિશ હસનાની દ્વિતિય બ્રિયન્કા આલ્મેડા અને તૃતિય ખુશાલી કાનજી બામણીયા ધોરણ ૧૨ આર્ટસમાં પ્રથમ કૈયુર દિનેશકુમાર દ્વિતિય ઋષિ માનસીંગ તૃતિય રીતુરાજ યોગેસ સોલંકી ધોરણ ૧૦માં પ્રથમ આયુષગીરી જયેન્દ્રગીરી ગોસ્વામી દ્વિતિય જેનિસ નાનજી અને તૃતિય હિરલ વિજયકુમાર શામજી એ પ્રાપ્ત કર્યો.




## ૧૩ દર્દીઓના વીરનગર ખાતે ઓપરેશન

# વેરાવળમાં બ્લડ બેંક ખાતે યોજાયેલ નેત્રયજ્ઞમાં દર્દીઓની ચકાસણી



**સમય મિરર | વેરાવળ**

વેરાવળમાં સ્વ.રમેશભાઇ મસાણી જન સમાજ સેવા સંઘ બ્લડ બેંક ખાતે નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો હતો જેમાં દાતા સ્વ.મણીભાઈ, સ્વ. સુશીલાબેન પંચાલ તથા જલારામ મંદિર ગ્રીન ફન યુકે રાજકોટ દિવ્ય સંઘ જીવન સહયોગથી શિવાનંદ મશીન વીરનગર ડોક્ટર વર્મા ની ટીમ દ્વારા ૮૯ દર્દીઓની તપાસવામાં આવેલ જેમાં ઓપરેશનની જરૂરિયાત વારા ૧૩ દર્દીઓને વીરનગર ખાતે લઇ જવામાં આવેલ અને ઓપરેશન કર્યા પછી બીજા દિવસે વેરાવળ પરત મૂકી જવા માં આવનાર છે. દર્દીને રહેવા જમવાની સેવા સંસ્થા દ્વારા આપવામાં આવેલ હતી. આ કેમ્પને સફળ બનાવવા જન સમાજ સેવા સંઘના જયંતીભાઈ આંજણી સુમનભાઈ સિંઘલ સહિતની ટીમે જહેમત ઉઠાવી હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# ગોંડલના ચિત્રકારે ઓપરેશન સિંદૂરની મહિલા અધિકારીઓનું બનાવ્યું ભવ્ય ચિત્ર

## મોંઘીબા હાઈસ્કૂલની દિવાલ પર કંડાર્યુ 30 ફૂટ પહોળું પોસ્ટર




**સમય મિરર | ગોંડલ**

ગોંડલ મોંઘીબા હાઈસ્કૂલ ની દીવાલ પર ગોંડલ ઉપરાંત દેશ વિદેશ પણ ખ્યાતિ પામેલ મુસ્લિમ યુવાન અને ચિત્રકાર મુનિર બુખારીએ ઓપરેશન સિંદૂરમાં મહત્વની ભૂમિકા ભજવનાર બે મહિલા અધિકારી કર્નલ સોફિયા કુરેશી તેમજ વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘનું ચિત્ર પોતે સ્વખર્ચે બનાવી અનોખી દેશ ભક્તિ દાખવી હતી.

પેઈન્ટર મુનિર બુખારીએ શહેરની મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ ની 30 ફૂટ પહોળી તેમજ ૬ ફૂટ ઊંચી દીવાલ પર ઓપરેશન સિંદૂરનું ચિત્ર તૈયાર કરવામાં આવ્યું છે. ચિત્રકાર મુનિર બુખારીને આ ચિત્ર બનાવતા બે દિવસમાં ૧૮ કલાકથી વધુ સમયની મેહનત તેમજ ૧૦ થી ૧૨ લીટર કલરનો ઉપયોગ થયો હતો. આ પ્રોજેકટ માટે તેમણે વહિવટી તંત્રની મંજૂરી લીધી હતી.

# વેરાવળની દર્શન સ્કૂલના વિદ્યાર્થી-ઓ કરાટે ચેમ્પિયનશિપમાં અવ્વલ








**સમય મિરર | વેરાવળ**

ઓપન ગુજરાત કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૫ નું આયોજન તા.૨ અને ૩ મેં ૨૦૨૫ દરમ્યાન ગુજરાત વાડોકાઈ કરાટે ડો એસોસિએશના ગુજરાત કરાટે એન્ડ સ્પોર્ટ એસોસિએશન તેમજ સિંહણ પ્રવીણકુમાર ચૌહાણ દ્વારા આયોજન દમણ મુકામે કરવામાં આવેલ તેમાં ગુજરાતભરમાંથી ૩૫૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં વેરાવળની દર્શન સ્કૂલ ના સોલંકી આર્યન લખમણભાઇ એ ગોલ્ડ મેડલ તેમજ સોલંકી જાદવ જીવાભાઈ એ સિલ્વર મેડલ તથા ન્યૂ દર્શન સ્કૂલની વિદ્યાર્થી રાણીંગા કાવ્યા ખુશાલભાઈ એ સિલ્વર મેડલ મેળવી ગીર સોમનાથ જિલ્લામાં કરાટે માં ડંકો વગાડેલ છે.

## જિલ્લા વહિવટી તંત્ર દ્વારા રૂા. ૮૯ લાખની દબાણ યુક્ત સરકારી જમીન ખુલ્લી કરાવાઈ

# પોરબંદરના દેરોદરમાં સતત બીજા દિવસે ડિમોલિશન, ૧૫ દબાણનો માંચડો તોડી પડાયો

**સમય મિરર | ગોસા (ઘેડ)**

પોરબંદર જીલ્લા કલેકટર એસ. ડી. ધાનાણીની સુચના અને માર્ગદર્શન હેઠળ પોરબંદર મામલતદાર (ગ્રામ્ય) ના કે.જે. મારૂ, માધવપુર સર્કલ ઓફિસર અંકુરભાઈ વી.પરમાર,પોરબંદર સર્કલ ઓફિસર પ્રકાશભાઈ સોલંકી, દેરોદર મહેસુલી તલાટી પ્રકાશભાઈ પાંડાવદરા, પ્રવિણા બેન ડી. દયાતર ની ટીમ દ્વારા ગઈ કાલે તા. ૧૪/૦૫ ના રોજ પોરબંદર તાલુકા ના દેરોદર ગામે સરકારી જમીન ઉપર થયેલા ૮૭ ગેરકાયદેસર ના દબાણોમાં થી ૨૦ દબાણદારોની ૨૬૫૦૦ ચોરસ મીટર જમીનનું દબાણ દુર કરાવ્યા બાજ આજે બીજા દિવસે પણ દેરોદર ગામે પેશકદમી થયેલ દબાણોનું




ડિમોલેશનનું કામ આગળ ચલાવવામાં આવેલ હતું.

પોરબંદર તાલુકાના દેળોદર ગામની સરકારી જમીનમાં કરવામાંઆવેલ દબાણ દૂર કરવાની બાકી રહેલ કામગીરી આજે તા.૧૫/૦૫/ ૨૦૨૫ના સવારના ૧૧-૦૦ કલાકથી ૨ જેસીબી મશીન મારફત શરૂ કરવામાં આવી હતી. અને દિવસ દરમ્યાન ૧૫ દબાણ દારો દ્વારા કરવામાં આવેલ ૧૭૬૯૮-૦૦ ચો.મી. ઉપરનું દબાણ દૂર કરવામાં આવેલ છે. આ ખુલ્લી કરવામાં આવેલ જમીનની અંદાજિત બજાર કિંમત રૂ.૮૯ લાખ જેવી થાય છે. આમ તા.૧૪ અને ૧૫ આ બે દિવસ દરમ્યાન કુલ-૮૭ દબાણ દારો પૈકી ૩૫ દબાણદારો દ્વારા કરવામાં આવેલ ૪૪૧૯૮ -૦૦ ચો. મી. જમીન ઉપરનું દબાણ દૂર કરવામાં આવેલ છે. જયારે બાકી રહેલ દબાણ દૂર કરવાની કામગીરી તા.૧૬ના સવારના ફરી શરૂ કરવામાં આવશે.

# જસદણના જીલેશ્વર પાર્કમાં વડાપ્રધાન મોદીના હસ્તે રોપાયેલ છોડ બન્યું વટવૃક્ષ

## ૧૭ વર્ષ અગાઉના સ્મરણો વાગોળતા આગેવાનો અને ઉદ્યોગપતિઓ

**સમય મિરર | આટકોટ**

જસદણના જીલેશ્વર પાર્કમાં ૧૭ વર્ષ પહેલાં રોપાયેલું એક નાનું વડનું વૃક્ષ આજે ઘટાદાર બની ગયું છે, જાણે કે તે સમયના એક મહત્વપૂર્ણ મુલાકાતની સાક્ષી પૂરી રહ્યું હોય. આ વૃક્ષ કોઈ સામાન્ય વ્યક્તિ દ્વારા નહીં, પરંતુ તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રોપાયું હતું.



એ સમય હતો જ્યારે નરેન્દ્ર મોદીએ જસદણના અગ્રણી ઉદ્યોગપતિ અને નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ જેન્તીભાઈ પોપટભાઈ રાઠોડના આમંત્રણને સ્વીકારીને શહેરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, તેમણે જેન્તીભાઈ સાથે મળીને જીલેશ્વર પાર્કમાં આ વડનું રોપણ કર્યું હતું, જે આજે એક વિશાળ વૃક્ષ બનીને ઊભું છે.

આ ઘટના જસદણના લોકો માટે એક યાદગાર સંભારણું બની ગયું છે, જે તેમને દેશના વડાપ્રધાનની વર્ષો પહેલાંની મુલાકાતની યાદ અપાવે છે. આ વડનું વૃક્ષ માત્ર એક વૃક્ષ નથી, પરંતુ તે જસદણ અને નરેન્દ્ર મોદી વચ્ચેના એક વિશેષ સંબંધનું પ્રતીક છે, જે ૧૭ વર્ષ બાદ આજે પણ લીલુંછમ અને ફળદાયી છે.

# મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ આજી-૨ તેમજ ન્યારી-૨ ડેમ સાઈટની મુલાકાત લઈ સર્વેક્ષણ કર્યું

## ચોમાસાંની ઋતુને ધ્યાને લઈ ડેમ સાઈટ પર જરૂરી મરામત તેમજ સાફ-સફાઈ અંગે સૂચના આપી





**સમય મિરર | રાજકોટ**

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજરોજ સિંચાઇ યોજના સંલગ્ન રાજકોટના માધાપર પાસે આવેલા આજી-૨ ડેમ તેમજ રંગપર પાસે આવેલા ન્યારી-૨ ડેમ સાઈટની મુલાકાત લઇ તેનું સર્વેક્ષણ કર્યું હતું. સાઇટ વિઝીટ દરમિયાન મંત્રીએ હાલમાં પાણીની સ્થિતિ અંગે સમીક્ષા કરી સિંચાઈ યોજના અન્વયે આસપાસના ગામોને મળતા લાભ અંગે વિગતે માહિતી મેળવી હતી. મંત્રી કુંવરજીભાઇએ આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ ડેમ સાઈટ પર જરૂરી મરામત, સાઈનેજીસ મુકાવવા તેમજ સાફ-સફાઈ અંગે જરૂરી કામગીરી સમયસર પૂર્ણ કરવા અધિકારીશ્રીઓને સૂચના આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ બંને ડેમ સિંચાઇ યોજના સાથે જોડાયેલા છે. આસપાસના ગામોમાં ખેડૂતોને ખેત વપરાશ માટે ડેમનું પાણી પૂરું પાડવામાં આવે છે. આ તકે સિંચાઈ વિભાગના અધિક્ષક ઈજનેર શ્રી પ્રેક્ષા ગોસ્વામી, પડધરી મામલતદાર તેમજ સિંચાઈ વિભાગના કર્મીઓએ ઉપસ્થિત રહી જરૂરી માહિતી પુરી પાડી હતી.

# PGVCLના અધિકારીની ગુજરાત ઉર્જા SC ST એમ્પ્લોઇઝ એસો.ની શુભેચ્છા મુલાકાત



**સમય મિરર | રાજકોટ**

PGVCLમા મેનેજીંગ ડિરેક્ટર તરીકે કેતન જોશીની નિમણૂક થતા ગુજરાત ઉર્જા એસ સી/એસ ટી એમ્પ્લોઇઝ એસોસિએશન ના હોદેદારો એ શુભેચ્છા મુલાકાત લઇ ને આવકારી શુભકામના પાઠવેલ.આ તકે પ્રમુખ ગીરીશભાઈ પરમાર, ખજાનચી એમ કે ચાવડા,ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ ચાવડા, બી ડી રાઠોડ, જનરલ સેક્રેટરી શ્રી જે.એમ સોસા, ઝોનલ સેક્રેટરી શ્રી ડો.વિશાલ પરમાર, સર્કલ સેક્રેટરી વી ડી પરમાર, સુપ્રિટેન્ડ ઓફ એકાઉન્ટ ચૌધરી, ડેપ્યુટી સુરિન્ટેન્ડટ રમેશભાઈ વાઘેલા, ચૌહાણભાઈ જેટકો જામનગર, બગડાભાઇ વગેરે હાજર રહેલ.

# ઔદ્યોગિક તાલિમ સંસ્થા, લોધિકા ખાતે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

**સમય મિરર | રાજકોટ**

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધિકા(ખિરસરા) સરનામુઃ મુ. ખિરસરા,ચીભડા ચોકડી, કાલાવડ રોડ, રાજકોટ, ફોન નં. ૦૨૮૨૭ ૨૯૯૫૬૬ ખાતે લઘુત્મ લાયકાત ધો.૧૦ પાસ માટે કોમ્પ્યુટર કોપા, મીકે. ડીઝલ, ફીટર, ઇલેક્ટ્રિશ્યન અને બ્યુટી પાર્લર તથા લઘુતમ લાયકાત ધો.૦૮ પાસ માટે સીવણ અને વાયરમેન જેવા રોજગારલક્ષી કોર્ષ માટે પ્રવેશ મેળવવા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી ઓનલાઈન શરૂ થઇ ગયેલછે, આથી રસ ધરાવતા ઉમેદવારોએ સવારના ૧૦ કલાક થી સાંજના ૫ કલાક દરમ્યાન સંસ્થા ખાતે સંપર્ક કરવા જણાવવામાં આવે છે. ફોર્મ ભરવા માટે તથા વધુ માહિતી માટે વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે.

# આવતીકાલને વધુ સુરક્ષિત બનાવવા રાજકોટ જિલ્લા વહિવટી તંત્રની પહેલ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવતી કાલને વધુ સુરક્ષિત અને સ્થિતિસ્થાપક સમુદાય બનાવવા મહત્વપૂર્ણ પહેલ કરાઈ છે. જિલ્લા વહીવટી તંત્ર જિલ્લાના નાગરિકો માટે સિવિલ ડીફેન્સ હેઠળ વોલેન્ટિયર તરીકે જોડાવાની તક આપી રહ્યું છે. આપત્તિ વ્યવસ્થાપન અને આકસ્મિક ઘટના માટે તૈયારી રાખવાના આશયને ધ્યાનમાં રાખીને આપત્તિના સમયે રાષ્ટ્રની સેવા કરવા માટે ઉત્સાહી લોકો સ્વયંસેવક તરીકે સેવા આપી શકે છે.

# કલેક્ટરના અધ્યક્ષસ્થાને નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

**સમય મિરર | રાજકોટ**



કલેક્ટરશ્રી પ્રભવ જોશીનાં અધ્યક્ષસ્થાને રાજકોટ શહેર-જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. બેઠકમાં કલેક્ટરશ્રીએ પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી તેમજ સાંસદશ્રી સહિતનાં પદાધિકારીશ્રીઓ દ્વારા અન્ન વિતરણ, ગ્રાહક સુરક્ષા બાબતે રજૂ કરાયેલા પ્રશ્નોનું નિરાકરણ કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીએ અનાજ અને પુરવઠો ગ્રાહકો સુધી સમયસર અને પૂરતા પ્રમાણમાં પહોંચતો રહે, વ્યાજબી ભાવની દુકાનો દ્વારા અનાજ વિતરણ નિયમિત રીતે થાય, નિયમિત દુકાનોની તપાસ કરવી, વિવિધ વિસ્તારોમાં વન નેશન-વન રેશનના કેમ્પ યોજવા સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે સાંસદશ્રી રામભાઈ મોકરીયાએ અધિકારીશ્રીઓ તેમજ સમિતિના સભ્યોને રાશનની દુકાનોમાં નિયમિત રીતે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવા સુચન કર્યું હતું. મેયરશ્રી નયનાબેન પેઢડીયા, ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ તેમજ શ્રી રમેશભાઈ ટીલાળાએ ઈ.કે.વાય.સી., શરૂ તેમજ બંધ દુકાનો વિશે વિસ્તૃત વિગત મેળવી જરૂરી કાર્યવાહી કરવા સુચના આપી હતી.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રીબેન વંગવાણી દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં 'વન નેશન વન રેશન કાર્ડ' થકી થતા અનાજ વિતરણની વિગતો, ઘઉં, ચોખા, ખાંડ સહિતના પુરવઠાનું વિતરણ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે થયેલી કામગીરી અંગેની માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ સહિત સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગર્ભસ્થ માતાઓ તેમજ બાળકોની આરોગ્ય સંભાળ સંદર્ભે એક દિવસીય કાર્યશાળા યોજાઈ




**સમય મિરર | રાજકોટ**

અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટ શાખા દ્વારા ગર્ભસ્થ માતાઓ તેમજ બાળકોની આરોગ્ય સંભાળ સંદર્ભે ખૂબ જ માહિતીસભર અને ઉપયોગી કાર્યક્રમ લલુડી વોકળી ખાતે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ ભાવના જોશીપુરાના અધ્યક્ષ સ્થાને આયોજિત ઉદઘાટન સમારોહ યોજાયો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે પરિષદના મંત્રી પ્રવિણાબેન જોશી, મેડિકલ ઓફિસર ડોક્ટર મૌલીબેન ગણાત્રા, ડોક્ટર કૃપાબેન પંડ્યા, મહિલા વકીલ પારૂલબેન પંડ્યા, સ્થાનિક શાળાના પ્રાચાર્ય પ્રજ્ઞાબેન તેમજ, આરોગ્ય કર્મીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

# આજે ચુંવાળિયા કોળી ઠાકોર સમાજની ૧૧ દીકરીઓ પ્રભૂતામાં પગલાં પાડશે

## ૧૦માં સમૂહ લગ્નોત્સવમાં દીકરીઓને લાખેણો કરિયાવર આપી સ્વગૃહે વળાવાશે

**સમય મિરર | રાજકોટ**



જય વેલનાથ માંધાતા ટ્રસ્ટ નવાગામ રાજકોટ પ્રેરિત રાજકોટ તાલુકા ચુંવાળીયા કોળી ઠાકોર સમુહલગ્ન સમિતિ આણંદપર નવાગામ દ્વારા આયોજીત દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૧૭/૫/૨૦૨૫ શનિવાર સાંજે ૪.૦૦ કલાકે થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધી આણંદપર નવાગામ મેઈન રોડ લાડવાવાડી ખાતે ૧૦માં શાહી સમુહલગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમાજના તમામ કાર્યકરોની મહેનતથી તેમજ દાતાઓના સાથ સહકારથી આ સમુહલગ્નમાં ભાગ લેનાર (૧૧) અગિયાર દિકરીઓને કરિયાવરમાં ઘરવપરાશની તમામ ચીજવસ્તુઓ આપવામાં આવશે. આ સમુહલગ્નમાં પાંચ(૫) હજાર જ્ઞાતિજનોમાટે ભોજન સમારંભની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટ તાલુકા લેવલે નવાગામમાં સતત ૧૦ વર્ષથી ચુંવાળીયા કોળી સમાજના સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આ સમુહલગ્નમાં સંતો-મહંતો, સામાજીક આગેવાનો, રાજકીય મહાનુભાવો, ડોકટર, વકિલ, પોલીસમિત્રો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, સરપંચે તેમજ સમાજની વિવિધ સંસ્થાના તમામ ક્ષેત્રના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહેશે. આ સમુહલગ્નને સફળ બનાવવામાટે રાત-દિવસ મહેનત કરીને કોળી ઠાકોર સમુહ લગ્નોત્સવ ૨૦૨૫ આયોજન ટીમના પ્રમુખ વિપુલ છનીયારા, બાબુ ઝંઝવાડીયા, મગન પીપળીયા, મનસુખ બોહકીયા, ધરમશી અબાસણીયા, કિશોર સીપરીયા, દલસુખ ગોધાણી, વિજય ફતેપરા, રવિ બાબરીયા, સંદિપ છનીયારા જહમત ઉઠાવી રહ્યા છે તેમ આ સમુહલગ્ન સમિતિના સ્થાપક દેવાંગભાઈ કુકાવા ની અખબાર યાદીમાં જણાવાયું છે.

# કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ

**સમય મિરર | રાજકોટ**



કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હાલ પ્રવાસન સ્થળોના વિકાસ કામોમાં પ્રગતિની વિગત, નવી દરખાસ્તો સહિત પ્રવાસન સ્થળો અંગે કામગીરીની વિગતવાર સમીક્ષા હાથ ધરાઈ હતી.

જેમાં ઘેલા સોમનાથ મહાદેવ મંદિરની કામગીરી અંગેની વિગતો રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત દરબારગઢ , બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર-રામોદ, શેમળી નદી પર રિવરફ્રન્ટ બનાવવા સહિત જિલ્લામાં પ્રવાસન સ્થળોની કામગીરી અંગે કલેક્ટરશ્રીએ અધિકારીશ્રીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી હતી.

આ ઉપરાંત મુરલી મનોહર મંદિર ધોરાજી, માનકેશ્વર મહાદેવ મંદિર વીરપુર, લીલાખામાં ભાદર ડેમ સાઈટની આજુબાજુના વિસ્તારનો વિકાસ કરવા, વેરી ડેમ પાસે ગાર્ડન બનાવવા, વિલેજ રિસોર્ટ એટ પાટણવાવ સહિત નવી દરખાસ્તો અંગે પણ સમીક્ષા કરાઈ હતી..

# એકતા મિત્ર મંડળના ઉપક્રમે પહેલી જૂને રાંદલમાના ૧૦૮ લોટા તેડાશે

## ૩૧-મેની રાત્રે કોઠારિયા રોડના કનૈયા ચોકમાં વચલી ઘોડીનું ખ્યાતનામ રામા મંડળ રમશે



**સમય મિરર | રાજકોટ**

એકતા મિત્ર મંડળના ઉપક્રમે તા. ૧ જૂનને રવિવારે માં ભગવતી રાંદલમાતાજીના ૧૦૮ લોટા તેમજ રામામંડળનું આયોજન કરવામા આવ્યું છે. એકતા મિત્ર મંડળના ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે આયોજીત આ ધાર્મિક આયોજન પૂર્વે તા. ૩૧ મે ને શનિવારે રાત્રે ૮થી ૧૨ દરમિયાન કનૈયા ચોક, રણુજા મંદિર સામે કોઠારિયા રોડ રાજકોટ ખાતે નામાંકિત વચલી ઘોડીવાળાનું રામામંડળ રમશે. ત્યારબાદ તા. ૧ જૂનના રોજ સવારે ૭ વાગ્યાથી રાંદલમાના ૧૦૮ લોટાનું આયોજન કરાયું છે. જેમાં ૧૧૦૦થી વધુ ગોરણીઓ પ્રસાદનો લાભ લેશે : સાંજે ૪થી ૬ રાંદલમાનો ઘોડો તથા મહાઆરતી બાદ રાસ ગરબાની રમઝટ બોલશે.

એકતા મિત્ર મંડળ દ્વારા થતી સેવાકીય પ્રવૃતિ જેવી કે અનાથ દિકરીઓના લગ્ન, સમુહ લગ્ન, વિધવા બહેનોને રાશનકીટ, જરૂરિયાતમંદ બાળકોને વિનામુલ્યે ચોપડા વિતરણ તથા દેવી ભાગવત સપ્તાહનું આયોજન અને અપાતકાલિન સંજોગોમાં ભૂખ્યાને ભોજન પુરું પાડવાનું સેવાકીય કાર્ય કરે છે. આ આયોજનમાં એકતા મિત્ર મંડળના પ્રમુખ હરિભાઈ રાઠોડ, ટ્રસ્ટી ઈંદુભા રાઓલ, ગોપાલભાઈ અનળકટ, ભરતસિંહ જાડેજા, લાલભાઈ આલગોતર, દીપકભાઈ લહેરુ, પ્રિન્સભાઈ ગજેરા, ઉમંગભાઈ બાવાજી તથા સર્વે ધર્મ-પ્રેમી ભાઈઓ તથા બહેનોના સહિયારા સહયોગથી સંતો-મહંતો, સામાજિક આગેવાનો, રાજકીય નેતાઓની ઉપસ્થિતિ સાથે આ ભવ્ય કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમનું સ્ટેજ સંચાલન (એન્કરીંગ) જગદેવસિંહ જાડેજા (ડેરી) દ્વારા કરવામાં આવશે.

માં ભગવતી રાંદલમાના લોટા લખવા માટે પ્રમુખ હરિભાઈ રાઠોડ મો. નં. ૯૯૨૪૬ ૦૧૮૭૦ તથા ઈંદુભા રાઓલ મો.નં. ૯૮૨૫૦ ૮૬૨૭૭ અને લાલભાઈ આલગોતર મો. ૭૮૬૨૦ ૫૯૫૫૦નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે.

# PGVCL ભુજ સર્કલના અધિક્ષકની ગુજરાત ઉર્જા SC ST એમ્પ્લોઇઝ એસો.ની શુભેચ્છા મુલાકાત



**સમય મિરર | રાજકોટ**

PGVCL ભુજ સર્કલ ના અધિક્ષક બી સી રાઠોડની રાજકોટ સીટી સર્કલ ના અધિક્ષક ઇજનેર (SE) તરીકે બદલી થતા, રાઠોડ રાજકોટ ખાતે હાજર થતા ગુજરાત ઉર્જા એસ સી/એસ ટી એમ્પ્લોઇઝ એસોસિએશન ના હોદેદારો એ શુભેચ્છા મુલાકાત લઇ ને આવકારી શુભકામના પાઠવેલ.

આ તકે પ્રમુખ ગીરીશભાઈ પરમાર, ખજાનચી એમ કે ચાવડા,ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ ચાવડા, બી ડી રાઠોડ, જનરલ સેક્રેટરી, જે.એમ સોસા, ઝોનલ સેક્રેટરી ડો.વિશાલ પરમાર, અનિલભાઈ સારીખડા ,સર્કલ સેક્રેટરી વી ડી પરમાર, એડિશનલ સર્કલ સેક્રેટરી કોટડભાઈ, સુપ્રિટેન્ડ ઓફ એકાઉન્ટ ચૌધરી, ડેપ્યુટી સુરિન્ટેન્ડટ રમેશભાઈ વાઘેલા, ચૌહાણભાઈ જેટકો જામનગર, બગડાભાઇ વગેરે હાજર રહેલ.

# યુનિવર્સલ સ્કૂલનું ધો. ૧૦માં ૧૦૦ ટકા અને ધો. ૧૨માં ૯૯ ટકા પરિણામ

## SSCમાં ૩૦ છાત્રોએ A૧ ગ્રેડ મેળવ્યો જ્યારે HSCમાં ચાર છાત્રોએ ૯૯થી વધુ PR મેળવ્યા

**સમય મિરર | રાજકોટ**



રાજકોટના ચંદ્રેશનગર મેઈન રોડ પર આવેલ શ્રી યુનિવર્સલ સ્કૂલમાં ધો. ૧૦નું ૧૦૦% પરિણામ મેળવેલ છે. જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ A૧ ગ્રેડ મેળવેલ છે. ધો. ૧૦ માં આજડા પ્રિન્સી દિનેશભાઈ એ ૯૯.૮૯ PR સાથે સ્કૂલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમણે વિજ્ઞાન, સમાજ અને સંસ્કૃતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. જયારે... લાઠીયા મિત મિલનભાઈએ... ૯૯.૮૪ PR પ્રાપ્ત કરીને... દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેઓએ... ગણિત અને સંસ્કૃતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. આ સિવાય સંસ્કૃત વિષયમાં ૬ વિદ્યાર્થીઓએ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરેલ છે. જયારે ગણિત વિજ્ઞાનમાં એમ બંને વિષયમાં ચાર - ચાર વિદ્યાર્થીઓએ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલા છે. જ્યારે બે વિદ્યાર્થીઓએ સામાજિક વિજ્ઞાનમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે.

તે ઉપરાંત ધો. ૧૨ (કોમર્સ)નું સ્કૂલે ૯૯% ટકા પરિણામ મેળવેલ છે. જેમાં ચાર વિદ્યાર્થીઓએ ૯૯ કે તેથી વધુ PR પ્રાપ્ત કરેલા છે. જેમાં જાડેજા યશસ્વીબા શક્તિસિંહએ ૯૯.૮૮ PR મેળવીને સ્કૂલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. યશસ્વીબાએ એકાઉન્ટ, આંકડાશાસ્ત્ર અને એસ.પી. સીસી એમ ત્રણ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરેલા છે. અન્ય વિદ્યાર્થીઓએ પણ એકાઉન્ટ અને આંકડાશાસ્ત્રમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે.

યુનિવર્સલ સ્કૂલ ઉતરોતર ધો. ૧૦ અને ધો. ૧૨માં શ્રેષ્ઠ પરિણામ આપીને વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓના હદયમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ધો. ૧૦ અને ધો. ૧૨ માં શ્રેષ્ઠ પરિણામ બદલ વિદ્યાર્થીઓને વાલીશ્રીઓને અને શિક્ષકોને શાળાના સંચાલક ડો. અરૂણભાઈ સુરાણીએ ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે.

# ગોંડલ તાલુકામાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રૂ. ૩.૭૩ લાખના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સરકારના ઓગ્મેન્ટેશન ઈન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ કાર્યરત છે. જેની બેઠકમાં કલેક્ટરશ્રી પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે કુલ રૂ. ૫૧,૨૪,૨૪૩ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જે પૈકી ગોંડલ તાલુકાના રૂ. ૩,૭૩,૦૬૮ના વિકાસ કાર્યોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. આગામી દિવસોમાં આંબરડી ગામમાં રૂ. ૧,૨૪,૨૦૮ના ખર્ચે, બેટાવડ ગામમાં રૂ. ૬૨,૭૧૭ના ખર્ચે અને નાના મહિકા ગામમાં રૂ. ૧,૮૬,૧૪૩ના ખર્ચે હયાત બોર પર પમ્પિંગ મશીનરીની કામગીરી થશે, તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં ઈજાગ્રસ્ત હાલતમાં મળેલા યુવકનું મોત; હત્યાની આશંકા

■પાંચ દિવસ પહેલા બસ સ્ટેશન પાસેથી ઈજાગ્રસ્ત મળેલા યુવકને સિવિલમાંથી રજા આપ્યાના બે'દી બાદ ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી બેશુદ્ધ મળ્યો'તો

■ઈજાગ્રસ્ત યુવક પાસેથી મળેલી સિવિલની ફાઈલમાં કોઈએ માર માર્યાનું લખાવ્યું'તુઃ મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમા એક શંકાસ્પદ બનાવ બન્યો છે જેમા ગ્રીન લેન્ડ ચોકડી પાસેથી ઈજાગ્રસ્ત હાલતમા મળી આવેલા યુવાનનુ આજે સારવારમા મોત નીપજતા તેમના મૃતદેહને સિવીલ હોસ્પીટલે પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામા આવ્યો હતો. તેમના શરીરે કોઈએ માર માર્યો હોય તેવા નિશાન જોવા મળ્યા હતા. આ ઘટનામા બી ડીવીઝન પોલીસે મૃતદેહનુ ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરાવ્યુ હતુ. આ ઘટનામા હાલ અકસ્માતે મોત થયાની એન્ટ્રી નોંધવામા આવી છે. પોસ્ટ મોર્ટમ રીપોર્ટ બાદ કોઈએ માર માર્યાનુ જાણવા મળશે તો હત્યાની કલમ હેઠળ અજાણ્યા શખ્સો વિરુધ્ધ ગુનો નોંધવામા આવશે તેવુ પોલીસમાથી જાણવા મળ્યુ છે.



વધુ વિગતો મુજબ ગઈ તા. ૧૦-૫ નાં રોજ બપોરનાં સમયે રાજકોટ એસટી બસ સ્ટેશન નજીક પાર્કીગ પાસેથી માથાનાં ભાગે ઈજા થયેલી હાલતમા એક અજાણ્યો પુરૂષ (ઉ.વ. અંદાજીત ૩૫) વાળો મળી આવ્યો હતો. તેમને ૧૦૮ મારફતે સિવીલ હોસ્પિટલે ખસેડવામા આવ્યો હતો. ત્યારે એ ડીવીઝન પોલીસ મથકમા એન્ટ્રી પડી હતી. સારવાર ચાલી રહી હતી તે સમયે આ યુવાને માથાના ભાગે ૩ ટાકા આવ્યા હતા. ડાબા ખભ્ભે ફ્રેકચર થયેલુ હતુ. ત્યારે તેમની પાસે મોબાઈલ પણ હતો અને સાંજનાં સમયે સાડા ચારેક વાગ્યે યુવાનને સારૂ થઈ જતા તે હોસ્પીટલમાથી જતો રહયો હતો. આ સમયે સિવીલ હોસ્પીટલનાં ડેસ્ક વિભાગમા કામ કરી રહેલા ચિરાગભાઈ ડાભીએ તપાસ કરતા આ યુવાનનાં ખીસ્સામાથી આધાર કાર્ડ મળી આવ્યુ હતુ જેમા આ યુવાનનુ નામ કાનારામ મંગારામ મીણા (ઉ.વ. ૩૫) રહે. મુળ રાજસ્થાન અને હાલ રાજકોટ) હોવાનુ જાણવા મળ્યુ હતુ. ત્યારબાદ તા. ૧૨-૫ નાં રોજ કાનારામ મીણા ઈજાગ્રસ્ત હાલતમા ગ્રીન લેન્ડ ચોકડી પાસેથી સવારનાં સમયે મળી આવ્યો હતો. તે સમયે ૧૦૮ મારફતે તેમને સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યો હતો. ત્યા તેમની સારવાર ચાલી રહી હતી . તે સમયે પોતે ભાનમા હોય જેથી તેમણે કોઈએ તેમને માર માર્યો હોવાનુ ડોકટરને જણાવ્યુ હતુ આ સમયે હેલ્પ ડેસ્કનાં ચીરાગભાઈ ડાભીને કાનારામનાં ખીસ્સામાથી ૪૩૦૦ રૂપીયા મળી આવ્યા હતા અને આધારકાર્ડ પણ મળી આવ્યુ હતુ . કાનારામની સારવાર ચાલુ હતી આ સમયે તેમનુ મોત નીપજતા તેમનાં મૃતદેહને પીએમ રૂમે ખસેડવામા આવ્યો હતો અને મૃતક પાસેથી મળી આવેલા મોબાઈલ નંબરનાં આધારે તેમના પરીવારજનોને જાણ કરવામા આવતા તેઓ પણ રાજકોટ પહોંચી આવ્યા હતા.

કાનારામ બે ભાઈ બે બહેનમા નાનો અને અપરણીત હતો. તેમનાં પિતા હયાત નથી . તેમજ કાનારામ ૧૦ દિવસ પહેલા જ રાજસ્થાનથી રાજકોટ રોજગારી માટે આવ્યો હતો. તેનો મોબાઈલ પણ હાલ મળ્યો નથી. તેમનાં બનેવી કાળુભાઈ મીણાએ આક્ષેપો સાથે જણાવ્યુ હતુ કે તેમના સાળા કાનારામને કોઈએ માર માર્યો છે. અને તેમના શરીરે આ ઈજાનાં નિશાન જોવા મળ્યા છે. હાલ બી ડીવીઝન પોલીસે એડી દાખલ કરી ફોરેન્સીક રીપોર્ટ આવ્યા બાદ ગુનો દાખલ કરશે તેવ જણાવ્ય હત.

### હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્ત યુવાન અંગે પોલીસે કોઈ નોંધ જ ન લીધી

તા. ૧૨ નાં રોજ ગ્રીન લેન્ડ ચોકડીથી મળી આવેલા યુવાનને સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયુ છે. ત્યારે હાલ એ સવાલ છે કે ૪ દિવસથી સિવીલ હોસ્પીટલમા સારવાર લઈ રહેલા કાનારામ મીણાનુ નિવેદન લેવા માટે પોલીસે કોઈ દરકાર દાખવી ન હતી. આ ઘટનામા જયારે યુવાનનુ મૃત્યુ નીપજયુ ત્યારે બી ડીવીઝન પોલીસ સિવીલ હોસ્પીટલે પહોંચી હતી અને તેઓને આ બનાવ હવે શંકાસ્પદ લાગતા મૃતદેહનુ ફોરેન્સીક પીએમ કરાવ્યુ હતુ. શરીરે ત્રણેક જગ્યાએ બેફામ માર માર્યાનાં નિશાન છે. બી ડીવીઝન પોલીસનાં પીઆઈ રાણે એ જણાવ્યુ હતુ કે હાલ પોલીસ ટીમ દ્વારા ઘટનાની આજુબાજુનાં સીસીટીવી ફુટેજ ચકાસી રહી છે. કાઈ શંકાસ્પદ જણાશે તો કાર્યવાહી કરવામા આવશે.

# જમીન પ્રકરણમાં ૧૦૫ વર્ષે ૮૯ લાખનું વળતર મંજુર કરતી કોર્ટ

**પાંચ હજારની લોન ભરપાઈ કરવા છતા જમીન નહીં મળતા એક તબકકે નક્કી થયેલા ૩ કરોડના વળતર સામે અપીલ થઈ'તી**

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના ગોકળદાસ અમરશીભાઈએ વર્ષ-૧૯૨૦માં જામનગર જિલ્લાના ૫-ગામોની પોતાની જમીનો રૂા.૫,૦૦૦/-ની લોન પેટે જામીનગીરી કરી આપી હતી. તેના ૮ વર્ષ બાદ તેઓએ આ લોનની ભરપાઈ કરી આપતા લોન આપનાર પાસેથી પોતાની જમીનો પરત માગી હતી. આ સમયે આ જમીનો જે તે વખતના સૌરાષ્ટ્ર રાજયએ હસ્તગત કરી હતી. તેથી વાદી ગોકળદાસે પોતાની આ જમીનો સૌરાષ્ટ્ર રાજ્ય પાસેથી પરત માગેલ, પરંતુ વહીવટી પ્રક્રિયાઓમાં લાંબા સમયના કારણે ૧૯૫૫ સુધી આ જમીનો વાદી ગોકળદાસને પરત મળેલ ન હતી. વર્ષ-૧૯૫૫માં સૌરાષ્ટ્ર લેન્ડ રિફોર્મ એકટ આવતા વાદી ગોકળદાસનો આ જમીનો ઉપરનો માલીકી હકક જતો રહ્યો હતો. ત્યારબાદ વાદી ગોકળદાસે ૧૯૬૨માં દાવો કરી સરકાર સામે દાદ માગેલ કે તેઓનો માલિકી હકક કાયદાકીય જોગવાઈઓથી જતો રહેલ ત્યાં સુધી તેઓ જમીનોના ખેતી માટે ઉપયોગ કરી શકેલ નથી અને આ રીતે તેઓને નુકશાની થયેલ છે. તેઓને પાકની નુકશાની વેઠવી પડેલ છે. તેથી તેઓને વળતર મળવુ જોઈએ. આ કેસમાં સિવિલ કોર્ટ અને ડિસ્ટ્રિકટ કોર્ટે વાદીનો આ દાવો સમય મર્યાદા બહાર રજુ થયેલ હોવાના કારણે રદ કરેલ હતો. જે સામે ગુજરાત હાઈકોર્ટે સેકન્ડ અપીલમાં આ દાવો મંજુર કરી કોર્ટ કમિશ્નર મારફત નુકશાનીની રકમ આકારવા ચુકાદો આપેલ હતો. કોર્ટ કમિશ્નરના અહેવાલ મુજબ રાજ્ય સરકારે વાદીને ૭૩ લાખ રૂપિયા ૧૯૬૨થી ૬ %ના વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કરેલ, જે હુકમ મુજબ રાજય સરકારે વાદીને રૂા. ૩ કરોડ જેવી માતબર રકમ ચુકવવાની થતી હતી. આ અહેવાલમાં કોર્ટ કમિશ્નરે જામનગર જિલ્લાના કુલ ૫ ગામોની જમીન ૧૪,૮૬૪ વીઘા હોવાની ગણતરી કરેલ હતી. આ ચુકાદા સામે રાજય સરકારે વર્ષ-૨૦૦૯માં ડિસ્ટ્રિક્ટ કોર્ટમા અપીલ કરેલ હતી. આ અપીલની આખરી સુનવણી વખતે સરકાર તરફે દલીલો કરવામાં આવી હતી કે, વાદીએ પોતાના દાવામાં જે જમીનો અંગે વળતર માગેલ છે, તે જમીનો ૧૪,૮૬૪ વિઘા નહી પરંતુ ૨૯૦૦ વીઘા જ થાય છે. આ ઉપરાંત આ જમીનો ઉપર વાદી જો ખેતી કરી શકેલ હોત તો તેઓને આવકની સમગ્ર રકમ મળવાપાત્ર ન હતી. પરંતુ ફક્ત ૧/૩ રકમ જ મળવાપાત્ર રહેતી હતી. આ ઉપરાંત સરકાર દ્વારા પ્રત્યેક વર્ષની વર્ષા ઋતુમાં થયેલ વરસાદના આંકડાઓ અને જે તે વિસ્તારમાં તે વર્ષના પાકની ઉપજના ચોકકસ આંકડાઓ રાખવામાં આવતા હોય છે. આ વિગતો મુજબ વર્ષ ૧૯૨૮થી ૧૯૪૨ સુધી વાદીની જમીનોની આજુબાજુના તમામ વિસ્તારોની ખેતીની જમીનોનો પાક પ્રતિ વીઘા ૧૨ મણનો જ હતો અને તે વખતે ૧ મણ પાકની કિંમત ૧ રૂપિયાથી લઈને ૩ રૂપિયા સુધીની મળેલ હતી. આ મુજબ ૧૪ વર્ષનો સરેરાશ કાઢતા પ્રતિ વીઘાના એક મણની આવકની કિંમત ૩ રૂપિયાથી ઓછી થતી હતી. પરંતુ કોર્ટ દ્વારા નિમાયેલ કમિશ્નરે પ્રતિ મણની આવકની કિંમત ૩ રૂપિયાથી વધુ ગણેલ હતી. આથી, સરકાર તરફેના ગેઝેટમાં આ મુજબના આંકડાઓ બંને પક્ષકારોએ રજુ કરેલા હતા, ત્યારે આ આંકડાઓથી વિરૂધ્ધની અને વધારે ઉપજ મુજબ ગણતરી થઈ શકે નહી. આ મુજબની તમામ રજુઆતોના અંતે જોઈન્ટ ડિસ્ટ્રિક્ટ કોર્ટે વાદીની કુલ જમીન ફકત ૨૯૦૦ વીઘા ગણી પ્રતિ વીઘાની ઉપજ ૧૨ મણ અને તેની કિંમત રૂા.૩ થી ઓછી ગણી ૩ કરોડના કોર્ટ કમિશ્નરના અહેવાલને ઘટાડીને ડિસ્ટ્રિક્ટ કોર્ટે આખરી એવોર્ડ રૂા. ૮૯ લાખનો કરી આપેલ છે.આ કેસમાં સરકાર વતી એ.જી.પી. કમલેશભાઈ ડોડીયા અને જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરાએ સહયોગમાં કામગીરી કરી હતી.

# રાજકોટ માર્કેટયાર્ડના વેપારીનો આર્થીક ભીંસથી કંટાળી દુકાનમાં જ ઝેરી દવા પી આપઘાત

**બે વખત કરીયાણાની દુકાન ખોલી છતા ધંધો નહિ જામતા આત્મઘાતી પગલું ભર્યું**

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ સહીત રાજયભરમા આર્થીકભીંસનાં કારણે અનેક લોકો આત્મહત્યા અને આપઘાતનાં પ્રયાસો કરતા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમા આવી રહી છે. ત્યારે વધુ એક બનાવમાં મુળ કુવાડવાનાં રફાળા ગામનાં વતની અને હાલ રાજકોટમા રહેતા વેપારીએ બે વખત કરીયાણાની દુકાન ખોલી હતી.

પરંતુ ધંધો નહી ચાલતા છેલ્લા દોઢેક માસથી રાજકોટ બેડી યાર્ડમા દુકાન ભાડે રાખી તલનો ધંધો શરૂ કર્યો હતો. પરંતુ ધંધો નહીં જામતા દેવામા ડુબેલા અને આર્થીક ભીંસથી કંટાળેલા વેપારીએ પોતાની દુકાનમા ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરીવાર અને વેપારી આલમમા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

રાજકોટમા મોરબી રોડ પર આવેલા ઓમકાર પાર્કમા રહેતા અને બેડી માર્કેટ યાર્ડમા ભાડાની દુકાન રાખી તલનો વ્યવસાય કરતા શશીકાંતભાઈ શીવલાલભાઈ ચંદારાણા નામનાં ૫૫ વર્ષના વેપારી બેડી માર્કેટ યાર્ડ ખાતે પોતાની દુકાનમા હતા ત્યારે ઝેરી દવા પી લીધી હતી. વેપારી આધેડને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા વેપારીની સારવાર કારગત નીવડે તે પુર્વે જ ફરજ પરનાં તબીબે નિષ્પ્રાણ જાહેર કરતા પરીવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો હતો.

આ અંગે કુવાડવા રોડ પોલીસને જાણ થતા કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ખાનગી હોસ્પીટલ



ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વેપારીનાં મૃતદેહને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ અર્થે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડયો હતો.

પ્રાથમીક પુછપરછમાં મૃતક શશીકાંતભાઈ ચંદારાણા મુળ કુવાડવાનાં રફાળા ગામનાં વતની હતા. અને ૩ ભાઈ ૩ બહેનમા વચેટ હતા. મૃતક શશીકાંતભાઈ ચંદારાણાને સંતાનમા એક પુત્ર અને એક પુત્રી છે . શશીકાંતભાઈ ચંદારાણાએ હળવદમા કરીયાણાનો ધંધો ચાલુ કર્યો હતો પરંતુ ધંધો નહી ચાલતા ત્યા દુકાન બંધ કરી ફરી નીકાવામા કરીયાણાની દુકાન ખોલી હતી.

પરંતુ ધંધો નહી ચાલતા નીકાવા ખાતેની દુકાન પણ બંધ કરી દીધી હતી અને છેલ્લા ૧૭ મહીનાથી રાજકોટ ખાતે રહેવા આવી ગયા હતા. અને દોઢેક માસ પુર્વે બેડી યાર્ડમા દુકાન ભાડે રાખી તલનો ધંધો ચાલુ કર્યો હતો. પરંતુ ધંધો નહીં જામતા દેવામા ડુબેલા અને આર્થીક ભીંસથી કંટાળેલા વેપારીએ પોતાની દુકાનમા ઝેર પી જીવન ટુંકાવી લીધુ હોવાનુ જાણવા મળ્યુ છે. આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં પાંચ માસમાં અકસ્માતની ૨૫૦ ઘટનાઃ ૧૦૦ લોકોના મોત

## ઓવરસ્પીડના ૧૧ હજાર કેસ નોંધી વાહન ચાલકો પાસેથી ૨.૨૦ કરોડનો દંડ વસુલાયો




**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં પુરપાટ ઝડપે વાહન ચલાવતા ચાલકો સામે ટ્રાફિક પોલીસે દંડાનિક કાર્યવાહી કર્યા છતાં રાજકોટમાં બેફામ સ્પીડે વાહન દોડાવતા વાહન ચાલકો સુધરવાનું નામ લેતા નથી. રાજકોટમાં ૫ મહિનામાં ૨૫૦ અકસ્માતમાં ૧૦૦ લોકોના મોત થયા હોવાના આંકડા મળ્યા છે.

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસના ઇન્ચાર્જ એસીપી વિનાયક પટેલે વાતચીત કરતા જણાવ્યું હતું કે, રાજકોટમાં થતા માર્ગ અકસ્માત ઘટાડવા માટે પોલીસ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. પૂરપાટ ઝડપે જતા વાહનચાલકો પર રોક લગાવવા માટે તેમજ સલામતી પૂર્વક હેલ્મેટ સાથે વાહન ન ચલાવતા લોકો સામે ખાસ કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજકોટ શહેરમાં એક ઇન્ટરસેપટર વાન ફાળવવામાં આવી છે. જેની અંદર એક સ્પીડ ગન સાથે સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવેલી હોય છે, જે ઓટોમેટિક વાહનની સ્પીડ કેપ્ચર કરે છે. જો કોઈ વાહનચાલકની સ્પીડ ૧૦૪ કરતા વધુ હોય તો તેનો સ્પીડ સાથેનો ફોટો કેપ્ચર કરી ઈ-મેમો જનરેટ કરી દેવામાં આવે છે. જેમાં પ્રથમ વખત ઓવરસ્પીડમાં રૂપિયા ૨૦૦૦ અને બીજી વખત રૂપિયા ૩૦૦૦ દંડ ફટકારવામાં આવે છે.

ચાલુ વર્ષે ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ૧૪ મે, ૨૦૨૫ સુધી કુલ ૧૧,૦૦૦થી વધુ ઓવરસ્પીડના કેસ કરી ૨.૨૦ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આ કામગીરી પોલીસે માત્રને માત્ર રાજકોટ અમદાવાદ હાઈવે પર જ કરી છે અને હવે આવતા દિવસોમાં રાજકોટ પોલીસને ફાળવવામાં આવેલ ૨૦ જેટલી સ્પીડગન આવ્યા પછી તેની તાલીમ આપી અને લગભગ આવતા મહિનાથી અન્ય વિસ્તારમાં પણ ઓવરસ્પીડ કેસ અંગે કાર્યવાહી શરૂ કરવામાં આવશે. સૌથી વધારે માર્ગ અકસ્માતમાં ફેટલ કેસમાં મૃત્યુ પામનાર વાહનચાલકોના હેલ્મેટ ન પહેરવાના કારણે ગંભીર ઈજા થતા મૃત્યુ થતું હોવાનું સામે આવ્યું છે. ચાલુ વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજકોટમાં માર્ગ અકસ્માતના ૨૫૦થી વધુ કેસો નોંધાયા છે, જેમાંથી ૧૦૦થી વધુ ફેટલ અને ૧૫૦થી વધુ નોન ફેટલ અકસ્માત સર્જાયા છે. એટલે કે, ૧૦૦થી વધુ લોકોના ફેટલ અકસ્માતમાં મૃત્યુ થયા હોવાનું સામે આવ્યું છે. ટ્રાફિકના દસ નિયમનું પાલન કરાવવા કાર્યવાહી

રાજકોટ પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક નિયમનું પાલન કરાવવા માટે અલગ-અલગ ૧૦ જેટલા નિયમો ઉપર મુખ્યત્વે ધ્યાન આપી કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ડ્રાઈવિંગ લાયસન્સ, બ્લેક ફિલ્મ, રેડ લાઈટ સિગ્નલ ક્રોસિંગ, ચાલુ વાહને ફોન પર વાત કરનાર, હેલ્મેટ વગર વાહન ચલાવનાર, રોન્ગ સાઈડ વાહન ચલાવનાર, ટુ-વ્હીલરમાં બે કરતા વધુ લોકો જતા હોય તો, ઓવરસ્પીડ અને ફેન્સી નંબર પ્લેટ રાખનાર સામે રૂપિયા ૧૦૦થી લઈ અને ૩૦૦૦ સુધી દંડ ફટકારવામાં આવી રહ્યો છે.

### દંડ નહીં ભરનારનું લાયસન્સ રદ્ કરાશેઃ એસીપી ટ્રાફિક

દંડ ન ભરનારનું લાયસન્સ રદ કરવા કાર્યવાહી રાજકોટ શહેરમાં ટ્રાફિક નિયમોનું ચુસ્ત પણે પાલન થાય તેમજ વાહનચાલકો અને રાહદારીઓને કોઈ પણ પ્રકારે મુશ્કેલી ન સર્જાય તે માટે પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોની અમલવારી ચુસ્ત પણે કરાવવામાં આવી રહી છે. ટ્રાફિક નિયમનો ભંગ કરતા વાહનચાલકો સામે પોલીસ દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે. વારંવાર નિયમોનું ભંગ કરી દંડની ભરપાઈ ન કરે તેવા વાહનચાલકો સામે પોલીસ કડક કાર્યવાહી કરી તેમના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટેની ભલામણ પણ આરટીઓ વિભાગને કરી રહ્યું છે.

# રાજકોટમાં યુવાન ઉપર ઈલેક્ટ્રિક બાઈકના શો-રૂમમાં લોખંડનો રેમ્પ માથે પડતા મોત

**ટ્રકમાંથી બાઈક ઉતારતી વેળાએ ઘટી ઘટના; પરિવારમાં કલ્પાંત**



**સમય મિરર | રાજકોટ**

શહેરનાં કોઠારીયા કોલોનીમા રહેતો પાર્થ પ્રવિણસિંહ વાળા (ઉ.વ. ૨૬) નામનો યુવાન આજે સવારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર શિતલ પાર્ક નજીક સ્પાયર ૨ નામના બિલ્ડીંગમા જય ગણેશ એથર બાઈકનાં શોરૂમમા હતો ત્યારે ટ્રકમાથી ઈલેકટ્રીક બાઈક ઉતારી રહ્યો હતો દરમ્યાન ઈલેકટ્રીક બાઈક ટ્રકમાથી ઉતારવા માટે રાખવામાં આવેલો લોખંડનો રેમ્પ માથે પડતા યુવાનને માથાનાં ભાગે ગંભીર ઈજા થતા બેભાન થઈ ઢળી પડયો હતો. જેથી તેને ઈજાગ્રસ્ત હાલતમા સારવાર માટે સિવીલ હોસ્પીટલમા ખસેડવામા આવ્યો હતો. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનુ મોત નીપજયુ હતુ. આ અંગે સિવીલ ચોકીનાં સ્ટાફે પ્રાથમીક નોંધ કરી યુનિવર્સીટી પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પીટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમીક તપાસમા મૃતક પાર્થ બે ભાઈ એક બહેનમા મોટો અને અપરણીત હતો. હજુ બે દિવસ પહેલા જ એ શોરૂમમા કામે લાગ્યો હતો. ત્યારે યુવાન પુત્રનાં મોતથી રજપુત પરીવારમા ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે .

# રાજકોટમાં ખાનગી હોસ્પિટલના કર્મચારીએ આજી ડેમ બગીચામાં ઝેર પી જીવન ટૂંકાવ્યું

**આઘાતનું કારણ અકબંધ; યુવાનના મોતથી પરિવારમાં કરૂણ કલ્પાંત**

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં રહેતા અને ખાનગી હોસ્પિટલના કર્મચારીએ અગમ્ય કારણસર આજીડેમ બગીચામાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં યુવકનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ મવડી પ્લોટમાં ૪૦ ફૂટ રોડ પર માટેલ સોસાયટીમાં રહેતા ભાવિન કિશોરભાઈ ગોહિલ (ઉ.વ.૩૪) નામના યુવાને આજે બપોરે આજીડેમ બગીચામાં ઝેરી દવા પી લીધી હતી. જેથી તેને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબો દ્વારા તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. જ્યાં યુવકનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.



પ્રાથમિક તપાસમાં આપઘાતનો પ્રયાસ કરનાર ભાવિન બે ભાઈમાં નાનો અને ખાનગી હોસ્પિટલમાં બિલિંગ વિભાગમાં નોકરી કરતો હતો. તેને સંતાનમાં બે પુત્રી હોવાનું જાણ મળ્યું છે. ભાવિને આ પગલુ શા માટે ભરી લીધું તે અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# એટ્રોસિટી એકટ અને ધમકી આપ્યાના ગુનામાં આરોપીની જામીન અરજી મંજુર કરતી કોર્ટ

**ફરિયાદીને ફોન ઉપર જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી ધમકી આપવાના કેસમાં ધરપકડ થઈ'તી**

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રહેતા ફરિયાદી કુશલ હમીરભાઈ વેરયા સગાના ઘરે તેના પરિવાર સાથે ગયા હતા ત્યારે અજાણ્યા નંબર પરથી ફોન આવેલ અને ફોનમાં કહેલ કે હું દિવ્યરાજસિંહ ઝાલા બોલું છુ તે દારૂના કેસ માં કેમ મારું નામ કેમ આપેલ? હવે તું ઘરેથી બહાર નીકળતો નહિ રાજકોટમાં દેખાઈશ તો તને જાનથી મારી નાખીશ. તારે મારી ઉપર એટ્રોસિટીની ફરિયાદ કરવી હોઈ તો કરી દેજે તેમ કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યા હતા. બીજા દિવસે ખુસલને શક્તિસિંહે ફોન કરી દિવ્યરાજના ભાઈ હોવાની ઓળખ આપી દિવ્યરાજ ઝાલાનું નામ કેસમાં આપેલ હતું તારે ફરિયાદ કરવી હોઈ તો કરી દેજે જો ફરિયાદ કરીશ તો છરીના ઘા મારી દઈશ તેમ કહી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યો હોવાની ફરિયાદી દ્વારા એટ્રોસિટી એકટ અને



એડવોકેટ

ધમકી આપ્યાની યુનીવર્સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જે કેસમાં દીવ્યરજિસંહ ઝાલા દ્વારા તેના વકીલ મારફત જામીન મુક્ત થવા કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જે કે ચાલી જતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી દિવ્યરાજસિંહ ઝાલાને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી રાજકોટના ધરાસાસ્ત્રી અશ્વિનભાઈ ગોસાઈ, ચિત્રાંક એસ. વ્યાસ, નેહા પી.રાવલ, રવિ મૂલીયા, કશ્યપ ઠાકર, બીનાબેન પટેલ, ભાવિન રૂઘાની, હાજીભાઈ કાંટેલિયા, સાગર પ્રજાપતિ, સચિન ગોસ્વામી, આસિસ્ટન્ટ રાજુભાઈ ગોસ્વામી, યસ ભીંડોરા, રીનાબેન સરના, વૈશાલી ચાવડા, પ્રશાંત શુક્લા અને ધનરાજસિહ જાડેજા રોકાયા હતા.

**૧૯૧૮ નંગ ફેવીકવીક જપ્તઃ ત્રણેય આરોપીના નિવેદન નોંધાયા**

# રાજકોટમાં નકલી ફેવિક્વિકનો વેપલો કરતી વેપારી ત્રિપુટી સામે ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના ગાંધીગ્રામના એસકે ચોકમાં ત્રણ દુકાનમાં દરોડા પાડવામાં આવતાં ત્યાંથી ત્રણ વેપારી ડુપ્લીકેટ કેવીકિવક વેચતા હોવાનું માલુમ પડયું હતું તેમની સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. તેમજ ડુપ્લીકેટ ફેવીક્વિક ૧૯૧૮ નંગ કબજે કર્યા છે.

બનાવની વધુ વિગતો અનુસાર ઉતરપ્રદેશના ગાજીયાબાદના આકાશનગરમાં રહેતા અંકુરશર્મા રાજકુમાર શર્મા પંડિત (ઉ.વ.૩૦)ની ફરિયાદ પરથી ગાંધીગ્રામ એસ.કે. ચોકમાં રહેતા મુકેસ રમેશ ડાંગર, આશીષ દિનેશભાઈ વાઢીયા અને દિપક સોસાયટી મેઈન રોડ પર રહેતા રવિ હરસુખલાલ રાપપુરાનું નામ આપતાં તેમની સામે કોપીરાઈટ એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલે ગાંધીગ્રામ પોલીસનાં હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી તપાસ ચલાવી રહ્યાં છે.



ફરિયાદી અંકુર શર્માએ જણાવ્યું હતું કે તેઓ નોઈડા ખાતે આવેલ સેમીના લીગલ એડવોકેટસ એન્ડ સોલીસીટોરર્સ નામની કંપનીમાં ફીલ્ડ એકઝીકયુટર તરીકે દોઢ વર્ષથી નોકરી કરે છે. આ કંપનીને ફેવીકવીક કે ફેવીકોલનું લોગો કે ચિત્રોનું કોપી કરી વેચાણ કરે તો તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી છે. ભારતમાં અલગ અલગ શહેરીમાં દુકાનો પર જઈ ફેવીકોલ અને ફેવીકવીકની ખરીદી કરીએ છીએ અને તેમાં ચિત્રો કે લખાણનું કોપીરાઈટ અંગે જણાય આવે તો પોલીસ સ્ટેશનને જાણ કરી વેપારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવે છે. તા.૧૫/૦૫નાં રોજ સાંજે ગાંધીગ્રામ વિસ્તારમાં એસ કે.ચોકમાં અલગ અલગ દુકાનોમાં તપાસ કરતાં ત્યાં ત્રણ દુકાનોમાં ડુપ્લીકેટ ફેવીકવિક વેંચાતી હોવાનું માલુમ પડતાં ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં હેડકોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી, રોહિતદાન ગઢવી અને શબ્બીરભાઈ મલેક સહિતનાને સાથે રાખી તેમજ પંચોની હાજરીમાં તપાસ કરાવી ત્રણ વેપારી મુકેશ રમેશ ડાંગર, આશિષ દિનેશભાઈ વાઢીયા અને રવિ હસમુખલાલ રાપયુરાને ત્યાંથી ડુપ્લીકેટ કેવીકવિક મળી આવી હતી અને તેઓની સામે કોપીરાઈટ એકટ હેઠળ ગુનો નોંધી ત્રણેષ પાસેથી કુલ ૧૯૧૮ નંગ ફેવીકવિક સહિત રૂા.૯૫૯૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

OPERATION SINDOOR

### કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ભૂજ એરબેઝની મુલાકાત લઈ સૈનિકોનો જુસ્સો વધાર્યો

# ભૂજ એરબેઝ ભારતની મોટી તાકાત : રક્ષામંત્રી

**▸ ૧૯૬૫ અને ૧૯૭૧ બાદ ભૂજ ફરી એક વખત યુદ્ધનું સાક્ષી બન્યું, હજુ દુશ્મનને ફિલ્મ બત્તાવાશે : રાજનાથસિંહ**

**▸ નાસ્તાના સમયમાં ભારતીય સૈન્યએ દુશ્મનનો જમણવાર કર્યો, તમને સલામ છે : સરક્ષણ પ્રધાન**

**સમય મિરર | ભૂજ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતના 'ઓપરેશન સિંદૂર'એ પાકિસ્તાનને ઘૂંટણિયે લાવી દીધું હતું. આ ઓપરેશન દરમિયાન પાકિસ્તાની ડ્રોન કચ્છ જિલ્લામાં પણ દેખાયાં હતાં. ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહ બે દિવસના ગુજરાતના પ્રવાસે છે. તેઓ (શુક્રવારે) ભુજ એરબેઝની મુલાકાતે પહોંચ્યા હતા, જ્યાં એરફોર્સ, BSF અને આર્મીના અધિકારીઓ-જવાનો સાથે ચર્ચા કર્યા બાદ જવાનોનો જુસ્સો વધારવા સંબોધન કર્યું હતું. ત્યારબાદ તેમણે સ્મૃતિવનની મુલાકાત લીધી હતી. એરબેઝની મુલાકાત બાદ અર્થક્વેક મેમોરિયલ પાર્કની મુલાકાતે પહોંચ્યા હતાં. સાંસદ વિનોદ ચાવડા સાથે કચ્છના તમામ ૬ ધારાસભ્યો પણ સ્મૃતિવન હાજર રહ્યા હતાં.





સૈનિકોનો જુસ્સો વધારતાં રક્ષામંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે હું તમને અભિનંદન આપવા આવ્યો છું. હું ગઈકાલે જ શ્રીનગરમાં બહાદુર સૈન્ય સૈનિકોને મળીને પાછો ફર્યો છું. હું આજે તમને મળી રહ્યો છું. તમે ઓપરેશન સિંદૂરમાં ચમત્કારિક કામ કર્યું છે. તમે ભારતને ગર્વ અનુભવ કરાવ્યો છે. હું આપણા સૈનિકોને સલામ કરું છું. મને તમારા બધાની વચ્ચે રહીને ગર્વ થાય છે. ભુજ ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધોમાં આપણી જીતનું સાક્ષી રહ્યું છે અને આજે પણ તે ઓપરેશન સિંદૂરની સફળતાનું સાક્ષી છે. ભારતે ધોળે દિવસે પાકિસ્તાનને તારા દેખાડ્યા છે. હું તમામ જવાનોને અભિનંદન આપું છું. ઓપરેશન સિંદૂર દરમિયાન જવાનોએ પરાક્રમ જ નથી દેખાડ્યું, પણ દુનિયાને પ્રમાણ પણ આપ્યું છે કે હવે જૂનું નહીં, નવું ભારત છે.

તમારી ઊર્જા જોઈને મને ઉત્સાહ થાય છે. ઓપરેશન સિંદૂર નામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપ્યું છે. આ કામગીરીમાં તમે જે કર્યું છે એના પર બધા ભારતીયોને ગર્વ છે. પાકિસ્તાનની ધરતી પર ઊગતા આતંકવાદના અજગરને કચડી નાખવા માટે ભારતીય સેના માટે ૨૩ મિનિટ પૂરતી હતી. લોકોને નાસ્તો અને પાણી આપવામાં જેટલો સમય લાગે છે એટલા સમયમાં તમે તમારા દુશ્મનો સાથે વ્યવહાર કર્યો છે.

ભુજ એરબેઝ પાકિસ્તાન સરહદથી ૧૬૦ કિલોમીટર દૂર છે અને એરબેઝ ભારતની મોટી તાકાત છે. વર્ષ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન આ એરબેઝે ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પાકિસ્તાને રનવેને નુકસાન પહોંચાડ્યું હતું, પરંતુ ગુજરાતની મહિલાઓએ પોતાની બહાદુરીથી રાતોરાત રનવે ફરીથી બનાવ્યો હતો. આજે રક્ષામંત્રી રાજનાથ સિંહ તેમની મુલાકાત દરમિયાન પાકિસ્તાન સાથેની સરહદ પર સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે. જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ હતો ત્યારે ભુજ શહેરમાં બ્લેકઆઉટ કરી દેવામાં આવ્યું હતું. કચ્છમાં ઘણાં પાકિસ્તાની ડ્રોન તોડી પાડવામાં આવ્યાં હતાં.

### ભારત માત્ર વિદેશમાંથી ઈમ્પોર્ટ કરેલાં હથિયાર પર નિર્ભર નથી

રક્ષામંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે દુનિયાએ તણાવ વચ્ચે ભારતની તાકાત જોઈ છે, મને જવાનો પ્રત્યે ગર્વ છે. ભારત માત્ર વિદેશમાંથી ઈમ્પોર્ટ કરેલાં હથિયાર પર નિર્ભર નથી, બ્રહ્મોસ મિસાઈલની તાકાતને પાકિસ્તાને જોઈ લીધી છે. ઓપરેશન સિંદૂરનું નામ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યું હતું. આ ઓપરેશનમાં તમે લોકોએ જે કર્યું એ કાબિલેદાદ છે. આતંકવાદ વિરુદ્ધ ચલાવેલા આ અભિયાનનું નેતૃત્વ એરફોર્સે કર્યું છે.

### તંત્રની બેદરકારીનો ભોગ બનતા માસુમ પ્રજાજનો

# પાઈપલાઈનમાં દુષિત પાણી ભળી જતાં ૧૨ બાળકો સહિત ૨૨ મહિલાને કોલેરા

### નડિયાદના શાંતિ ફળિયાને કોલેરાગ્રસ્ત જાહેર કરાયું : આરોગ્ય તંત્ર દોડતું થયું

**સમય મિરર | નડિયાદ**

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જેના કારણે રોગચાળો ફેલાઈ રહ્યો છે. ત્યારે ખેડાના નડિયાદના શાંતિ ફળિયા વિસ્તારમાં કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. શાંતિ ફળિયામાં ઝાડા-ઉલટીના કેસ વધ્યા હતા. જેના કારણે આરોગ્ય વિભાગ દોડતું થયું છે. સિવિલ હોસ્પિટલમાં ૧૨ બાળક સહિત ૨૨ મહિલાને દાખલ કરવામાં આવી છે.

ખાનગી હોસ્પિટલમાં પણ દર્દીઓ સારવાર હેઠળ છે. રોગચાળો વકરતા કલેક્ટરે જાહેર બહાર પાડ્યું છે. પીવાના પાણીની પાઈપલાઈન દૂષિત પાણી ભળી જતા કોલેરા ફેલાયો હતો. પાઈપલાઈનમાં લીકેજ હોવાથી પીવાની પાઈપલાઈનમાં પાણી ભળી જતા કોલેરા ફેલાયો હતો. મનપાએ પાઈપલાઈનમાં લીકેજ શોધી રિપેરિંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

પીવાની પાઈપલાઈનમાં દૂષિત પાણી ભળી જતા લોકોના ઘરે પણ દૂષિત પાણી આવતું હોવાની ફરિયાદો છે. જેના કારણે ઝાડા-ઉલટીના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. સિવિલ હોસ્પિટલમાં બાળકો સહિત મહિલાઓ દાખલ છે.મનપાનું આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે. આ તાત્કાલિક ધોરણે તંત્રએ પાઈપલાઈનમાં લીકેજ શોધી રિપેરિંગનું કામ શરૂ કર્યું છે. કલેક્ટરના જાહેરનામા બાદ સિવિલમાં અલગથી આઈસોલેશન વોર્ડ પણ તૈયાર કરાયો છે. અહીંના લોકોને ગરમીમાં બહારનું ખાવાનું ટાળવાની અને બપોરના સમયે કામ વગર બહાર ન નીકળવાની નિષ્ણાંતો દ્વારા સલાહ આપવામાં આવી છે.






# લુણાવાડામાં પાંચ વર્ષની માસુમ ભત્રીજી પર કૌટુંબિક કાકાનું દુષ્કર્મ

### અવાવરુ જગ્યાએ છોડી ભાગી ગયો નરાધમ : પંથકમાં ચકચાર

**સમય મિરર | મહિસાગર**

મહીસાગર જિલ્લામાં હૈયુ કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. લુણાવાડા પોલીસ મથક વિસ્તારમાં ગઈકાલે પાંચ વર્ષની બાળકી પર હેવાન બનેલા કૌટુંબિક કાકાએ બળાત્કાર ગુજાર્યો છે. આ ઘટનાએ સમગ્ર મહીસાગર જિલ્લામાં ચકચાર મચાવી દીધો છે. લુણાવાડા પોલીસ મથક વિસ્તારમાં ગત રોજ પાંચ વર્ષની બાળકી પર કૌટુંબિક કાકાએ બળાત્કાર ગુજારી બાળકીને અવાવરૂ જગ્યાએ છોડી ભાગી ગયો હતો.

બાળકીના માતા પિતાને સમગ્ર ઘટના વિશે જાણ થતાં તેમને બાળકીની શોધખોળ શરૂ કરી અને જંગલ વિસ્તારમાં આવેલી કેનાલ પાસેથી બાળકી મળી આવી હતી, ત્યારબાદ બાળકીની હાલત ખરાબ હોવાને કારણે લુણાવાડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી. આ બાબતની જાણ પોલીસને કરવામાં આવતા મહીસાગર પોલીસે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા અને અલગ અલગ ટીમ બનાવી ટેક્નીકલ સોર્સ અને ડ્રોન કેમેરાની મદદ આરોપીની શોધખોળ હાથ ધરી હતી, ત્યારબાદ આજે વહેલી સવારે જ આરોપીને દબોચી લેવામાં આવ્યો હતો. આરોપીની ધરપકડ કર્યા બાદ પોલીસ દ્વારા પૂછપરછ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને બાળકીની હાલત ગંભીર હોવાને કારણે લુણાવાડા ખાનગી હોસ્પિટલમાંથી અને ગોધરા હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવી છે.

# અલંગ શિપયાર્ડમાં ૧૦ માળનું ૧૧૭૮૦ મેટ્રિક ટનનું ક્રૂઝ જહાજ આવ્યું ભંગાવવા

### ૧૯૮૦ની સાલમાં બનાવેલ ક્રૂઝનું આગમન થતાં વેપારીઓમાં ખુશીનો માહોલ

**સમય મિરર | ભાવનગર**

ભાવનગરના અલંગમાં શિપ ભંગાવવા માટે આવ્યું છે, ૧૧૭૮૦ મેટ્રિક ટનનું ક્રુઝ શિપ ભંગાણ અર્થે આવ્યું છે જેના કારણે વેપારીઓમાં પણ એક ખુશીનો માહોલ છે કેમકે અલંગમાં આવા મોટા શિપ ભંગાણ માટે આવતા હોય છે, વર્ષ ૧૯૮૦માં બનેલા ક્રુઝ શિપમાં ૧૦ માળ, ૪૭૬ કેબીન છે, શિપમાં ૧૪૦૦થી વધુ મુસાફર અને ૩૦૦થી વધુ ક્રૂ મેમ્બરની ક્ષમતા છે.



શિપ બ્રેકીંગ વ્યવસાયમાં લાંબા ગાળા બાદ ૧૧૭૮૦ મેટ્રિક ટનનું ક્રુઝ શિપ ભંગાણ અર્થે આવ્યું છે, જેમાં ૪૭૬ કેબીન અને ૧૦ માળનું ક્રુઝ શિપ અલંગમાં આવ્યું છે, અલંગના પ્લોટ નંબર ૧૫માં ક્રુઝને બીચ કરવામાં આવ્યું હતુ અને ૧૯૮૦માં બનેલ ક્રુઝ શિપ વાયકિંગ સાગાને બનાવવામાં આપ્યું હતું.

વર્ષ ૨૦૨૪ના શરૂઆતના ૯ મહિના દરમિયાન કુલ ૭૩ જહાજ અલંગનો કાંઠો અડકવામાં સફળ રહ્યા છે, અને તેનું કુલ વજન ૫૩૭૭૫૯.૪૯ મે.ટન છે. સપ્ટેમ્બર માસ દરમિયાન અલંગમાં ફક્ત ૬ જહાજ બીચ થયા છે, અને તેનું કુલ વજન ૩૮,૩૮૮ મે.ટન છે. સપ્ટેમ્બર-૨૦૨૩ દરમિયાન અલંગ ખાતે કુલ ૧૨ શિપ બીચ થયા હતા અને તેનું કુલ વજન ૬૫૪૮૯.૭૮ મેટ્રિક ટન હતુ. આ શિપ વિશ્વામાં અલગ-અલગ જગ્યાએ ફરીને આવ્યું છે અને તેની ક્ષમતા પૂર્ણ થતા તેને ભંગાર માટે મોકલાયું છે.

આ ગામનો જહાજવાડો વર્તમાન સમયમાં વિશ્વભરમાં જહાજ તોડવાના સ્થળ તરીકે જાણીતો થયેલ છે. અંગ્રેજી ભાષામાં અલંગને શીપીંગ બ્રેક યાર્ડ કહેવામાં આવે છે. એશીયા નું સૌથી મોટુ જહાજ ભાંગવાનુ સ્થળ અહિંયા છે, જ્યાં દરેક જાતનાં નાનાં-મોટાં જહાજો (ટેન્કર, મુસાફરવાહક, માલવાહક વગેરે) ભાંગીને દરેક ભાગ અલગ કરવામાં આવે છે.જહાજને તોડી નાખવાથી મળતા લોખંડ, કાંચ, પ્લાસ્ટિક, એલ્યુમિનિયમ, લાકડાંનું રાચરચીલું તેમ જ અન્ય વસ્તુઓને લગતા વેપારધંધા તેમજ ઉદ્યોગો પણ અહીં વિકાસ પામ્યા છે.

# મહુવામાં પિતૃ નડતર જોવા આવેલા પાખંડી ભૂવાએ પરિવારની યુવતી પર આચર્યું દુષ્કર્મ

### ગર્ભ રહી જતા સમગ્ર ભાંડો ફૂટતા પોલીસ ફરિયાદ : ભૂવાને ઝડપીલેવા શોધખોળ

**સમય મિરર | ભાવનગર**

ભાવનગર જિલ્લાના મહુવા પંથકમાં એક પરિવારમાં પિતૃ નડતર હોય જે માટે ભૂવાને બોલાવ્યા હતા જે બાદ ભૂવાએ તે જ પરિવારની એક યુવતી સાથે ખરાબ નજર કરી, યુવતી ઘરે એકલી હતી તે વેળાએ તેના ઘરે પહોંચી યુવતી સાથે બળબજરી કરી, દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ તેમ ધમકી આપી ફરાર થઇ ગયો હતો જે બાદ યુવતી ગર્ભવતી થતાં પરિવારના સભ્યોએ યુવતીને હિંમત આપી હતી અને યુવતીએ પાખંડી ભૂવા વિરૂદ્ધ બગદાણા પોલીસ માં દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી આરોપી ભૂવાની શોધખોળ શરૂ કરી છે.

મહુવા પંથકમાં રહેતી એક યુવતીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પરિવારમાં પિતૃ નડતર હોય જેથી તેમના પરિવારના સભ્યોએ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના પિપળવા ગામનો ભૂવો ધિરૂભાઇ ભુંકણને બોલાવેલ હતો જે બાદ આ ભૂવાએ ભૂવા સ્થાપવાનું કામ પૂર્ણ કરેલ અને અવાર નવાર આધેડ ધિરૂ ભુંકણ તેના કુટુંબ પરિવારમાં આવ-જા કરતો હતો જેમાં ભૂવાએ યુવતી સામે જોયા કરતા હતા અને ગત દિવાળીના થોડાક દિવસ અગાઉ યુવતી ઘરે એકલી હતી તે વેળાએ આ ધિરૂ ભુંકણ તેના ઘરે પહોંચ્યો હતો અને સીધો જ રૂમમાં ઘુસી, યુવતી પાસે પાણી માંગ્યુ હતું અને બાદમાં પાણી આપવા આવેલી યુવતીનું બાવડું પકડી, ચુંબન કરી, રૂમનું બારણું બંધ કરી દિધેલ હતું અને યુવતી સાથે બળજબરી કરી દુષ્કર્મ આચરી ફરાર થયો હતો અને જતા જતા આ ભૂવાએ કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ તેમ ધમકી આપતા આજ દિન સુધી યુવતીએ કોઈને જાણ કરી ન હતી અને બાદમાં અચાનક પેટમાં દુઃખાવો ઉપડતાં સમગ્ર ભાંડો ફુટ્યો હતો અને પરિવારના સભ્યોએ યુવતીને હિંમત આપતા યુવતીએ પાંખડી ભૂવો ધિરૂ ભુંકણ વિરૂદ્ધ બગદાણા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પિડીતા ઘરે હતી તે વેળાએ તેમની મોટી બહેન ઘરે રોકાવા આવી હતી તે વેળાએ પિડીતા યુવતીને પેટમાં દુઃખાવો ઉપડ્યો હતો અને સારવાર દરમિયાન પિડીતાને સાડા સાત માસનો ગર્ભ હોવાનું જાણવા મળતા, સમગ્ર હકીકત પિડીતાએ તેની મોટી બહેન સામે વર્ણવતા ભૂવા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# ચોટીલામાં પીધેલા સામે કાર્યવાહી કરતા પોલીસ કર્મચારીને માર માર્યો

### ત્રણ મહિલા સહિત સાત સામે ફરજ રૂકાવટની ફરિયાદ નોંધાઈ

**સમય મિરર | ચોટીલા**

ચોટીલામાં મારામારીના બનાવમાં નોંધાયેલ એમએલસીની કાર્યવાહી દરમિયાન એમએલસી લખાવનાર પીધેલી હાલતમાં હોઈ તેની સામે પોલીસે કાર્યવાહી હાથ ધરતા ત્રણ મહિલા સહિત ૭ આરોપીએ પોલીસની ફરજમાં રૂકાવટ કરી પોલીસ કર્મીને માર માર્યો હતો. આ અંગે ચોટીલા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

ગત તા. ૧૪મીએ બપોરે થાન રોડ પર થયેલ મારામારીની એમએલસી પોલીસ સ્ટેશને આવી હતી. જે રામભાને મળતા અને એમએલસી લખાવનાર કીરીટ જયંતીભાઈ બટુકીયા પોલીસ મથકે આવ્યા હોય આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કીરીટ સાથે પ્રતાપ રણજીતભાઈ ઓવાલીયા, દીલીપ વલ્લભભાઈ વાઘેલા અને સુધીર દીલીપભાઈ વાઘેલા આવ્યા હતા. આ દરમિયાન કીરીટ કેફી પીણુ પીધેલી હાલતમાં તેઓ પીએસઓ સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. આથી રામભા તેઓને નજીકની રૂમમાં લઈ ગયા હતા. જયાં કીરીટ પોલીસ પર ખોટા આક્ષેપો કરતો હોય તેને રામભા સમજાવતા હતા. ત્યારે ૩ અજાણી મહિલા આવી હતી અને તેઓ રામભા સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. જેમાં દીલીપે રામભાને હાથે બચકુ ભરી લીધુ હતુ. જયારે દીલીપ અને મહિલાઓએ નખથી ઈજા પહોંચાડી હતી. આ સમયે કીરીટ સામે કાયદેસરની કાર્યવાહી ન થાય તે માટે દીલીપે પોતાનુ માથુ રૂમની દીવાલ સાથે ભટકાડી પોલીસ પર દબાણ લાવવા પ્રયાસ કર્યો હતો. તેને માથામાં લોહી નીકળતુ હોઈ દવાખાને લઈ જવાયો હતો. જયારે કીરીટ સામે પ્રોહીબીશનનો ગુનો નોંધી રામભાએ પણ સરકારી રેફરલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. આ સમગ્ર બનાવની એએસઆઈ રામભાએ કીરીટ જયંતીભાઈ બટુકીયા, પ્રતાપ રણજીતભાઈ ઓવાલીયા, દીલીપ વલ્લભભાઈ વાઘેલા, સુધીર દીલીપભાઈ વાઘેલા અને ૩ મહિલા સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ ચોટીલા પોલીસ મથકે નોંધાવી છે. બનાવની વધુ તપાસ પીએસઆઈ બી.એન.ગળચર ચલાવી રહ્યા છે.



# લીલો ઘાસચારો ખાધા બાદ ૩૬ ગાયોના મોત, ૧૫ની હાલત ગંભીર

### ડીસાના બળોધર ગામની પાંજરાપોળમાં બનેલો બનાવ

**સમય મિરર | ડીસા**

ડીસાના બળોધર ગામમાં ભીલજીયાજી પાંજરાપોળમાં અચાનક ૩૬ ગાયના મોતથી આસપાસના વિસ્તારમાં ચકચારી મચી છે. મળતી માહિતી અનુસાર લીલો ઘાસચારો ખાધા બાદ ગાયોના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

પશુધન નિરીક્ષક તબીબોએ ગાયોના પોસ્ટમાર્ટમ કર્યું હતુ. જેના રિપોર્ટમાં પણ ઘાસચારાના કારણે ગાયોનું મોત થયું હોવાનો ખુલાસો થયો છે. થોડા સમયમાં જ ૩૬ ગાયના મોતથી સંચાલકો પણ દોડી આવ્યાં હતા. જ્યારે અન્ય ૧૫ ગાયને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ખસેડાઈ છે.

ઉલ્લેખનીય છે ડીસાના બળોધર ગામમાં આવેલા પાંજરાપોળમાં એક સાથે ૩૬ ગાયના મોતથી તંત્ર પણ દોડતું થયું હતુ. પશુ તબીબો દ્વારા કરવામાં આવેલા પોસ્ટમર્ટમના રિપોર્ટ અનુસાર વધારે ગરમીના કારણે ઘાસચારામાં બફારો થયો હતો. જેથી આ ઘાસ ગાયોએ ખાતા તેમના મોત નિપજ્યાનો ખુલાસો થયો છે. જ્યારે અન્ય ૧૫ ગાયને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ખસેડાઈ છે.